RNI NO GUJGUJ/2005/23814
LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !
JAMNAGAR
www.aaspassdaily.com
LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ
● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭
● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૧૪    સોમવાર, તા.૨૨-૦૪-૨૦૨૪    અંક : ૧૦૦    વર્ષ : ૧૯    jamnagar@aaspassaindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# જો ૮ માની જાય તો સુરતમાં ભાજપ બિનહરીફ

## બપોરે બાર સુધીમાં સાત માની ગયાનું જણાવતા સુત્રો : આજે બપોરે ત્રણ સુધી ઉમેદવારી પાછી ખેંચવાનો સમય

સુરત,

સુરત લોકસભા બેઠક પર છેલ્લા બે દિવસથી ચાલી રહેલા રાજકીય ડ્રામાને અંતે રવિવારે બપોરે ચૂંટણી અધિકારી ડો. સૌરભ પારધીએ કોંગ્રેસના ઉમેદવાર નીલેશ કુંભાણીનું ફોર્મ રદ જાહેર કર્યું હતું. કુંભાણીના ટેકેદાર બનેવી, ભાણિયો અને ભાગીદાર ચૂંટણી અધિકારી સમક્ષ હીયરિંગમાં હાજર જ થયા નહીં. બીજી તરફ ચૂંટણી અધિકારીએ કરેલી તપાસમાં ત્રણેય ટેકેદારોની અસલ સહી ઉમેદવારી



પત્રમાં કરેલી સહી સાથે મેચ થઈ નહીં. એટલું જ નહીં ટેકેદારોને ધાકધમકી કે દબાણ પણ કરવામાં આવ્યું ન હોવાનું તપાસમાં ફલિત થતાં ફોર્મ અમાન્ય જાહેર કરાયું હતું.

આજે ફોર્મ ખેંચવાનો છેલ્લો દિવસ છે ત્યારે સુરત બેઠક પર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરિફ થાય તો નવાઈ નહીં. કારણ કે ભાજપે અપક્ષ સહિત ૮ ફોર્મ પાછા ખેંચવાની કવાયત હાથ ધરી છે, જેમાં સાત માની ગયાનું આધારભૂત સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. બાકીના એકને યેનકેન પ્રકારે બેસાડી દેવા મથામણ ચાલી રહી છે.ભાજપની આ કવાયત સફળ રહી તો બપોરે ત્રણ સુધીમાં આ ઉમેદવારો ફોર્મ પાછું ખેંચી લેશે અને ભાજપ આ બેઠક પર બિનહરીફ થશે.

રવિવારે મોડી રાતથી જ આ ૮ ઉમેદવારો સોમવારે ફોર્મ પાછા ખેંચી લેવાની કવાયત પણ ભાજપ દ્વારા કરવામાં આવી હતી. તેમાંથી બપોરે બાર સુધીમાં સાત ઉમેદવારો લગભગ માની ગયા હોવાનું ભાજપના આધારભૂત સૂત્રોનું કહેવું છે. આજે બપોરે ત્રણ વાગ્યા સુધીમાં સમગ્ર ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

## મણિપુરમાં ૧૧ બૂથ પર આજે ફરી મતદાન
### ૧૯ એપ્રિલે આ બૂથ પર હિંસા અને તોડફોડ થઈ હતી

ઈમ્ફાલ,

મણિપુરમાં ઈનર મણિપુર લોકસભા મતવિસ્તારના ૧૧ મતદાન મથકો પર ૨૨ એપ્રિલે ફરી મતદાન થશે. ચૂંટણી પંચે આ અંગે આદેશ જારી કર્યો હતો. લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાન દરમિયાન ૧૯ એપ્રિલે આ બૂથ પર હિંસા અને તોડફોડ થઈ હતી.જે ૧૧ બૂથ પર પુનઃ મતદાન થશે તેમાં સજેબ, ખુરાઈ, થોંગમ, લેકાઈ બમન કંપુ (ઉત્તર-છ), બમન કંપુ (ઉત્તર-બી), બમન કંપુ (દક્ષિણ-પશ્ચિમ), બમન કંપુ (દક્ષિણ-પૂર્વ) નો સમાવેશ થાય છે. ખોંગમેન ઝોન-ફ(છ), ઈરોશેમ્બા, ઈરોઈશેમ્બા મામંગ લીકાઈ, ઈરોઈશેમ્બા મયાઈ લીકાઈ અને ખાડેમ માખા.૧૯ એપ્રિલના રોજ, હિંસા પ્રભાવિત મણિપુર - ઈનર અને આઉટર મણિપુર બેઠકોની બંને લોકસભા બેઠકો માટે ૭૨ ટકા મતદાન થયું હતું.

ચૂંટણી દરમિયાન અનેક બૂથ પર ફાયરિંગ, ઈફસ તોડફોડ અને બૂથ કેપ્ચરની ઘટનાઓ નોંધાઈ હતી. બિષ્ણુપુર જિલ્લાના થમનપોકપીમાં એક મતદાન કેન્દ્ર પર ગોળીબારમાં ત્રણ લોકો ઘાયલ થયા છે. દરમિયાન, ઈમ્ફાલ પૂર્વના થોંગજુમાં એક બૂથ પર ઈફસ તોડફોડના સમાચાર મળ્યા હતા.

## દિલ્હીના ગાઝીપુર લેન્ડફિલમાં લાગેલી આગ હજુ પણ યથાવત
### કચરાના ડુંગરમાંથી નીકળી રહ્યો છે ઘાતક ગેસ

નવીદિલ્હી,

દિલ્હીના ગાઝીપુર લેન્ડફિલ સાઈટ પર રવિવાર સાંજથી લાગેલી આગ હજુ પણ યથાવત છે. આ આગના કારણે આસપાસના વિસ્તારમાં ઝેરી ગેસ ફેલાઈ ગયો છે, જેના કારણે લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે. લેન્ડફિલ સાઈટ પર લાગેલી આગ એટલી તીવ્ર હતી કે ધુમાડાના ગોટેગોટા આકાશને સ્પર્શી રહ્યા હતા. આ ઝેરી ધુમાડાને કારણે માત્ર દિલ્હીના લોકો જ નહીં પરંતુ નજીકના નોઈડા અને ગાઝિયાબાદના લોકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

વિગતો મુજબ લેન્ડફિલ સાઈટ પર આગ ઓલવવા માટે ૩૦ થી વધુ ફાયર એન્જિન તૈનાત છે. આખી રાત આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા પરંતુ હજુ સુધી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવવામાં આવ્યો નથી. અનેક ભાગોમાં સમયાંતરે આગ લાગી રહી છે. અહીં હજુ પણ ધુમાડાના વાદળો ઉછળી રહ્યા છે.

## લોકસભા ચૂંટણીમાં ઓછા મતદાનથી ચૂંટણી પંચ ટેન્શનમાં
### નવો પ્લાન કર્યો તૈયાર : વોટર અવેયરનેસ ફોરમ પોતાની સંસ્થા સાથે જોડાયેલા મતદારોની પ્રતિક્રિયાચૂંટણી પંચને જાણ કરશે

નવીદિલ્હી,

પ્રથમ તબક્કામાં સૌથી વધુ બેઠક પર મતદાન થયું હતું. જોકે, વોટિંગમાં ગત લોકસભા ચૂંટણીની તુલનામાં આ વખતે ૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે જેને લઈને ચૂંટણી પંચ પણ ચિતિંત છે અને મતદાન વધારવા માટે કેટલીક નવી રણનીતિ પર ભાર મુકવામાં આવી રહ્યોં છે.

લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં મતદાનનો આંકડો ૬૫.૫ ટકા સુધી પહોચ્યો છે. ૨૧ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશની ૧૦૨ બેઠક પર મતદાન થયું હતું. લોકસભા ચૂંટણી માટે હવે ૬ અન્ય




તબક્કામાં મતદાન યોજાશે. મતગણતરી ૪ જૂને થશે. ચૂંટણી પંચ સાથે જોડાયેલા એક સીનિયર અધિકારીએ જણાવ્યું કે ઘટી રહેલા મતદાનને લઈને ચિંતા વધી છે. મતદાન વધારવા માટે કેટલાક પ્રયાસ કરવામાં આવ્યા પણ તેનું પરિણામ આવ્યું નહતું.

અધિકારીએ કહ્યું, "ECએ લોકોને મત આપવા માટે પ્રેરિત કરવા જોરદાર કામ કર્યું હતું. સાથે જ અલગ અલગ પ્રોગ્રામ દ્વારા લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. જાણીતી સેલિબ્રિટી તરફથી પણ મતદાન માટે અપીલ કરવામાં આવી હતી. BCCI સાથે મળીને IPLને પણ પ્લેટફોર્મ તરીકે યૂઝ કરવામાં આવ્યું. જોકે, એવું લાગે છે કે આ પ્રયાસ નિષ્ફળ સાબિત થયા છે."

સૂત્રોના હવાલાથી કહેવામાં આવ્યું કે ચંટણી પંચના અધિકારી આ કારણો પર વિચાર કરી રહ્યાં છે, જેને કારણે મતદાનની ટકાવારી ઘટી છે. વીકેન્ડ પર તેને લઈને બેઠક મળી હતી અને અલગ અલગ કારણો પર ચર્ચા કરવામાં આવી હતી. ચૂંટણી પંચ હવે કેટલાક નવા પ્રોગ્રામને લઈને આવશે અને મતદારોને જાગૃત કરવાનો પુરો પ્રયાસ કરવામાં આવશે. ઝારખંડના મુખ્ય ચૂંટણી પદાધિકારી રવિ કુમારે કહ્યું કે આખા રાજ્યમાં વોટર અવેરનેસ પ્રોગ્રામ ચાલુ છે, તેમણે કહ્યું કે મતદાન બાદ તમામ વોટર અવેયરનેસ ફોરમ પોતાની સંસ્થા સાથે જોડાયેલા મતદારોની પ્રતિક્રિયાથી ચૂંટણી પંચને જાણ કરશે.

## માલદિવની સંસદીય ચૂંટણીમાં રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુની જીત
### પીપલ્સ નેશનલ કોંગ્રેસનો ૬૦થી વધુ સીટ પર વિજય

માલદિવ,

માલદીવના પ્રમુખ મોહમ્મદ મુઈઝુની પીપલ્સ નેશનલ કોંગ્રેસ એ ૯૩ સભ્યોની સંસદ માટે અત્યાર સુધી જાહેર કરાયેલી ૮૬ બેઠકોમાંથી ૬૬ બેઠકો જીતી લીધી છે. જ્યારે મુખ્ય વિપક્ષી પાર્ટી માલદીવિયન ડેમોક્રેટિક પાર્ટી માત્ર ૧૨ સીટો પર આગળ છે.

માલદીવમાં રવિવારે યોજાયેલી સંસદીય ચૂંટણીમાં ચીન તરફી પ્રમુખ મોહમ્મદ મુઈઝ્ઝુની પીપલ્સ નેશનલ કોંગ્રેસ એ લગભગ બે તૃતીયાંશ બહુમતી સાથે પ્રચંડ જીત મેળવી છે. ચૂંટણી પરિણામો અનુસાર, ૯૩ સભ્યોના ગૃહ માટે યોજાયેલી ચૂંટણીમાંથી ૮૬ બેઠકોના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. મુઈઝુની પાર્ટીને ૬૬ સીટો મળી છે જ્યારે ૬ સીટો અપક્ષના ફાળે ગઈ છે. બાકીની સાત બેઠકોના પરિણામ હજુ જાહેર થયા નથી.

## પશ્ચિમ બંગાળની મમતા સરકારને મોટો ફટકો
## કોલકત્તા હાઈકોર્ટે શિક્ષકની ભરતી કરી રદ
### ઉમેદવારોની પસંદગીમાં કથિત અનિયમિતતાઓને લગતી અરજીઓ અને અપીલો પર પોતાનો ચુકાદો આપ્યો

બંગાળ

પશ્ચિમ બંગાળના ૨૩ હજાર શિક્ષકોની નોકરી જોખમમાં છે. આજે (સોમવાર) કલકત્તા હાઈકોર્ટે ૨૦૧૬ના શિક્ષક ભરતી કૌભાંડમાં પોતાનો ચુકાદો આપતા મમતા બેનર્જી સરકાર અને શિક્ષકોને આંચકો આપ્યો છે. હાઈકોર્ટે ૨૦૧૬માં યોજાયેલી શિક્ષક ભરતી રદ કરી છે. શાળા સેવા આયોગ દ્વારા ઉભી કરાયેલ ગેરકાયદે પેનલ રદ કરવામાં આવી છે. આખી પેનલને રદ કરવાનું કહેવામાં આવ્યું છે, જેના પરિણામે ૨૩ હજાર શિક્ષકો તેમની નોકરી ગુમાવશે. તેમને ૬ અઠવાડિયામાં તેમનો પગાર પરત કરવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે. હાઈકોર્ટે આદેશ આપ્યો છે કે સીબીઆઈ તેની તપાસ ચાલુ રાખે અને આરોપીઓ સામે કડક કાર્યવાહી કરે. સ્ટાફ સિલેક્શન કમિશને ભરતી માટે નવી પેનલની રચના કરવી જોઈએ.

## હવે ૪ વર્ષના ગ્રેજ્યુએશન પછી સીધુ જ PhD કરી શકશે વિદ્યાર્થીઓ
### અંડર ગ્રેજ્યુએશન કોર્સમાં ઓછામાં ઓછા ૭૫ ટકા માર્કસ અથવા સમકક્ષ ગ્રેડ જરૂરી

નવીદિલ્હી,

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન-UGCના ચેરમેન જગદીશ કુમારે મોટી જાહેરાત કરતા જણાવ્યું કે ચાર વર્ષની ગ્રેજ્યુએશન ડિગ્રી ધરાવતા વિદ્યાર્થીઓ હવે સીધા જ NETમાં બેસી શકે છે અને PhD કરી શકશે.

જુનિયર રિસર્ચ ફેલોશિપ-JRF સાથે અથવા તેના વગર PhD કરવા માટે ઉમેદવારોને તેમના ચાર વર્ષના અંડર ગ્રેજ્યુએશન કોર્સમાં ઓછામાં ઓછા ૭૫ ટકા માર્ક્સ અથવા સમકક્ષ ગ્રેડ હોવો જરૂરી છે. અત્યાર સુધી, નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ-NET પરીક્ષા માટે ઉમેદવાર પાસે ઓછામાં ઓછા ૫૫ ટકા માર્ક્સ સાથે માસ્ટર ડિગ્રી હોવી જરૂરી હતી. UGCના ચેરમેન જગદીશ કુમારે જણાવ્યું, "ચાર વર્ષની અંડરગ્રેજ્યુએટ ડિગ્રી ધરાવતા ઉમેદવારો હવે સીધા જ PhD કરી શકે છે અને તેઓ માટે ફોર્મ ભરી શકશે.

## લોરેન્સ અને અનમોલ બિશ્નોઈ વોન્ટેડ જાહેર


મુંબઈ,

મુંબઈ પોલીસે બોલિવૂડ અભિનેતા સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગની ઘટનામાં જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ અને તેના નાના ભાઈ અનમોલ બિશ્નોઈને 'વોન્ટેડ આરોપી' જાહેર કર્યા છે. એક અધિકારીએ આ માહિતી આપી હતી. અધિકારીએ જણાવ્યું કે આ અઠવાડિયાની શરૂઆતમાં આ કેસમાં ધરપકડ કરાયેલા વિકી ગુપ્તા અને સાગર પાલને કથિત રીતે બિશ્નોઈ ભાઈઓ પાસેથી સૂચનાઓ મળી રહી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે લોરેન્સ બિશ્નોઈ અન્ય કેસમાં ગુજરાતની સાબરમતી સેન્ટ્રલ જેલમાં બંધ છે, પરંતુ તેનો ભાઈ કેનેડા અથવા યુએસમાં હોવાનું માનવામાં આવે છે. તેમણે કહ્યું કે મુંબઈ પોલીસ ટૂંક સમયમાં લોરેન્સની કસ્ટડી માંગી શકે છે. લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા સલમાનના ઘર પર થયેલા હુમલાની જવાબદારી લીધી હતી.

## કુસ્તીબાજ વિનેશ ફોગાટે પેરિસ ઓલિમ્પિક માટે ક્વોટા હાંસલ કર્યો

મુંબઈ,તા.૨૧

ભારતની સ્ટાર રેસલર વિનેશ ફોગાટે ૫૦ કિગ્રા વજન વર્ગમાં દેશ માટે ઓલિમ્પિક ક્વોટા હાંસલ કર્યો છે. વિનેશે બિશ્કેકમાં ચાલી રહેલી એશિયન ઓલિમ્પિક ક્વોલિફાયર્સની સેમી ફાઈનલમાં કઝાકિસ્તાનની લૌરા ગણિક્યાજીને હરાવીને આ સિદ્ધિ મેળવી હતી. વિનેશે ૫૦ કિગ્રા વજન વર્ગની સેમિફાઈનલમાં ગણિક્યજીને ૧૦-૦થી હરાવ્યો હતો. આ ટુર્નામેન્ટની ફાઈનલમાં પહોંચનારા કુસ્તીબાજોને તેમના દેશ માટે પેરિસ ઓલિમ્પિક માટે ક્વોટા મળશે. ૫૦ ઉપરાંત, વિનેશે તાજેતરમાં પટિયાલામાં આયોજિત પસંદગી ટ્રાયલ દરમિયાન ૫૩ કિગ્રા વજન



વર્ગમાં પણ ભાગ લીધો હતો. તે ૫૩ કિગ્રા વજન વર્ગની સેમિફાઈનલમાં હારી ગઈ હતી. પરંતુ ૫૦ કિગ્રા વજન વર્ગમાં જીતના કારણે વિનેશને એશિયન ઓલિમ્પિક ક્વોલિફાયર માટે એન્ટ્રી મળી હતી.

## ચીનની ચંદ્ર પર કબ્જાની પેરવી!
### અમેરિકી સંસ્થા 'નાસા'ના વડાનો ખુલાસો : બેઝ બનાવવા ખુબ ઝડપથી આગળ વધી રહ્યાનો દાવો

વોંશિગટન

નાસાના વડા બિલ નેલ્સને ચીન વિશે ચોંકાવનારો દાવો કરતા કહ્યું કે તેઓ (ચીન) અવકાશમાં ગુપ્ત સૈન્ય કાર્યક્રમ ચલાવી રહ્યા છે જેથી તેઓ ચંદ્ર પર કબજો કરી શકે. નેલ્સને કહ્યું કે ચીને હંમેશા એ વાત જાળવી છે કે અવકાશમાં તેની પ્રવૃત્તિઓ સંપૂર્ણપણે વૈજ્ઞાનિક છે. તેનો હેતુ કોઈપણ રીતે અતિક્રમણ કરવાનો નથી. પરંતુ ચીનના ઈરાદા અલગ છે. અમને લાગે છે કે ચીને અવકાશના ક્ષેત્રમાં અસાધારણ પ્રગતિ કરી છે, પરંતુ તેના મોટાભાગના કાર્યક્રમો ગુપ્ત રહ્યા છે.

અમેરિકા અને ચીન બંને ચંદ્ર પર કાયમી બેઝ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ વર્ષે માર્ચમાં, ચીની વૈજ્ઞાનિકોએ ડિઝનીલેન્ડના કદના ચંદ્ર આધાર બનાવવાની જાહેરાત કરી હતી. નેલ્સને કહ્યું કે, ચીનના ઈરાદા એવું લાગે છે કે તે ચંદ્રના કેટલાક ભાગો પર કબજો કરવા માંગે છે. જોકે અમે રેસમાં છીએ. ૨૦૩૦ સુધીમાં ચંદ્ર પર ઉતરવાની તૈયારી. અમે ત્યાં જલ્દી પહોંચવા માંગીએ છીએ. આર્ટેમિસ સપ્ટેમ્બર, ૨૦૨૬ માં લોન્ચ કરવામાં આવશે.

અમેરિકા હંમેશા ચંદ્રને લઈને ચિંતિત રહે છે. તે ચીનને પોતાનો સૌથી મહત્વપૂર્ણ હરીફ માને છે. પરંતુ નેલ્સનનો દાવો છે કે, અમેરિકા ચીન કરતાં ઘણું આગળ છે. તેમણે કહ્યું કે જો ચીન પહેલા ત્યાં પોતાનું બેઝ બનાવવાનું શરૂ કરે તો તે ચંદ્રના કેટલાક હિસ્સા પર દાવો કરી શકે છે. નાસા આને લઈને ચિંતિત છે કારણ કે ચીને ૨૦૨૨માં પોતાનું સ્પેસ સ્ટેશન બનાવી લીધું છે. આ સાથે તેણે તેના ઉપગ્રહોની સંખ્યા બમણી કરી દીધી છે.

ચીને છેલ્લા ચાર વર્ષમાં સ્પેસ મિશનમાં અબજો ડોલરનું રોકાણ કર્યું છે.યુએસ સ્પેસ ફોર્સના કમાન્ડરે ચીનના ટ્રેકિંગ સેટેલાઈટ વિશે ચેતવણી આપી છે, જેનો ઉપયોગ સૈન્ય કામગીરી પર નજર રાખવા માટે થઈ શકે છે. ચીન વિશાળ જાસૂસી બલૂન અને હાઈપરસોનિક મિસાઈલ પણ વિકસાવી રહ્યું છે.

સૌરાષ્ટ્ર આસપાસ

# જામનગરમાં ભગવાન મહાવીર સ્વામીના ૨૬૨૨માં જન્મકલ્યાણક નિમિત્તે રથયાત્રા નીકળી






તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં ભગવાન મહાવીરસ્વામીના ૨૬૨૨ માં જન્મ દિવસ નિમિત્તે શહેરમાં ગઈકાલ રવિવારે જૈન સમાજ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. વિવિધતા સભર વરઘોડામા જામનગરના જૈન સમુદાયના સાધુ ભગવંતો અને મોટી સંખ્યામાં જૈન સમાજના લોકો જોડાયા હતા. જામનગર શહેરમાં ગઈકાલ રવિવારે વહેલી સવારે ૬:૩૦ કલાકે આ રથયાત્રા ચાંદી બજારથી પ્રસ્થાન થઇ હતી અને પારસધામ, બેડી ગેઈટ, ટાઉનહોલ, લાલ બંગલો, જી. જી. હોસ્પિટલ, ડીકેવી સર્કલ સહિત વિવિધ માર્ગો પરથી પસાર થઈ પેલેસ દેરાસર મહાવીર સ્વામી જીનાલયે પૂર્ણ થઇ હતી. પેલેસ જૈન સંઘમાં ઉતારા પછી જન્મ કલ્યાણકનું સંવદન કરાવતી જીનવાણી રથયાત્રામાં જોડાયેલ તમામને નવકાશીનો લાભ આપવામાં આવ્યો હતો. આ રથયાત્રાના મુખ્ય આકર્ષણો ૧૩ ફૂટનો માનવ, નવપદના અલગ વર્ણધારી બાઈક સ્વારો, રોડ પર ચાલતું એરોપ્લેન, લાઈવ રંગોળી વગેરેનો સમાવેશ થાય છે. આ વરઘોડામા જૈન સાધુ સાધ્વીજીઓ, જૈન સમાજના ભાઈઓ-બહેનો અને બાળકો વગેરે જોડાયા હતા.

## જામનગરમાં હવાઈ ચોક પાસે શ્રી હાટકેશ્વર ભગવાનના પાટોત્સવની ભવ્ય ઉજવણી

### શ્રી વડનગરા નાગર જ્ઞાતિ દ્વારા રવાડી-મહાપ્રસાદ સહિતનાં આયોજન હાથ ધરાયા




તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : 'છોટીકાશી' જામનગરમાં શ્રી વડનગરા નાગર જ્ઞાતિ દ્વારા આજેવચૈત્ર સુદ ચતુર્દશીનાં પાવન દિને ઈષ્ટદેવ શ્રી હાટકેશ્વર જયંતિ નિમિતે હવાઈ ચોક નજીક શ્રી સત્યનારાયણ મંદિર રોડ પર આવેલ શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિરે પાટોત્સવની પરંપરાગત ઉજવણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે પાટોત્સવ નિમિતે ગઈકાલે અને ૨૨ એપ્રિલે બે દિવસીય ધર્મોત્સવ યોજાયો છે.

જે અંતર્ગત ગઈકાલે રવિવારે સાંજે ૬ કલાકે શ્રી હાટકેશ્વર મંદિરનાં હાટકેશ હોલમાં સંગીત સંધ્યા,ભજન, શ્લોક ગાન તથા ભગવાન શિવનાં હાટકેશ્વર સ્વરૂપ અંગેની ક્વિઝ સહિતનાં કાર્યક્રમો યોજાયા હતા. જેમાં જ્ઞાતિજનો દ્વારા વિવિધ કૃતિઓ રજૂ કરાઈ હતી. તેમજ આજે તા. ૨૨/૪ ને સોમવારે શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિરે સવારે ૮:૩૦ કલાકેથી ધ્વજારોહણ તથા લઘુરૂદ્રાભિષેક સહિતનાં ધર્મકાર્યો યોજાયા હતા. લઘુરૂદ્રાભિષેકનાં યજમાન પદે ઉજ્જવલ ઓઝા તથા અક્ષિતા ઓઝા તથા ધ્વજારોહણનાં યજમાન પદે સ્વ. વિરેન્દ્રભાઈ છોટાલાલ ધોળકીયા તથા સ્વ. તિલોત્તમાબેન વિરેન્દ્રભાઈ ધોળકીયાની સ્મૃતિમાં હસ્તે લીનાબેન તથા સુનિલ ભાઈ માંકડ પરીવાર દ્વારા (જૂનાગઢ) પુણ્યલાભ પ્રાપ્ત કરાયો હતો.

સાંજે ૫:૩૦ કલાકે શ્રી હાટકેશ્વર દાદાની પરંપરાગત રવાડી યોજાશે. જે નાગરપરા શેરી નં ૧ થી ખંભાળીયા ગેઈટ, હવાઈ ચોક થઈ શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિરે પૂર્ણ થશે.રવાડીમાં ૧૨ વર્ષની વય સુધીનાં બાળકો માટે શિવ પરીવારની ફેન્સી ડ્રેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે ૭:૩૦ કલાકે શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિરે મહાઆરતી યોજાશે. સાંજે ૮ કલાકે ટાઉનહોલમાં પાટોત્સવ મહાપ્રસાદ તથા સન્માન સમારોહ યોજાશે. જ્ઞાતિ દ્વારા પાટોત્સવ કોપર્સ રુ. ૬૭૫૧ માં અનુદાન તથા સ્વૈચ્છીક અનુદાન આવકાર્ય છે. ઉપરાંત મહાપ્રસાદનો અંદાજીત કુલ ખર્ચ રૂ.૨.૫૦ લાખ જેટલો થતો હોય સંયુક્ત પરીવાર તરીકે, મામા-મોસાળ પક્ષે કે પિતરાઇ પક્ષે સમગ્ર મહાપ્રસાદનું અનુદાન આપવા ઈચ્છુક જ્ઞાતિજનોને કાર્યાલયનો સંપર્ક કરવા અનુરોધ છે.જ્ઞાતિનાં પ્રમુખ ભોલાનાથભાઈ રીંડાણી,ઉપપ્રમુખ અજયભાઈ વૈશ્નવ, હાટકેશ સમિતિ ચેરમેન યોગેશભાઈ રીંડાણી સહિતનાં હોદ્દેદારો સમગ્ર ધર્મોત્સવને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

## મેઘપર નજીક બાઈક ચાલકને કચડી નાખનાર શખ્સ ૬ વર્ષો ઝડપાયો



જામનગર : જામનગર-ખંભાળિયા ધોરી માર્ગ પર આજથી છ વર્ષ પહેલાં મેઘપર નજીક એક બાઈક ચાલકને કચડીનાખી મૃત્યુ નિપજાવનાર ટ્રક ચાલકને એલસીબી ની ટુકડીએ શોધી કાઢ્યો છે, અને તેની અટકાયત કરી લઈ મેઘપર પોલીસ મથકમાં સુપ્રત કરી દીધો છે.

મૂળ રાજસ્થાનના વતની મહેન્દ્રસિં પ્રતાપસિંગ ચૌહાણ કે જેણે આજથી છ વર્ષ પહેલાં મેઘપર નજીક એક બાઈક ચાલકને ઠોકરે ચડાવી તેનું મૃત્યુ નીપજાવ્યું હતું, અને પોતે ભાગી છૂટ્યો હતો.

ઉપરોક્ત નાસતો ફરતો આરોપી જામનગર નજીક લાખાબાવળ ગામમાં આવ્યો છે, તેવી એલસીબી ની ટુકડીને બાતમી મળી હતી. જે બાતમી ના આધારે વોચ ગોઠવી છ વર્ષથી નાસતા ફરતા રહેલા આરોપી મહેન્દ્રસિંગ ચૌહાણને એલસીબીની ટુકડીએ ઝડપી લીધો છે અને મેઘપર પોલીસ મથકમાં સુપ્રત કરી દીધો છે.

## જામનગરમાં ઈંગ્લીશ દારૂના કેસમાં પાંચ વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

જામનગર : જામનગર શહેર અને જિલ્લામાં નાસતા ફરતા આરોપીઓને પકડવા માટેની ચાલી રહેલી ઝુંબેશ દરમિયાન એસ ઓ જી ની ટુકડીએ દારૂના કેસમાં પાંચ વર્ષથી નાસતા ફરતા રહેલા એક આરોપીને ઝડપી લીધો છે, અને સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં સુપ્રત કર્યો છે.

જામનગરમાં મયુર નગર વિસ્તારમાં આવેલા આવાસના બ્લોક નંબર ડી.-૨ રૂમનાં ૩૦૬ માં રહેતા દિપક જયચંદભાઈ મહેતા સામે આજથી પાંચ વર્ષ પહેલાં સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં દારૂ અંગેનો ગુનો નોંધવામાં આવ્યો હતો, અને તે ગુનામાં પોતે છેલ્લા પાંચ વર્ષથી નાસતો ફરતો રહ્યો હતો.

ઉપરોક્ત આરોપી મોહન નગર વિસ્તારમાં આવેલા આવાસના ગેટ પાસે ઉભો છે, તેવી બાતમી એસ.ઓ.જી. શાખા ને મળતાં ઉપરોક્ત સ્થળે પહોંચી જઈ આરોપી દિપક મહેતાની અટકાયત કરી લેવામાં આવી છે, અને સીટી સી. ડિવિઝન પોલીસ મથક સુપ્રત કરી દેવાયો છે.

## જામનગરમાં એટ્રોસિટીના કેસમાં ફરાર આરોપીને ઝડપી લેવાયો



જામનગર : જામનગર શહેર અને જિલ્લામાં આગામી લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને નાસતા ફરતા આરોપીઓને પકડવા માટેની વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે, જેના ભાગરૂપે સિટી બી. ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળના એટ્રોસિટીના કેસમાં નાસતા ફરતા આરોપીની એલસીબી દ્વારા અટકાયત કરી લેવામાં આવી છે.

જામનગરમાં ધરાર નગર વિસ્તારમાં રહેતા અકરમ ઉર્ફે અકો કાસમભાઈ જોખિયા ગામેતી સામે આજથી એક વર્ષ પહેલાં એસ્ટ્રોસિટી એકટ સહિતની કલમ હેઠળ નોંધાયો હતો, અને તે ગુનામાં પોતે એક વર્ષ થી નાસતો ફરતો રહ્યો હતો.

દરમિયાન એલસીબી ની ટુકડીએ ધરારનગર વિસ્તારમાં વોચ ગોઠવી આરોપી અકરમને ઝડપી લીધો છે, અને સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં સુપ્રત કરી દીધો છે.

## ધુનડામાં ચાલતી શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં દેવી પ્રસાદજીની ઉપસ્થિતિ



જામજોધપુર નજીક આવેલ ધુનડા સતપુરણ ધામ આશ્રમ મુકામે સદગુરૂ જેન્તી રામબાપા ના સાનિધ્યમાં શાસ્ત્રી નરેશભાઈ રાજ્ય ગુરૂ ના સાનિધ્યમાં ચાલતી કથામા જામનગર આણંદ બાવા આશ્રમ થી પુ . દેવી પ્રસાદ જી ઉપસ્થિત રહ્યા હતા તેઓનું જેન્તી રામ બાપા દ્વારા સન્માન કરાયુ હતું

## જામનગરમાં બે શખ્સોની પાસા હેઠળ અટકાયત




જામનગર : જામનગર માં આગામી લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને નામચીન દારૂના ધંધાર્થીઓ તેમજ અન્ય માથાભારે શખ્સો સામે કડક પગલાં લેવાના ભાગરૂપે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા દારૂના બે ધંધાર્થીઓની પાસા હેઠળ અટકાયત કર્યા પછી ગઈકાલે રાત્રે જામનગર અને મુંગણીના બે માથાભારે શખ્સો ની પણ પાસા હેઠળ અટકાયત કરી લઈ જેલહવાલે કરી દીધા છે.

જામનગરમાં સાધના કોલોની વિસ્તારમાં બ્લોક નંબર એમ -૮ રૂમ નંબર ૨૬૦૦ માં રહેતા હર્ષ ઉર્ફે ટકો પરેશભાઈ મહેતા નામના શખ્સ સામે તાજેતરમાં મારામારી સહિત ના અનેક ગુન્હાઓ નોંધાયા છે, જે માથાભારે શખ્સ સામે પાસા ની દરખાસ્ત તૈયાર કરી જિલ્લા પોલીસવડા મારફતે જિલ્લા કલેક્ટર સમક્ષ મોકલવામાં આવી હતી, જેને મંજૂરીને મહોર લાગી જતાં જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ ના આદેશથી એલસીબીની ટુકડીએ હર્ષ ઉર્ફે ટકો પરેશભાઈ મહેતાની પાસા હેઠળ અટકાયત કરી લીધી છે, અને સુરતની લાજપોર જેલમાં મોકલી આપ્યો છે.

આ ઉપરાંત જામનગર તાલુકા ના મૂંગણી ગામમાં રહેતા સુરેન્દ્રસિંહ ઉર્ફે ઇલુ ભીખુભા કંચવા સામે પણ તાજેતરમાં મારામારી સંબંધે બે ગુના નોંધવામાં આવ્યા છે. જે માથાભારે શખ્સ સામેં પણ પાસા હેઠળની દરખાસ્ત તૈયાર કરાઈ હતી. જેને મંજૂરી મળી હોવાથી જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ ની ટુકડીએ સુરેન્દ્રસિંહ કંચવા ની અટકાયત કરી લીધી છે, અને વડોદરા ની મધ્યસ્થ જેલમાં મોકલી દેવાયો છે.

## દ્વારકાના પંચમુખી હનુમાનજી મંદિરે આવતીકાલે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન



તસવીરઃ રાકેશ સામાણી

હનુમાનજીના પ્રાગટયોત્સવ પ્રસંગે દ્વારકાના પંચમુખી હનુમાનજી મંદિરે શ્રેણીબદ્ધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. આવતીકાલ તા.૨૩-૪-૨૦૨૪ ને મંગળવારના રોજ પવનપુત્ર શ્રી હનુમાનજીના પ્રાકટયોત્સવ પ્રસંગે દ્વારકાના ગાયત્રી મંદિર પાસે આવેલા શ્રી પંચમુખહનુમાનજી મંદિરે શ્રેણીબદ્ધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

કાર્યક્રમની પ્રાપ્ત વિગતો અનુસાર સવારે ૯-૩૦ કલાકે સુંદરકાંડના પાઠ, બપોરે ૧૨-૦૦ કલાકે સંતભોજન, બ્રહ્મભોજન, બટુકભોજન, સાંજે ૫-૦૦ કલાકે સત્યનારાયણની કથા, સાંજે ૬-૦૦ કલાકે શ્રી દ્વારકાધીશ ગોપીમંડળ તથા શ્રી ગોમતીઘાટ ગોપીમંડળના બહેનો દ્વારા સત્સંગ, સાંજે ૭-૦૦ કલાકે હનુમાન ચાલીસાના પાઠ, સાંજે ૭-૩૦ કલાકે મહાઆરતી, રાત્રે ૮-૦૦ કલાકે બ્રહ્મભોજન, સંતભોજન તથા મહાપ્રસાદ, રાત્રે ૧૦-૩૦ કલાકે સંતવાણી સહિતના શ્રેણીબદ્ધ ધાર્મિક કાર્યક્રમો પંચમુખી હનુમાનજી મંદિરના પટાંગણમાં યોજાશે. આ સમગ્ર ધાર્મિક કાર્યક્રમોનો લાભ લેવા શહેરની ધર્મપ્રેમી જનતાને મંદિરના મહંત દયાદાસબાપૂ ગુરૂ કિશોરદાસ બાપૂ તરફથી જાહેર આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

## ખંભાળિયામાં બે જુગારીઓ ઝડપાયા

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હાલ ચૂંટણીની અનુલક્ષીને પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી અંતર્ગત ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિની સૂચના મુજબ ખંભાળિયામાં આવેલા સતવારાના ચોરા પાસે રહેતા પાર્થ હસમુખભાઈ પરમાર નામના ૨૪ વર્ષના શખ્સને પોલીસે પોતાના એપલ આઈફોન પ્રો-૧૪ મોડલમાં ઓનલાઈન આઈડી મેળવી અને હાલ ચાલી રહેલા આઈ.પી.એલ.ની ક્રિકેટ મેચ પર હારજીતનો સટ્ટો ખોલતા ઝડપી લઇ મુદ્દામાલ કબજે કર્યો હતો. આ રીતે અન્ય એક કાર્યવાહીમાં અત્રે અજમેર પીરની ટેકરી પાસે રહેતા ફારુક ઉમર શેખ (ઉ.વ. ૨૫)ને પોલીસે વરલી મટકાનો જુગાર રમતા ઝડપી લઇ, કુલ રૂપિયા ૧૧,૪૧૦નો મુદ્દામાલ કરી, ઉપરોક્ત બંને આરોપીઓનો કબજો ખંભાળિયા પોલીસને સોંપવામાં આવ્યો છે. આ સમગ્ર કાર્યવાહી ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિ સાથે એ.એસ.આઈ. શક્તિસિંહ જાડેજા તથા સુખદેવસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી.

# દ્વારકાનગરી ખાતે શ્રીકૃષ્ણ તથા રૂક્ષ્મણીજીનો ભવ્ય વિવાહ સત્કાર સમારોહ યોજાયો

## સાંસ્કૃતિક કાર્યક્રમમાં પાંચ રાજ્યના ૨૦૦ થી વધુ કલાકારોએ મનમોહક કૃતિઓ રજૂ કરી






તસવીરઃ રાકેશ સામાણી

ખંભાળિયા : દ્વારકા નગરીના આકાશમાં ચંદ્ર હજુ ઉદય પામી રહ્યો હતો, ત્યારે અહીંના સમુદ્રતટે મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકોના હૈયામાં જાણે આનંદની ભરતી આવી હતી... પ્રસંગ હતો, દ્વારકાના નાથ ભગવાન શ્રીકૃષ્ણ અને ઉત્તર પૂર્વના રાજકુમારી શ્રી રૂક્ષ્મણી દેવીના "વિવાહ સત્કાર સમારોહનો"... જેમાં ઉત્તર-પૂર્વનાં ચાર રાજ્યો અને ગુજરાતના મળીને ૨૦૦ થી વધુ કલાકારોએ વિવિધ લોકનૃત્યો સહિતની સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરીને, ભારતના પૂર્વ અને પશ્ચિમ પ્રદેશ વચ્ચે જાણે "સાંસ્કૃતિક સેતુ" રચ્યો હતો. આ સાથે આ કલાકારોએ "અનંત પ્રેમ અને અધ્યાત્મની યુગોથી ચાલી આવતી પરંપરા"ને જાણે જીવંત કરી હતી.

પોરબંદરના માધવપુરમાં લગ્ન બાદ ભગવાન શ્રીકૃષ્ણ તથા રાજકુમારી શ્રી રૂક્ષ્મણીજી આજે દ્વારકા પહોંચતા નગરમાં ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. જેમાં નગરજનો દ્વારા ઠેર ઠેર નવવિવાહિત યુગલનું ઉમંગભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યાર બાદ ગુજરાત સરકારના રમત ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દ્વારકા સર્કિટ હાઉસ પાસે રાત્રે નવવિવાહિત યુગલના "વિવાહ સત્કાર સમારોહ"નું આયોજન કરાયું હતું. જેને મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકોએ મન ભરીને માણ્યો હતો.

આ કાર્યક્રમના મુખ્ય અતિથિ દેવભૂમિ દ્વારકાના પ્રિન્સિપલ ડીસ્ટ્રિકટ જજ એ.વી. વ્યાસ સહિતના વિવિધ મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો.

આ તકે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલા ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ આર.આર. રાવલે પ્રાસંગિક ઉદ્બોધન કરતા જણાવ્યું હતું કે, આ એક એવો સાંસ્કૃતિક કાર્યક્રમ છે, જે દેશમાં જ્યાં સૂર્ય પ્રથમ ઊગે છે એવા પૂર્વીય પ્રદેશ અને સૂર્ય જ્યાં આથમે છે એવા પશ્ચિમ પ્રદેશને એકાત્મતાની ભાવનાથી જોડે છે. આ કાર્યક્રમ દેશની ભવ્ય સાંસ્કૃતિક પરંપરા અને ભાવનાત્મક એકાત્મતાનું પ્રતિક છે. આ કાર્યક્રમ બે પ્રદેશોના સાંસ્કૃતિક આદાન-પ્રદાન સાથે અનંત પ્રેમની આધ્યાત્મિક અનુભૂતિ પણ કરાવે છે.

દ્વારકાના લોકોને નસીબદાર ગણાવતા તેમણે કહ્યું હતું કે, અહીંના લોકોએ છેક મહાભારત કાળથી, પાંચ હજાર વર્ષથી ચાલી આવતી આ પરંપરાને જાળવી રાખી છે. જે આપણા સૌ માટે આનંદ અને સાંસ્કૃતિક વારસા પર ગૌરવ લેવા જેવી બાબત છે.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર જી.ટી. પંડ્યાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, માધવપુર ઘેડનો મેળો એટલે બે સંસ્કૃતિને એક તાતણે બાંધતો સાંસ્કૃતિક મેળો. ભગવાન માધવરાયજી અને રૂક્ષ્મણીજીના લગ્ન પ્રસંગની સ્મૃતિમાં વર્ષોથી પરંપરાગત રીતે યોજાતો મેળો છેલ્લા કેટલાક વર્ષોથી લોક સુવિધા અને સાંસ્કૃતિક ઉત્સવનો મેળો બન્યો છે. આ પરંપરામાં આપણે આગળ વધીને ગત વર્ષથી માધવપુર અને દ્વારકાના ભાવનાત્મક જોડાણને ઉજાગર કર્યું છે. જેથી આ મેળો એક ભારત શ્રેષ્ઠ ભારતને ઉજાગર કરનારો પણ બન્યો છે. જિલ્લા કલેકટરએ આ તકે ઉપસ્થિત રહેલા જુદા જુદા રાજયોના તથા ગુજરાતના કલાકારો તેમજ ઉપસ્થિત સૌને આવકાર્યા હતા. કાર્યક્રમ અંતર્ગત કલાકારોએ ૧૩ જેટલી મનમોહક કૃતિઓ તથા લોકનૃત્યો પ્રસ્તુત કરીને રંગત જમાવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા યુવા વિકાસ અધિકારી હિરલ વ્યાસે આભારવિધિ કરી હતી.

આ સમારોહમાં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના સહાયક નિયામક વીરેન્દ્ર પટેલ, નિવાસી અધિક કલેકટર ભુપેશ જોટાણીયા, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના કમિશ્નર રસિક મકવાણા, પ્રાંત અધિકારી કે.કે. કરમટા, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચીફ એન્જિનિયર કેયુર શેઠ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ઈન્ચાર્જ નિયામક પૃથ્વીરાજસિંહ ગોહિલ સહિતના અધિકારીઓ તથા નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં ૭૯-વિધાનસભા મત વિસ્તારમાં લોકસભા મધ્યસ્થ કાર્યાલય ખુલ્લુ મૂકાયું

## મેયર, ધારાસભ્યો, શહેર અધ્યક્ષ, મહામંત્રીઓ, પૂર્વ મેયર સહિતના મહાનુભાવો તેમજ વિશાળ કાર્યકરો અને જંગી મેદની ઉમટી પડી






તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં લોકસભાની ચૂંટણીનો માહોલ દિવસેને દિવસે જામતો જાય છે અને ભાજપ દ્વારા ચૂંટણી પ્રચાર વેગવંતો બનાવવામાં આવી રહયો છે. ત્યારે ગઈકાલે રવિવારે જામનગર ૭૯– વિધાનસભા મત વિસ્તારમાં લોકસભાના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ વેળાએ જામનગરના મેયર, બન્ને ધારાસભ્યો, શહેર અધ્યક્ષ, મહામંત્રીઓ તેમજ મોટી સંખ્યામાં ભાજપના આગેવાનો, કાર્યકરો અને જંગી જનમેદની ઉમટી પડી હતી. આ સમયે બન્ને ધારાસભ્યો તેમજ શહેર અધ્યક્ષએ પૂનમબેન માડમને જંગી મતે જિત અપાવવા અપિલ કરી હતી.

આ તકે પૂનમબેન માડમે જણાવેલ કે, આ ચૂંટણી ભારત દેશને ૨૦૪૭ માં વિશ્વગુરુ બનાવવાની ચૂંટણી છે, આપની ભાવિ પેઢીના ભવિષ્ય ને ઉજ્વળ બનાવવાની ચૂંટણી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત દેશ વિશ્વગુરુ બનવાની દિશામાં આગળ વધી રહ્યો છે, જામનગરની જનતાએ જામનગર થી જંગી બહુમતી થી એક કમળ ને દિલ્લી પૂહોચાડવું, તેવી અપીલ કરેલ. માનનીય શહેર અધ્યક્ષ વિમલભાઈ કગથરા એ જણાવેલ કે ચૂંટણી એટલે લોકશાહીનું પર્વ, સૌ કોઈ એ આ લોકશાહી ના પર્વ માં મતદાન અવશ્ય કરવું જોઈએ, અને આ ચૂંટણી માં ભારતીય જનતા પાર્ટી ને, પૂનમબેન માડમ ને જંગી બહુમતી થી જીતાડી દિલ્લી મોકલવા જોઈએ. ઉદઘાટન સમારોહ દરમિયાન એકઠી થયેલ જનમેદની જોતા, પૂનમબેન માડમની જંગી બહુમતી થી જીત નિશ્ચિત જણાય આવે તેવો ઉત્સાહજનક માહોલ જોવા મળેલ.

આ કાર્યક્રમ માં ભાજપ શહેર અધ્યક્ષ ડો વિમલભાઈ કગથરા, સાંસદ તથા ઉમેદવાર પૂનમબેન માડમ, મહામંત્રી પ્રકાશભાઈ બામણીયા, વિજયસિંહ જેઠવા, મેરામણભાઈ ભાટુ, જિલ્લા અધ્યક્ષ રમેશભાઈ મુંગરા, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, રીવાબા જાડેજા, ૧૨ લોકસભા સંયોજક ડો વિનોદભાઈ ભડેરી, ૭૯ વિધાનસભા પ્રભારી, હિરેન પારેખ, ૭૮ વિધાનસભા સંયોજક ધર્મરાજસિંહ જાડેજા, ૭૮ વિધાનસભા પ્રભારી સુરેશ વશરા, મેયર વિનોદ ખીમસુરીયા, ડે મેયર ક્રિષ્નાબેન સોઢા, સાશકપક્ષ નેતા આશિષ જોશી, સ્ટે. કમિટી ચેરમેન નિલેશ કગથરા, સિક્ષણ સમિતિ ચેરમેન મનીષ કનખરા, પૂર્વ ધારાસભ્ય લાલજીભાઈ સોલંકી, પરમાનંદભાઈ ખટ્ટર, પૂર્વ પ્રમુખ હસમુખભાઈ હિંડોચા, મુકેશ દાશાણી, નિલેશ ઉદાણી, પૂર્વ મેયર અમીબેન પરીખ, બીનાબેન કોઠારી, હસમુખ જેઠવા, સામાજિક અગ્રણી તથા જામનગર ડીસ્ટ્રિક કો ઓપરેટીવ બેંકના, ચેરમેન જીતુભાઈ લાલ, સહિત શિક્ષણ સમિતિના સભ્યો, સામાજિક સંસ્થાના હોદેદારો, વિવિધ મોરચાના પદાધિકારીઓ, કોપોરેટરઓ, કાર્યકર્તાઓ, વોર્ડ સમિતિના પદાધિકારીઓ, પેઈજ સમિતિના પ્રમુખો સહિત વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં લોકસભાની ચૂંટણી સંદર્ભે ગ્રહમંત્રીની રવિવારે ઓચિંતિ મુલાકાત

## ક્ષત્રિય સમાજના આંદોલન સંદર્ભે એક ખાનગી હોટલમાં ભાજપના હોદ્દેદારો સાથે બેઠક યોજી





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : રાજકોટ લોકસભાની બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજ દ્વારા આંદોલન ચલાવવાઆવી રહ્યું છે, જેમાં સમાજ દ્વારા અપાયેલા અલ્ટીમેટમ બાદ પણ ભાજપ દ્વારા કોઈ કાર્યવાહી ન થતાં ફરીથી આંદોલનાત્મક કાર્યક્રમો શરૂ થયા છે, ત્યારે ગુજરાત રાજ્યના ગ્રહ મંત્રી હર્ષ સંઘવી ગઈકાલે રાજકોટમાં ઓચિંતી મુલાકાત લીધા બાદ રાત્રિના સમયે જામનગરમાં પણ હાજરી આપી હતી અને એક ખાનગી હોટલમાં તેઓની ભાજપના અગ્રણીઓ સાથે મહત્વની બેઠક યોજાઈ ગઈ હોવાનું જાણવા મળી રહયું છે. લોકસભાની ચૂંટણી સંદર્ભે જામનગરમાં ગઈકાલે રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં જામનગરની એક ખાનગી હોટલમાં ભાજપની ખાનગી બેઠક મળી હતી.જે ખાનગી બેઠકમાં સંગઠનના હોદ્દેદારો હાજર રહ્યા હતા જે ખાનગી બેઠકમાં અનેક ચર્ચાઓ કરવામાં આવી હતી. ક્ષત્રિય સમાજના મુખ્ય આગેવાનો સાથે પણ બેઠક કરવામાં આવી હોવાની ચર્ચાઓ થઈ રહી છે.

# દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદગુરુ શંકરાચાર્યના ૨૧માં દંડ સન્યાસ મહોત્સવની શારદાપીઠ ખાતે ઉજવણી



દ્વારકા : પૂજ્ય મહારાજશ્રીના ૨૧માં દંડ સન્યાસ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષમાં વિક્રમ સંવત ૨૦૮૦ ચૈત્ર શુક્લ તેરસ તારીખ ૨૨/૦૪/૨૦૨૪ ના પૂજ્ય મહારાજ શ્રીની પાદુકા પૂજન કરવામાં આવ્યું હતું.

દંડ ગ્રહણ માત્રેણ નરો નારાયણો ભવેત એટલે કે ધર્મદંડ ગ્રહણ કરતા જ નર નારાયણ સ્વરૂપ બની જાય છે અન્ય સ્થળ વ્યક્તિનું સુખ સંસારમાં સૌથી મોટું સુખ છે સન્યસ્ત વ્યક્તિ સુખના ઉપભોક્તા નથી પરંતુ તેઓ સ્વયં સુખનું સ્વરૂપ હોય છે એટલે જ કહેવાયું છે કે દંડી સન્યાસી સાક્ષાત નારાયણ છે.

પૂજ્ય શંકરાચાર્ય શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજનો જન્મ મધ્યપ્રદેશના નરસિંહપુર જિલ્લાના બરગી ગામ સ્થિત આયુર્વેદ રત્ન પંડિત વિદ્યાધર અવસ્થી અને શ્રીમતી માનકુવર દેવીજીને ત્યાં થયો હતો સ્વામીજી પૂર્વાશ્રમમાં રમેશકુમાર તરીકે ઓળખાતા હતા. પૂજ્યશ્રીની પ્રાથમિક શિક્ષા તેમના ગામ બરગીમાં જયારે સંસ્કૃત શિક્ષક નરસિંહપુરમાં અને વ્યાકરણ વેદવિધાન ની શિક્ષા કાશીમાં સંપન્ન થઈ હતી તેઓના અભ્યાસ દરમિયાન જ પૂજ્યપાદ અનંત શ્રી વિભૂષિત જ્યોતિષપીઠાધીશ્વર અને દ્વારકાશારદા પીઠાધીશ્વર જગદગુરુ શંકરાચાર્ય બ્રહ્મલીન સ્વામીશ્રી સ્વરૂપાનંદ સરસ્વતીજી મહારાજના પરિચયમાં આવ્યા હતા અને ૧૯૭૭ માં પ્રયાગ કુંભ વખતે બ્રહ્મચારી દીક્ષા ગ્રહણ કરી હતી જે બાદ ચૈત્ર શુક્લ તેરસ તદનુસાર તા.૧૫ એપ્રિલ ૨૦૦૩ માં કાશી ખાતે દંડ સન્યાસ દીક્ષા પ્રાપ્ત કરી હતી.

# ઓખા-પુરી-ઓખા સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનો ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે

દ્વારકા : દક્ષિણ મધ્ય રેલવેના સિકંદરાબાદ ડિવિઝન પર કાઝીપેટ-વિજયવાડા સેક્શનમાં નોન ઈન્ટરલોકિંગ કામને કારણે ઓખા-પુરી-ઓખા એક્સપ્રેસ ટ્રેનો ડાયવર્ટ કરાયેલા રુટ પર દોડશે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે

(૧) ૧, ૮ અને ૧૫ મે ના રોજ ઓખા થી ચાલતી ટ્રેન નં ૨૦૮૨૦ ઓખા-પુરી એક્સપ્રેસ ટ્રેન તેના નિર્ધારિત માર્ગ વર્ધા - બલ્હારશાહ – વિજયવાડા - વિશાખાપટ્ટનમ – ખુર્દા રોડ ના સ્થાને તેના ડાયર્વટ કરાયેલ માર્ગ વાયા વર્ધા – નાગપુર – રાયપુર – ટિટિલાગઢ – રાયગઢ – વિજયનગરમ – ખુર્દા રોડ ના માર્ગ પર દોડશે. આ ટ્રેન ચંદ્રપુર - બલ્હારશાહ - સિરપુર કાગઝનગર – મંચિર્યાલ – રામગુંડમ – વારંગલ – વિજયવાડા – એલુરુ – રાજામુન્દ્રી – સામલકોટ – અનકાપલ્લી - વિશાખાપટ્ટનમ સ્ટેશનો પર જશે નહીં.

(૨) ૨૮ એપ્રીલ , ૫ અને ૧૯ મે ના રોજ પુરી થી ચાલતી ટ્રેન નં ૨૦૮૧૯ પુરી - ઓખા એક્સપ્રેસ ટ્રેન તેના નિર્ધારિત માર્ગ ખુર્દા રોડ – વિશાખાપટ્ટનમ – વિજયવાડા – બલ્હારશાહ - વર્ધા ના સ્થાને તેના ડાયર્વટ કરાયેલ માર્ગ વાયા ખુર્દા રોડ – વિજયનગરમ – રાયગઢ – ટિટિલાગઢ – રાયપુર – નાગપુર – વર્ધા ના માર્ગ પર દોડશે. આ ટ્રેન વિશાખાપટ્ટનમ – અનકાપલ્લી – સામલકોટ – રાજમંદ્રી – એલુરુ – વિજયવાડા – વારંગલ – રામગુંડમ – મંચિર્યાલ – સિરપુરકાગઝનગર – બલ્હારશાહ - ચંદ્રપુર સ્ટેશનો પર નહીં જાય. ટ્રેનોના સ્ટોપેજ, રચના, રૂટ અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

# જામનગરના ઠેબા ચોકડી પાસેથી હથિયાર સાથે શખ્સ ઝડપાયો

જામનગર : જામનગર પંથકમાંથી ગેરકાયદે હથિયાર પકડવાનો સીલસિલો યથાવત રહ્યો છે. એસ.ઓ .જી.ની ટીમે તાજેતરમાં એક શખ્સની હથિયાર સાથે અટકાયત કરી લીધા પછી પંચકોશી બી. ડિવિઝન પોલિસે ઠેબા ચોકડી પાસેથી વધુ એક શખ્સને ગેરકાયદે હથીયાર સાથે ઝડપી લીધો છે.

જામનગર નજીક દરેડ વિસ્તારમાં મસિતીયા રોડ પર રહેતો કમાલ મુખ્તારભાઈ અંસારી નામનો શખ્સ કે જે પોતાની પાસે ગેરકાયદે હથિયાર રાખીને ફરી રહ્યો છે તેવી બાતમીના આધારે પંચકોશી બી. ડિવિઝન પોલિસે પહોંચી જઈ ગઈકાલે ઠેબા બાયપાસ ચોકડી ચેક પોસ્ટ પાસે જ ગોઠવી હતી.

તે દરમિયાન આરોપી ત્યાંથી પસાર થતાં તેની તલાસી લીધી હતી. જે તલાસી દરમિયાન તેના કબજામાંથી ડબલ બેરલવાળો તમંચો મળી આવ્યો હતો. જેથી પોલિસે ગેરકાયદે હથિયાર કબજે કરી લીધું છે અને આરોપી કમાલ અન્સારી સામે પંચકોશી બી. ડિવિઝન પોલીસ મથકમાં હથિયારધારા ભંગ અંગેના ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# જામજોધપુરના બાલવા ફાટક ચેક પોસ્ટ પાસેથી દેશી બંદૂક સાથે શખ્સની અટકાયત

જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુર પંથકમાંથી એક શખ્સને દેશી બનાવટની જામગરી બંદુક સાથે જામજોધપુર પોલીસે ઝડપી લીધો છે, અને તેની સામે હથિયાર ધારા ભંગ બદલ ગુનો નોંધ્યો છે.

જામજોધપુરના પી.આઈ. વાય. જે. વાઘેલા., પી.એસ.આઈ એમ.એલ ઓડેદરા અને સ્ટાફના પ્રજ્ઞરાજસિંહ જાડેજા, સંજયભાઈ કરંગીયા અને મનોહરસિંહ જાડેજા દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું હતું, જે દરમિયાન બાલવા ફાટક ચેક પોસ્ટ પાસેથી પસાર થઈ રહેલા જામજોધપુરના વેરાવળ ગામના હુસેન અહમદભાઈ રાવકડા નામના શખ્સને અટકાવીને તેની તલાસી લેતાં તેના કબજામાંથી દેશી બનાવટની જામગરી બંદૂક -તમંચો મળી આવ્યો હતો. જેથી પોલીસ દ્વારા તેની અટકાયત કરી લઈ તમંચો કબજે કરાયો છે, જ્યારે તેની સામે જામજોધપુર પોલીસ મથકમાં હથિયાર ધારા ભંગ અંગેનો ગુનો નોંધવામાં આવ્યો છે.



તસવીરઃ સુનિલ ચુડાસમા

# ઓખા રેલવે સ્ટેશનથી મળી આવેલા બે બાળકો તેઓના માતા-પિતાને સોંપાયા




તસવીર : બુધાભા ભાટી

ખંભાળિયા : ઓખાના રેલવે સ્ટેશન ખાતેથી તાજેતરમાં રેલવે પોલીસને બે નાના બાળકો મળી આવ્યા હતા. અંદાજિત ૬ વર્ષ તથા ૧૦ વર્ષની ઉંમરના એવા આ બંને બાળક એકલા હોય અને આ બંનેના કોઈ વાલી-વારસ સાથે ન જણાતા રેલવે પોલીસે આ બંને બાળકો અંગે ખંભાળિયા ચાઈલ્ડ વેલ્ફેર કમિટીનો સંપર્ક કર્યો હતો. જેને અનુલક્ષીને સંસ્થા દ્વારા આ બાળકોને ખંભાળિયાની સી.સી.આઈ. સંસ્થામાં રાખવા માટેનું જણાવ્યું હતું.

આ બંને બાળકોનું કાઉન્સિલિંગ કરાતા તેઓના માતા-પિતા ઝારખંડના મૂળ રહીશ હોવાનું અને હાલ જામનગરમાં રેલવે સ્ટેશનની બાજુમાં રહેતા હોય આ અંગે સી.ડબલ્યુ.સી.ના ચેરમેન ચંદ્રશેખર બુધ્ધભટ્ટીએ જામનગર રેલવે પોલીસનો સંપર્ક કર્યો હતો અને આ સમગ્ર બાબતે જાણ કરી હતી. આ પછી બાળકોના માતા-પિતા અંગેની શોધખોળમાં બંને બાળકોના માતા-પિતા જામનગરથી મળી આવ્યા હતા.આ બંને બાળકો તથા માતા-પિતાના જરૂરી દસ્તાવેજોની ચકાસણી કરી અને બંને બાળકોનો કબજો તેના માતા-પિતાને સોંપવામાં આવ્યો હતો. આથી આ દંપતીએ ભાવવિભોર થઈ અને કમિટીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# બેટ દ્વારકામાં પ્રસિદ્ધ હનુમાન દાંડી તીર્થે આવતીકાલે હનુમાન જયંતીની ભવ્ય ઉજવણી



દ્વારકા : બેટ શંખોદ્ધારમાં આવેલ આ હનુમાનજીનું મંદિર એ વિશ્વનું એકમાત્ર એવું મંદિર છે જ્યાં પિતા હનુમાનજી તથા તેમના પુત્ર મકરધ્વજજી સાથે બિરાજે છે સ્થાનિય ભાવિકોમાં આસ્થાનું પ્રતિક એવા આ મંદિરે દર વર્ષે હનુમાનજીની જન્મજયંતીના રોજ હજારો ભાવિકો દર્શનાર્થે ઉમટે છે મંગળવાર તા ૨૩ એપ્રિલ ચૈત્રી પૂર્ણિમાના પવિત્ર દિવસે ઉદયા તિથિમાં હનુમાન જયંતીની ભવ્ય ઉજવણી હજારો ભકતોની ઉપસ્થિતિમાં પરંપરાગત ઉત્સવો સાથે કરવામાં આવનાર હોય વ્યવસ્થા તંત્રની તડામાર તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે

આજે તા ૨૨ થી ૨૪ એપ્રિલ સુધી બે દિવસની અખંડ રામધૂન નું આયોજન પણ કરવામાં આવ્યું છે. ૨૩ એપ્રિલના હનુમાન જયંતીના દિવસે સવારે ૬:૪૩ કલાકે હનુમાનજી મહારાજનો પ્રાગટયોત્સ સાથે મંગલા આરતી બાદ સવારે ૧૦ વાગ્યે મંદિર પર ધ્વજારોહણ થશે. સવારે ૧૧ વાગ્યે અન્નકોટ દર્શન મનોરથનું આયોજન કરાયું છે ભકતગણ માટે બપોરે ૧૨ કલાકથી સમુહ પ્રસાદીનું પણ આયોજન છે તા.૨૪ એપ્રિલના રોજ દ્વિદિવસીય અખંડ રામધૂનની પુર્ણાહુતિ થશે.

બેટ દ્વારકામાં હનુમાનજીનું પુરાણ પ્રસિદ્ધ મંદિર 'હનુમાન દાંડી' આવેલું છે. પ્રાચીન કાલિન લોકવાયકા પ્રમાણે તીર્થભૂમિ બેટ શંખોદ્ધારના પ્રાચીન ધાર્મિક ઐતિહાસિક તીર્થસ્થાન શ્રી શંખનારાયણજી મંદિરના ગાદીસ્થ બ્રહ્મચારી મહારાજ સાયંકાલ આરતીના નિત્ય દર્શન માટે હનુમાન દાંડી મંદિરે જતા હતા.

# જામનગર પંથકના વધુ બે દારૂના ધંધાર્થીઓની પાસા હેઠળ અટકાયત કરી જેલમા ધકેલાયા

જામનગર : જામનગરમાં આગામી લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને નામચીન દારૂના ધંધાર્થીઓ તેમજ અન્ય માથાભારે શખ્સો સામે કડક પગલાં લેવાના ભાગરૂપે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા દારૂના વધુ બે ધંધાર્થીઓની પાસા હેઠળ અટકાયત કર્યા પછી તેમને જેલમા ધકેલી દેવાયા છે.

મોરબીના ખાનપર ગામના યશપાલસિંહ ઘનુભા જાડેજા અને જામનગરમાં બેડી માર્ગે કેદાર પાર્કમાં રહેતાં મનદીપસિંહ કનકસિંહ જાડેજા નામના શખ્સ સામે પ્રોહિબિશન ત્રણ ત્રણ ગુના નોંધાયા હતા. જે બંને શખ્સ સામે પાસાની દરખાસ્ત તૈયાર કરી જિલ્લા પોલીસ વડા મારફતે જિલ્લા કલેક્ટર સમક્ષ મોકલવામાં આવી હતી, જેને મંજૂરીને મહોર લાગી જતાં જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુના આદેશથી એલસીબીની ટુકડીએ બંનેની પાસા હેઠળ અટકાયત કરી વડોદરાની જેલમાં મોકલી આપ્યો છે.

# જામનગરમાંથી વધુ એક ક્રિકેટનો સટાખોર ઝડપાયો

જામનગર : જામનગરમાં હિરજી મિસ્ત્રી રોડ પરથી એક શખ્સને જાહેરમાં પોતાના મોબાઈલ ફોનની આઈડી મારફતે ક્રિકેટનો સટ્ટો રમતાં ઝડપી લેવાયો છે અને તેની પાસેથી રોકડ રકમ અને મોબાઈલ ફોન કબજે કરાયા છે.

જામનગરમાં કૃષ્ણ કોલોની શેરી નંબર ૪માં જે જે ટાવરમાં રહેતો ભાર્ગવ જગદીશભાઈ પારેખ નામનો સોની વાણીયા યુવાન પોતાના મોબાઈલ ફોનની આઈડીમાં ક્રિકેટનો સટો રમી રહ્યો છે તેવી બાતમીના આધારે સીટી એ. ડિવિઝન પોલીસે હિરજી મિસ્ત્રી રોડ પર એક પાનની દુકાન પાસે દરોડો પાડયો હતો.

જે દરોડા દરમ્યાન ભાર્ગવ પારેખ આઈ.પી.એલ.ની ક્રિકેટ મેચ પર મોબાઈલ ફોનની આઈડી મારફતે ઓનલાઈન ક્રિકેટનો સટ્ટો રમતાં મળી આવ્યો હતો. જેથી પોલીસે તેની અટકાયત કરી લઈશ ૪૫૦ રૂપિયાની રોકડ અને મોબાઈલ ફોન સહિતનું સાહિત્ય કબજે કર્યું છે અને તેની સામે જુગાર ધારા ભંગ બદલ ગુનો નોંધ્યો છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## કટ્ટરવાદ નહી રાષ્ટ્રવાદ

રાષ્ટ્ર સર્વોપરી હોવું જરૂરી છે પરંતુ આજે તેનાથી વિરુદ્ધ દિશામાં આપણે જઈ રહ્યા છીએ. ૨૦૨૪ ની લોકસભાની ચૂંટણીનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે સૌથી મહત્વની વાત રાજકીય સ્વાર્થ નહીં પરંતુ રાષ્ટ્રવાદ નું સમર્થન હોવું જરૂરી છે. રાજકીય પક્ષો સત્તા પ્રાપ્ત કરવા માટે વિરોધી પાર્ટીઓ પર કાદવ ઉછાળે, આક્ષેપો કરે, આંદોલનો કરે અને પોતાના સમાજ પોતાની જ્ઞાતિ પોતાની જાતિ ને સર્વોત્તમ માની અન્યને ઉતરતા માની તેને અપમાનિત કરે તે વ્યાજબી નથી. મામુલી વાતમાં મોટા આંદોલનો શરૂ કરવા પણ યોગ્ય નથી.કારણ કે તેનાથી પ્રજાને પરેશાની થાય છે. વ્યક્તિગત અને સામાજિક વ્યવહારમાં નૈતિકતા જરૂરી છે પરંતુ કટર ઈમાનદાર હોવુંએ આજની તારીખે એક કટાક્ષ નો શબ્દ બનીને રહી ગયો છે કારણકે આવા નેતા સળીયા પાછળ છે

આજે ચૂંટણીના પ્રારંભે જ મણીપુર જેવા રાજ્યમાં અશાંતિ છે.આ એક એવું રાજય છે.જ્યા શક્તિસ્વરૂપ મહિલાઓનું સન્માન નથી. આ મહિલાઓને અપમાનિત કરવામાં આવે છે તેના પર અત્યાચાર કરવામાં આવે છે. એમ લાગે છે કે અહીં એક માનવી બીજા માનવી થી વધુ ને વધુ દૂર થતો જાય છે અહીં માનવતા ધીમે ધીમે ખતમ થઈ રહી છે અને બંને વચ્ચે એક કટ્ટરવાદ ઉભો થઈ રહ્યો છે

જાણે ભય પોતે જ વિભાજિત છે. પર્વત જ્યાં પર્વત નહીં પરંતુ મોતની ટેકરી દેખાય છે. સ્કૂલો શરણાર્થી શિબિર બની ગઈ છે અને તમામ ગલીઓ સ્મશાનઘાટ જેવી દેખાઈ રહી છે! કુકી, મૈતેઈને ને મારી રહ્યો છે અને મૈતેઈ કુકીને. કોઈ સરકાર, કોઈ ને સુરક્ષા દળ અને કોઈ સેના તેમને અટકાવી શકતા નથી.

આ કટ્ટરવાદ દેશ અને સમાજ માટે નુકસાનકારક છે. આ વિચારધારા મુજબ ભાષણ આપીને અમુક લોકો પોતાની કટ્ટરવાદી માનસિકતા પ્રદર્શિત કરી રહ્યા છે, એ મતલબના સમાચાર પ્રસિદ્ધ થયા છે. ધર્મ અને જાતિઓ વિરુદ્ધ નફરત ફેલાવનારી, લોકોમાં કોમવાદ અને ઝેર ભરતી સંસ્થાઓ સમાજ માટે કેટલી નુકસાન કારક છે.

દેશના નાગરિકોની રક્ષા કરતા આવા દળોમાં આવી માનસિકતા ધરાવતા લોકો પાસેથી સમાજના લોકો સુરક્ષાની શું આપેક્ષા રાખી શકેય? તાજેતરમાં સંરક્ષણ દળોમાં અગ્નિવીરોની પણ ભરતી થઈ છે અને તેમની ભરતીની જોગવાઈ જોતાં આ અગ્નિવીરો શું કરશે તે અંગે અત્યારે તો ફક્ત અનુમાન જ કરવું રહ્યું! વાસ્તવમાં પોતાને રાષ્ટ્રવાદી કહેવડાવતી સંસ્થાઓ અને લોકોએ પોતાના આવા રાષ્ટ્ર વિરોધી માનસિકતાના કૃત્યને પ્રોત્સાહન આપવાને બદલે આધુનિક યુગમાં વિચાર કરીને સાચા રસ્તે આવી જવાની જરૂર છે. આવી તાકાતોના કૃત્ય દ્વારા દેશ નબળો પડી રહ્યો છે. સાથે-સાથે આ દેશના નાગરિકોએ પણ ધર્મ-જાતિના ભેદભાવમાં પડ્યા વગર તિરસ્કાર છોડીને દેશના દરેક નાગરિક પ્રત્યે સમાનતાની ભાવના રાખવી પડશે. કટ્ટરવાદ કોઈ પણ હોય, તેનાથી દેશ અને સમાજને જે નુકસાન થાય છે તેની ભરપાઈ થતાં વર્ષો લાગી જાય છે. કોમવાદી પરિબળોને જાકારો આપવો પડશે. આ કાર્ય જેટલું જલદી થાય તેટલું રાષ્ટ્રહિતમાં રહેશે. પરંતુ આખરે રાજકીય ચર્ચા દરમિયાન આપણે પોતાના પરથી કેમ કાબુ ગુમાવી રહ્યા છીએ? આપણી રાજકીય ચતુરાઈ આખરે ક્યા કોથળામાં કેદ થઈ ગઈ છે? હકીકતમાં, જીવનનાં બધી દુઃખ-તકલીફો જેમના માટે મહત્ત્વ ધરાવતી નથી, કાયમ એ લોકો જ રાજકીય ચર્ચામાં પડે છે.

# કોઈ વિશ્વ ગુરુ કહેશે નહીં - બનવું પડશે

વિકાસ અને વિકલ્પ

-ડૉ. નાનક ભટ્ટ

વિશ્વનાં અન્ય રાષ્ટ્રોની સરખામણીમાં ભારતનું કૃષિ-ઉત્પાદન એરંડામાં પ્રથમ સ્થાને, શેરડી અને ડાંગરમાં ઉત્પાદનમાં બીજા ક્રમે, ડુંગળીમાં ત્રીજા સ્થાને, ઘઉં અને કપાસમાં અનુક્રમે ચોથા અને પાંચમા ક્રમે છે. જ્યારે બટાકાના ઉત્પાદનમાં છઠ્ઠા ક્રમે રહે છે. દેશમાં આજે પાંચેક હજાર ગણનાપાત્ર કૃષિ વિજ્ઞાનીઓના પ્રદાનથી આજે ભારત દુનિયાની કુલ ખેતપેદાશોમાં ૩.૫૭ ટકાનો હિસ્સો જોડી શક્યું છે. કૃષિક્ષેત્રે ઉપલબ્ધ સાધનોના મહત્તમ અને અસરકારક ઉપયોગના આધારે વિકસેલ હરિયાળી ક્રાંતિમાં જમીન, પાણી, બિયારણ, ખાતર ને પાક સંરક્ષણ અંગેના વ્યવસ્થાપન તરફ વિશેષ કાળજી રાખવામાં આવેલ. પરિણામે આજે વસ્તીવધારાના દર કરતાં વધુ ઊંચા દરે કૃષિ-ઉત્પાદનનો આંક પહોંચી શક્યો છે, જે પોતાનામાં મહાન ઉપલબ્ધિ અને આશાસ્પદ બાબત છે.

પરંતુ છેલ્લા ત્રણેક દાયકાઓમાં ખેતી સાથે જોડાયેલી જમીન, આબોહવા, રોગ જેવાં કેટલાંક પારંપરિક પરિમાણો સદંતર રીતે બદલાયાં છે. વૈશ્વિક બજારમાં નવી સમજણ હેઠળ ૧૨૫ રાષ્ટ્રોએ મુક્ત વેપારની સમજૂતી કરી છે. યુરોપિયન ઇકોનોમિક કાઉન્સિલે ૩૦૦ મિલિયન ડોલરના ખેતવ્યવસાયનો લક્ષ્યાંક રાખ્યો છે, જેમાંનો ૨.૧૧ ટકા હિસ્સો ભારતમાંથી મળે તેવી જોગવાઈ મૂકી છે. ત્યારે દેશને હરિયાળી ક્રાંતિના બીજા ફલકમાં જવા માટે બળ મળ્યું છે. આ સ્થિતિમાં દેશની ૭૫ ટકા કરતાં વધુ વસ્તી જે કૃષિઉદ્યોગમાં રોજગારી મેળવે છે તે વ્યવસાયમાંથી મહત્તમ ફાયદો લેવા માટે હવે જૈવિક વિજ્ઞાન અને તકનીકને આધાર બનાવવાની આવશ્યકતા જણાય છે. કૃષિક્ષેત્રે વિકાસના ફલકમાં વધુ વળતર ઉમેરી શકતાં પરિબળો જેવાં કે જળવ્યવસ્થા, બાયો-ટેકનોલોજી, નૈસર્ગિક ઊર્જા, દરિયાઈ સંપદા, પશુપાલન, વેલ્યૂ એડેડ એગ્રો ઇન્ડસ્ટ્રીઝ ઉપરાંત રિસોર્સ મેનેજમેન્ટ અને નૈસર્ગિક સંતુલન આયોજનને લગતી બાબતોનો સમાવેશ ખેતી આનુષંગિક પ્રવૃત્તિ સ્વરૂપે કરી શકાય. આવો એક પ્રયોગ ટેકનોલોજી મિશને હાથપર લીધો. પરંતુ ભારત જેવા વિશાળ રાષ્ટ્રમાં પેયજળ, ઓઇલસીડ, સંચાર કે ડેરીલક્ષી વ્યવસ્થા દ્વારા સમગ્ર ફલક આવરી લેવાનું સ્વપ્ન હોઈ સેમ પિત્રોડા જેવા ગુજરાતી વિજ્ઞાનીની ખ્વાહિશ અધૂરી રહી જતી જણાય છે. પરંતુ હવે વિશ્વનો આર્થિક માહોલ ઉત્સાહપ્રેરક છે અને આપણા કૃષિ વિજ્ઞાનીઓએ પરિણામો હાંસલ કરી વધુ સજ્જ પર્યાય આપ્યો છે ત્યારે હરિયાળી ક્રાંતિના બીજા તબક્કામાં હિંમતભેર ઝુકાવવામાં ગુજરાતને પાછી પાની ન કરવી જોઈએ. ગુજરાતના વિકાસ માટે કૃષિક્ષેત્રનાં પારંપરિક પરિબળોને વિજ્ઞાન અને ટેકનોલોજીના માધ્યમથી જોવાનાં રહે છે, જેમ કે પાણી. એક તંદુરસ્ત માણસને દિવસભરમાં સરેરાશ ૨૦ ગેલન પાણીની આવશ્યકતા રહે છે. પરંતુ

કમનસીબે ગુજરાતનાં ૧૮૦૦ ગામડાંઓમાં આજે સરેરાશ બે ગેલન કરતાં વધુ પાણી પહોંચાડી શકાતું નથી અને ૨૦૨૩ ની સાલમાં તો પાણી જ પ્રાણ યોજના બની છે ત્યારે પીવા માટે પાણી, અનાજ ઉત્પાદન માટે, તેમજ ઔદ્યોગિક વિકાસ માટે પાણીનો એજન્ડા તૈયાર કરવો પડશે. નર્મદા યોજના સાથે વિકેન્દ્રિત ધોરણે વોટર રિચાર્જિંગના કાર્યક્રમો આગળ ધપાવવા પડશે, શહેરોમાં અને ઉદ્યોગોમાં વપરાતા પાણીને રિસાઇકલ કરવું પડશે. દરિયાકાંઠાના વિસ્તારોમાં વોટર ડીસેલિનેશન પ્લાન્ટ વિકસાવવા, ખેતી માટે ડ્રિપ ઇરિગેશન, પાણીના અસરકારી ઉપયોગ માટે પ્રવાહી ખાતર અને ભેજ સંગ્રહ માટે હાઇડ્રોજેલના ઉપયોગ માટે કાર્યરત થવું પડશે. આ આયોજનના પરિણામે ગુજરાતની પડતર જમીનને ઉપજાઉ કરી શકાશે તેમજ દરિયા કિનારાથી આગળ વધતી ખારાશ અટકશે.

વિકાસના એજન્ડાનો બીજો વિસ્તાર છે બાયોટેકનોલોજી. નીચું ઉષ્ણતામાન અને નીચા દાબે તૈયાર થતાં પ્રાકૃતિક ૂોતો આધારિત જૈવિક ઉત્પાદનો પર્યાવરણને મિત્ર ભાવે સ્વીકારે છે. જમીન અને પાણીનું પ્રાકૃતિક સંતુલન જાળવી વધુ નફો આપતી પદ્ધતિઓને આપણે હવે પ્રચલિત કરવી પડશે. જેમ કે બાયો પેસ્ટિસાઇડ, બાયોફંજીસાઇટ, ટિશ્યૂ કલ્ચર, આર્ટિફિશ્યલ કલ્ચર સીડ્સ, જૈવિક ખાતર, માઇક્રોબ કલ્ચર, વૃક્ષ વિકાસનાં હોર્મોન્સ.


સ્વચ્છ ઊર્જાનો ખ્યાલ ગુજરાતના એજન્ડા ઉપર અગ્રતાક્રમે રાખવો પડશે. નૈસર્ગિક ઊર્જાના વ્યાપક ઉપયોગની ગુંજાઈશ ઊભી કરવા માટે લિગ્નાઈટનો ઉપયોગ વધારવો પડશે. દરિયાકાંઠાના વિસ્તારોમાં વિન્ડફાર્મ ઊભાં કરવાં પડશે. સૂર્ય-ઊર્જાનો મહત્તમ ઉપયોગ પણ જરૂરી બને છે. ઊર્જાના નૈસર્ગિક ઉપયોગને વધુ અસરકારી બનાવવાના પ્રયત્નથી પેટ્રોલ કે આલ્કોહોલ જેવા પારંપારિક ઊર્જાૂોત ઉપરનું દબાણ ઘટાડી શકાશે એટલું જ નહીં પણ ઓઝોન લેયરની સ્થિતિ સુધરતાં લોકોના આરોગ્ય અને આયુષ્યમાં નોંધપાત્ર ફેરફાર થવાની આશા છે.

ગુજરાતના કાંઠા વિસ્તારમાં દરિયાઈ સંપદા વિકાસની પ્રચંડ શક્યતાઓ રાહ જોઈને ઊભી છે. આવતા દાયકામાં ગુજરાતના કાંઠા પર દરિયાઈ ખેતી, મત્સ્ય-ઉદ્યોગ, મીઠાનું ઉત્પાદન, દરિયાઈ શેવાળમાંથી ખાતર, બ્રોમિન પ્રકારના રસાયણો મેળવવાં, મરિન ટેકનોલોજીનો વિસ્તાર, ટાઇડલ વેવ પાવર સ્ટેશન અને ગેસ આધારિત વીજળી મથકોના વિકાસની ગુંજાઈશ રહે છે. ગુજરાત દૂધ-ઉત્પાદનમાં અગ્રસ્થાને રહ્યું છે. મહાજનોની આ ભૂમિમાં હિન્દુસ્તાનનાં તમામ રાજ્યો કરતાં વધુ પશુઓ જીવે છે. આથી ટેનરી, મટનટેલો, જિલેટીન, ફોસ્ફરસયુક્ત ખાતર અને બાયોગેસ આધારિત ઊર્જા વિકાસમાં કાર્યક્રમો મિડલ લેવલ ટેકનોલોજીના સહકારે આશાસ્પદ બની શકશે.

કૃષિક્ષેત્રના પારંપરિક ૂોતોના મહત્તમ ઉપયોગ પછી મર્યાદિત જમીન પર વધતા ઉત્પાદનનો આંક સ્થિર થાય છે. આથી ખેત-ઉત્પાદનમાં પૂરક આવક આપી શકે તેવી વેલ્યૂ એટેડ ટેકનોલોજી અપનાવી અનિવાર્ય બને છે. એરંડાનું તેલ, સ્ટાર્ચ, સેલ્યૂલોઝ, નીમકેક, જેવી વૈશ્વિક બજારમાં માંગ ધરાવતી ચીજો ગુજરાતમાં મોટા પ્રમાણમાં ઉપલબ્ધ છે. વિગતે જોઈએ તો, એરંડાનું તેલ હાલ કાચા સ્વરૂપમાં બજારમાં ૧ કિલોના રૂ.૪૭/- ના ભાવે વેચાય છે. પરંતુ તેમાંથી નાયલોન પોલિમર બનાવી શકાય તો ૧ કિલોના રૂ.૨૮૦૦ મળી શકે. તેમ એરંડામાંથી લૂબ્રીકંટ પર્ફ્યુમરી પ્લાસ્ટિક રેઝિન્સ મળી શકે છે. લીમડાનો ખોળ હાલ રૂ. ૫૪ ના ભાવે ૧ કિલો ઉપલબ્ધ છે, પરંતુ તેને બાયોપેસ્ટિસાઇડમાં પરિવર્તિત કરીએ તો ૧ કિલો નીમકેકના રૂ.૧૭૨ મળી શકે. જ્યારે લીમડાના ખોળને ઓષધ ઉપયોગમાં ફેરવતાં ૧ કિલોના રૂ. ૨૧૦૦ સુધી ભાવ ઊપજે છે. શેરડીનાં છોતરાંમાંથી મોટા પ્રમાણમાં મોલાસિસ મેળવી શકાય છે. એટલું જ નહીં પરંતુ ઝિબ્રેલિક એસિડના ગુણધર્મ ધરાવતા ઉચ્ચ પ્રકારના પ્લાંટ હોર્મોન્સ મળી શકે છે, જેનો ભાવ ૨૫ ગ્રામનો ૧૨,૦૦૦ સુધી પહોંચ્યો છે. બટાકા સ્ટાર્ચનું બીજું સ્વરૂપ છે, જેમાંથી સ્ટાર્ચ બેઇડઝડ ડ્રગ્ઝ અને રસાયણો બને છે. આ ઉપરાંત કપાસ, ઘઉં અને ડાંગરની પરાળમાંથી છૂટું પડતું સેલ્યુલોઝ, મેડિસિનલ પ્લાન્ટ તેમજ ફળ અને શાકભાજીની પેદાશોમાં થોડા પરિવર્તનથી આર્થિક લાભમાં મોટી છલાંગ લગાવી શકાય છે. વૈશ્વિક બજારમાં પ્રતિ વર્ષે ૧૦ મિલિયન ડોલરના લાકડાની ખપત સરેરાશ દરે વધે છે, ત્યારે ટિશ્યૂ કલ્ચરની મદદથી ઉત્તમ પ્રતિકારની મજબૂતી ધરાવતાં અને વધુ ઉપજ આપતાં વૃક્ષોના વાવેતર તરફ ખેડૂતો જઈ શકે છે. આ માટે ગુજરાત રાજ્યે પોતાના ભાવિ વિકાસની સંભાવના સંબંધે ઝીણવટભરી વિચારણા કરવી ઘટે. ૨૧મી સદીના પ્રારંભે સમાજના નાનામાં નાના માણસના રોજિંદા જીવનમાં વિજ્ઞાન અને ટેકનોલોજી વણાઈ રહ્યાં છે ત્યારે ભાવિ પેઢીને તનાવથી મુક્ત કરવા, તેના વિકાસને સુનિશ્ચિત કરવા કે પછી તેના જીવન સ્તરને ઊંચું લાવવા વિજ્ઞાન અને ટેકનોલોજીનું નેતૃત્વ સ્વીકૃત કરવું રહ્યું. આ માટે સ્વર્ણિમ ગુજરાતને વધુ રોજગારી, સ્થિરતા અને ઊંચો વિકાસદર આપી શકનાર બાયોટેકનોલોજીનો સ્વીકાર કરીએ, ગુજરાતના સંતુલિત વિકાસ માટે ઉદ્યોગ સાથે પાણી, ખેતઉત્પાદન, પર્યાવરણ અને દરિયાકાંઠાનો સમતોલ વિકાસ કરીએ તો વિક્રમ સારાભાઈનું સ્વર્ણિમ ગુજરાત દેશને વિશ્વ ગુરુ બનવાનો નવો રાહ આપી શકશે.

# આજે વિશ્વ પૃથ્વી દિવસ : પૃથ્વીની આવરદા વધારવી એ જ માનવીનું કર્તવ્ય

**વેદોમાં પૃથ્વીને માતા માનવામાં આવે છે. તેથી તેની સુરક્ષા આપણુ કર્તવ્ય છે**



કરંટ ટોપિક

લોકો કુદરતી સ્ત્રોતોનો વિવેકપૂર્વક ઉપયોગ કરે અને હવા, પાણી, જમીન તથા અવાજનું પ્રદૂષણ ઘટાડે તે હેતુથી સૌને જાગૃત કરવા ૨૨ એપ્રિલ,૧૯૭૦ થી 'પૃથ્વી દિવસ' મનાવવાનું શરૂ કરાયું હતું. તે વખતના અમેરિકાના સાંસદ ગેરોલ્ડનેશનલે પૃથ્વી દિવસ મનાવવાનો પ્રારંભ કરાવ્યો હતો. પાણી, વનસ્પતિ, ખનીજ તેલ જેવા કુદરતી ૂોતોના બેફામ ઉપયોગના કારણે આજે વિશ્વમાં પાણી, શુધ્ધ હવા જેવા ૂોતોની ખેંચ વર્તાઈ રહી છે.

પૃથ્વી ઉપર ભારણ વધ્યું છે. તેથી જ કદાચ કુદરતે કોરોના મહામારી જેવી પરીસ્થિતિનું સર્જન કર્યું છે. પૃથ્વીના ગુણગાન અને તેની પૂજા વેદોમાં કરવામાં આવે છે. ઋગ્વેદ ઉપરાંત અથર્વવેદના બારમા મંડળના ભૂમિક સૂક્તમાં પૃથ્વીની ઉત્પત્તિ વિશે બતાવ્યુ છે. બ્રહ્મા અને વિશ્વકર્મા વગેરે દેવતાઓને કારણે પૃથ્વી પ્રગટ થઇ. આ સૂક્તમાં ૬૩ મંત્રોમાં પૃથ્વીની વિશેષતા અને તેના પ્રતિ મનુષ્યોના કર્તવ્યોનો બોધ કરાવ્યો છે. જે રીતે માતા પોતાના પુત્રોની રક્ષા માટે ભોજન પ્રદાન કરે છે એ જ રીતે માતાની રક્ષા કરવી પુત્રોનુ પણ કર્તવ્ય છે. જ્યારે વિશ્વકર્માએ અંતરિક્ષમાં હવન કર્યુ તો પૃથ્વી અને તેમા છિપાયેલા ભોજ્ય પદાર્થ પ્રગટ થઈ ગયા. જેનાથી ધરતી પર રહેનારા લોકોનું પાલણ પોષણ થઈ શકે. મતલબ ભગવાન વિશ્વકર્માએ જ્યારે લોકકલ્યાણની ભાવનાથી હવન કર્યું ત્યારે બ્રહ્મા, વિષ્ણુ વગેરે દેવતા પ્રગટ થયા અને બધા દેવતાઓમાંથી શક્તિનો અંશ કાઢ્યો અને એક શક્તિ પૂંજ બની ગયુ. પછી એ શક્તિ પુજ ધરતીના રૂપમાં બદલાઈ ગયું.

વેદોમાં પૃથ્વીને માતા માનવામાં આવે છે. તેથી તેની સુરક્ષા આપણુ કર્તવ્ય છે. ધરતીને પવિત્ર અને મા નુ રૂપ માનતા આપણે તેનાથી મળનારા પદાર્થોને વ્યર્થ ન જવા દેવા જોઇએ. પ્રદૂષણ અને ગંદકી વધવાથી રોકવી જોઈએ અને પૃથ્વી પર વધુથી વધુ વૃક્ષ ઉગાડવા જોઈએ. પૃથ્વીને સ્વસ્થ રાખવા વીજળી બચાવવી જોઇએ જેનાથી ગ્લોબલ વૉર્મિંગની સ્થિતિથી બચી શકાય છે, પ્લાસ્ટિકની વસ્તુઓનો ઉપયોગ ન કરવો જોઈએ, પ્લાસ્ટિકને કારણે પૃથ્વી પર અતત ગંદકી વધી રહી છે, કેમિકલ અને તેનાથી બનેલી વસ્તુઓનો ઉપયોગ કરવાથી બચવું જોઈએ કેમિકલથી પૃથ્વી પર પાણી, હવા અને માટી એટલે કે દરેક પ્રકારનું પ્રદૂષણ ફેલાય છે. તેને રોકવુ જોઈએ. જીવહત્યા અટકાવવી જોઈએ.

# ૨૦૨૪ની ચૂંટણીમાં જમણેરી વિચારધારાની બોલબાલા

**દુનિયાના રાજકારણમાં હવે જમણેરી વિચારધારા એટલે કે રાઈટ વિંગનું પ્રભુત્વ વધતું જાય છે ભારતમાં રામ મંદિરનો સમારોહ તેનું સૌથી મોટું પ્રમાણ છે માત્ર ભારતમાં જ નહીં પરંતુ જાપાન, ઇટાલી નેધરલેન્ડ, અમેરિકા, આર્જેન્ટીમનામાં પણ રાઇટિંગ એટલે કે જમણેરી વિચારધારાનું મહત્વ વધતું જાય છે લોકો માનસ હવે ડાબેરી વિચારધારાથી વિમુખ થઈ રહ્યું છે અને વધુ પોઝિટિવ વધુ ધાર્મિક બની રહ્યું છે ભારત નહીં પરંતુ વિદેશમાં યોજાનારી ચૂંટણીઓ પર પણ મોટી અસર કરશે**

આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

આજે આખી દુનિયામાં જમણેરી રાજકારણનો ઉદય જોવા મળી રહ્યો છે- પછી તે જાપાન હોય, હંગરી કે પોલોન્ડ હોય, સ્લોવાકિયા, ઈટાલી અને હવે નેધરલેન્ડ્સ, અમેરિકા કા આર્જેન્ટિના, દરેક જગ્યાએ રાઈટ-વિંગનું પ્રભુત્વ વધતું જોવા મળી રહ્યું છે. જોકે, જમણેરી મોટેભાગે વ્યક્તિવાદી હોય છે- તે પર્સનાલિટી કલ્ટની ઉજવણી મનાવે છે. જ્યારે ડાબેરી સામુદાયિક હોય છે. એટલે જ ડાબેરીઓ સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રને પ્રભાવિત કરે છે. જોકે, ભારત જેવા દેશમાં ડાબેરી વિચારધારા ના વળતા પાણી થયા છે. માન્યતા છે કે લાલ વાવટાવાળા જ્યાં જાય છે જ્યાં ઉદ્યોગો બંધ કરાવે છે. હડતાલો પડાવે છે અને આથી તેના પ્રત્યેનો પૂર્વ ગ્રહ લોકોમાં વધી ગયો. પરિણામે લાલ વાવડાનું અસ્તિત્વ ખતમ થયું.ગુજરાતમાં તેનું અસ્તિત્વ નહિવત છે. જે છે તેનો કોઈ ભાવ પૂછતુ નથી. કારણ કે તે પ્રજાને ઉશ્કેરીને આંદોલનો કરાવે છે પરંતુ પરિણામ આપવામાં નિષ્ફળ રહે છે.ડાબેરીની સ્વ-ઘોષિત ઉત્કૃષ્ટતા વિશ્વસનીયતા ગુમાવવા લાગી છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે જ્યારે સંસ્થા-નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું તો લોકોએ વ્યવસ્થિત રીતે જમણેરીવાદને વોટ આપવાનું શરૂ કરી દીધું. જોકે, આ તેણે ડાબેરીઓ પાસેથી જ શીખ્યું હતું. જેમકે, લેખક મનુ જોસેફ કહે છે- રાઈટ વિંગ સ્થાનિક હોય છે અને લેફ્ટ વિંગ વૈશ્વિક છે. પરંતુ તે ચાઇના રશિયા સહિતના આંગળીને કેટલા દેશોમાં જ અસ્તિત્વમાં છે.

આર્જેન્ટિનાથી માંડીને અમેરિકા, બ્રિટનથી રશિયા અને ભારતથી જાપાન સુધી દરેક જગ્યાએ ડાબેરીઓની પદ્ધતિ અને વિચારધારા એકસમાન છે. જોકે, ભારતીય જમણેરી જાપાની જમણેરી જેવા નથી. આ બંને યુરોપિયનોથી અલગ છે.

જોકે, હવે યુરોપમાં પણ પરિવર્તન આવી રહ્યું છે અને ત્યાંના જમણેરી વિચારધારા ને મહત્વ મળી રહ્યું છે. અનેક સમૂહો આ

વિચારધારા તરફ આગળ વધતા જોવા મળી રહ્યા છે. મુશ્કેલી એ - છે કે, યુરોપની જમણેરી વિચારધારાનું ધીમે-ધીમે પરિવર્તન આવી રહ્યું છે અને ત્યાં પણ આ વિચારધારા વિકસિત થવા લાગી છે વિદેશમાં પણ ભારતીય સંસ્કૃતિને લોકો અપનાવવા લાગ્યા છે આરબ અમીરાતમાં પણ ભવ્ય હિન્દુ મંદિર બની ચૂક્યા છે આમ વિશ્વ એક મુક્ત વિચારધારા પર આગળ વધી રહ્યું છે આ વસ્તુ રાજકારણને સૌથી વધુ પ્રભાવિત કરશે તે હકીકત છે.અયોધ્યામાં રામમંદિરના લોકાર્પણ સમારોહનો ભાજપને ચૂંટણીમાં ફાયદો મળશે એમાં શંકાને કોઈ સ્થાન નથી. તેનાં બે કારણ જણાવા જેવા છે. પ્રથમ, અગાઉના સર્વેક્ષણો બતાવે છે કે, ભાજપને હિન્દુઓના વોટ અન્ય જાતિઓની સરખામણીએ વધુ મળે છે જે ધર્મને વધુ મહત્વ આપે છે તેઓ ભાજપને જ મત આપવાના છે.

રામ મંદિરનું ઉદઘાટન અને તેની આજુબાજુ બનેલું ઉત્સાહનું વાતાવરણ હિન્દુઓની ભાવનાઓને ચરમ પર લઈ જશે. બીજું, તેમ જે રીતે ભાજપ અને સંઘ પરિવારે ૨૨ જાન્યુઆરીના આયોજન પહેલાં અને પછીની યોજના બનાવી છે, તેના પરિણામે આખરે આ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે મતદારો સુધી પહોંચનો સૌથી મોટો કાર્યક્રમ બની ગયો.

સૌથી પહેલા તો હિન્દુઓની ધાર્મિક પ્રતિબદ્ધતા અને તેમની વોટિંગ પેટર્નના પુરાવા જુઓ. લોકનીતિ-સીએસડીએસ દ્વારા સમયાંતરે એકત્રિત કરાયેલા આંકડા બતાવે છે કે, એ હિન્દુ દ્વારા ભાજપને વધુ વોટ આપવાની પ્રવૃત્તિ સ્પષ્ટ જોવા મળે છે, જે ધાર્મિક ગતિવિધિઓમાં ડૂબેલા રહે છે. સરવેમાંના નિષ્કર્ષમાં જાણવા મળે છે કે, ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં નિયમિત રીતે મંદિરે જતા હિન્દુઓમાંથી ૨૮%એ ભાજપને વોટ આપ્યો હતો, જે ૨૦૧૪માં વધીને ૪૫% અને ૨૦૧૯માં ૫૧% થઈ ગયો. તેનાથી વિરુદ્ધ જે હિન્દુ ક્યારેક જ મંદિરે જાય છે, તેમાંથી ૩૯%એ જ ભાજપને વોટ આપ્યો છે. આ જ રીતે નિયમિત પૂજાલ પાઠ કરતા હિન્દુઓમાંથી ૪૯%એ ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપને વોટ આપ્યો હતો, જ્યારે ક્યારેક જનારામાંથી ૩૫%એ ભાજપને વોટ આપ્યો હતો.

દાન-પુણ્ય, વ્રત-ઉપવાસ, ભજન જેવી અનેક ધાર્મિક ગતિવિધિઓ છે, જેમાં હિન્દુ મોટી સંખ્યામાં ભાગ લે છે. તેમાં ભાગીદારીને ધ્યાનમાં રાખીને જ હિન્દુઓને વધુ અને ઓછા ધાર્મિકમાં વિભાજિત કરાય છે. જે હિન્દુ વધુ ધાર્મિક છે, તેમાંથી ૫૩%એ ૨૦૧૯માં ભાજપને વોટ આપ્યો હતો, જ્યારે માત્ર ૧૦% વોટ કોંગ્રેસને મળ્યા હતા. તેનાથી વિરુદ્ધ એ હિન્દુઓમાંથી જે બહુ ઓછા ધાર્મિક છે- ૩૭%એ ભાજપને જ્યારે ૧૮%એ કોંગ્રેસને વોટ આપ્યો હતો. આ પુરાવા હિન્દુઓ વચ્ચે વધતી ધાર્મિકતાની પ્રવૃત્તિ બતાવે છે

ભારત ભરના હિન્દુઓની વધતી જતી ધાર્મિકતા ભાજપને સૌથી મોટો ફાયદો કરાવશે તેમાં શંકા ને કોઈ સ્થાન નથી. આના કારણે વિશ્વ હિન્દુ પરિષદ રાષ્ટ્રીય સ્વયમ સેવક સંઘ સહિતની સંસ્થાઓએ કરેલી જબરજસ્ત મહેનત પણ આ ચૂંટણીમાં રંગ લાવશે હિન્દુઓ અને ભાજપ વચ્ચે સમર્થન વધતું જાય છે ૨૦૦૯ થી ૨૦૧૯ સુધી આ સંબંધ સતત મજબૂત થઈ રહ્યો છે ભૂતકાળમાં આવું થયું ત્યારે આ વસ્તુ જોવા મળી હતી જ્યારે રામ મંદિર ની ચર્ચા સતત થતી પરંતુ ભાજપ માટે આ જ એવી ઉત્સાહ પૂર્ણ સ્થિતિ તે સમયે નહોતી પરંતુ ૨૦૨૪ માં માત્ર રામ મંદિર ભાજપ માટે સૌથી મોટો ચૂંટણી જીતવાનો મુદ્દો બની ચૂક્યો છે અને આ વસ્તુ જ વિપક્ષી ગઠબંધનને ખૂંચે છે આથી તેમણે મંદિરના સમારોહનો અનાદર કર્યો પરિણામે તેઓ જનતાની વચ્ચે વધુ બદનામ થયા અને જનતાની ભાવનાથી વિમુખ થયા આના કારણે વિપક્ષોને સૌથી મોટો ફટકો આ વખતની ચૂંટણીમાં પડવાનો જ છે. તેમની હિન્દુત્વ વિરોધી વલણ એને ખૂબ જ નુકસાન કરશે તે પણ એટલી જ સત્ય હકીકત છે જેની અવગણના થઈ શકે તેમ નથી બીજી બાજુ ભાજપે પોતાની તરફથી મત મેળવવામાં કોઈક અસર બાકી રાખી નથી મંદિરના ઉદ્ઘાટન સમારોહ માટે પણ તેને મોટા પાયે આઉટ રિચ પ્રોગ્રામ શરૂ કર્યો હતો અને મતદારોને સતત યાદ આપવાનો પ્રયાસ કર્યો છે ભાજપ કહે છે કે અમે જે વાયદા કર્યા છે તે પૂરા કર્યા છે રામ જન્મભૂમિ આંદોલન અંગે એક પુસ્તિકા પણ બહાર પડી છે મતદારોને એ યાદ આપવાનો સતત પ્રયાસ પણ કરવામાં આવે છે કે ભાજપ એ હિન્દુઓ પ્રત્યે જે પ્રતિબંધ બતાવી છે તેને પૂરી કરવામાં તેઓ સફળ રહ્યા છે મોદી હે તો મુમકીન હૈ અને મોદીની ગેરંટી જેવા સૂત્રો ચૂંટણી દરમિયાન સાંભળવા મળે છે અને તેની ખૂબ મોટી અસર જન માનસ પર પડે છે જેનો કોઈ ઇન્કાર કરી શકાય તેમ નથી

# ક્લાઈમેટ ચેન્જની આપત્તિ કાબૂથી બહાર થતી જઈ રહી છે, પહોંચી વળવું ખુબજ મુશ્કેલ : એંટોનિયો ગુટેરેસ

મુંબઇ,

સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ એંટોનિયો ગુટેરેસે ચેતવણી આપતા કહ્યું કે ક્લાઈમેટ ચેન્જની આપત્તિ કાબૂથી બહાર થતી જઈ રહી છે. તેમણે કહ્યું કે ક્લાઈમેટ સંકટ આર્થિક આપત્તિ છે. યુએન ચીફે વિકસિત દેશોને પોતાના નાણાકીય વચનોને પૂરા કરવાની ભલામણ પણ કરી. તેમણે જણાવ્યું કે નાણા મંત્રી તરીકે તમે આ બધુ સારી રીતે જાણો છો. વાવાઝોડું, પૂર, આગ અને દુકાળ વિશ્વભરની અર્થવ્યવસ્થાને ઝડપથી નષ્ટ કરી રહ્યા છે.

સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ એંટોનિયો ગુટેરેસ ક્લાઈમેન્ટ ચેન્જ પર થતી નાણા મંત્રીઓની ૧૧મી મંત્રી સ્તરીય બેઠકમાં પહોંચ્યા હતાં. આ અવસરે ગુટેરેસે ચેતવણી આપતા કહ્યું કે જે રકમ રસ્તા બનાવવા, બાળકોને શિક્ષિત કરવા અને દર્દીઓની સારવાર કરવા માટે થવી જોઈએ, તેનો ક્લાઈમેટ ચેન્જ ઝડપથી નાશ કરી રહ્યું છે.

આ મામલે અર્થશાસ્ત્રી વેરા સોંગવે અને નિકોલસ સ્ટર્નની સહ-અધ્યક્ષતામાં ક્લાઈમેટ ફાઈનાન્સ પરના સ્વતંત્ર ઉચ્ચ સ્તરીય નિષ્ણાત જૂથે અહેવાલ આપ્યો હતો કે બહુપક્ષીય વિકાસ બેંકોના સુધારાથી વાર્ષિક ક્ષમતામાં ૪૦% નો વધારો જોકે (લગભગ ઈ ૩૦૦-૪૦૦ બિલિયન) થઈ શકે છે. આ દરમિયાન ગુટેરેસે તમામ દેશોથી પોતાની ક્લાઈમેટ યોજનાઓને શ્રેષ્ઠ કરવા માટે કહ્યું છે. તેમણે જણાવ્યું કે આપણે વૈશ્વિક તાપમાનના વધારાને ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત કરીને હજુ પણ સૌથી ખરાબ ક્લાઈમેટ સંકટને ટાળી શકીએ છીએ પરંતુ માત્ર ત્યારે જ્યારે આપણે અત્યારે કાર્યવાહી કરીએ. એ મહત્વપૂર્ણ છે કે તમામ દેશ આગામી વર્ષ સુધી રાષ્ટ્રીય સ્તર પર નક્કી યોગદાનની સાથે આગળ આવે.

ગુટેરેસે કહ્યું કે આ યોજનાઓને ૧.૫ ડિગ્રીની મર્યાદિત અનુરુપ હોવુ જોઈએ, જેમાં તમામ ઉત્સર્જન અને પૂરી અર્થવ્યવસ્થાને સામેલ કરવી જોઈએ. નાણા મંત્રી રાષ્ટ્રીય ક્લાઈમેટ યોજનાઓને ડિઝાઈન કરવામાં મહત્વપૂર્ણ છે.

# ગુજરાતની ચોથી જીત

## પંજાબ સતત ચોથી મેચ હારી ગયું : સાઈ કિશોરે ૪ વિકેટ લીધી



મુલ્લાનપુર

IPL-2024માં ગુજરાત ટાઈટન્સે ચોથી જીત નોંધાવી છે. ટીમે વર્તમાન સિઝનની ૩૬મી મેચમાં પંજાબ કિંગ્સને ૩ વિકેટે હરાવ્યું હતું. પંજાબની ટીમ સિઝનમાં સતત ચોથી મેચ હારી છે.પંજાબે તેના હોમ ગ્રાઉન્ડ મુલ્લાનપુરમાં ટૉસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનું પસંદ કર્યું હતું. ટીમ ૨૦ ઓવરમાં ૧૪૨ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ગુજરાતે ૧૪૩ રનનો ટાર્ગેટ ૧૯.૧ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ચેઝ કર્યો હતો. રાહુલ તેવટિયા ૩૬ રન બનાવીને અણનમ પરત ફર્યો હતો.

GTના કેપ્ટન શુભમન ગિલે ૩૫ રન અને સાઈ સુદર્શને ૩૧ રન બનાવ્યા હતા. પંજાબના હર્ષલ પટેલે ત્રણ અને લિયામ લિવિંગ્સ્ટનને બે વિકેટ મળી હતી. પંજાબ તરફથી પ્રભસિમરન સિંહે ૩૫ રન બનાવ્યા હતા. ગુજરાતના સાઈ કિશોરને ૪ વિકેટ મળી હતી. મોહિત શર્મા અને નૂર અહેમદે પણ ૨-૨ વિકેટ લીધી હતી.

# સુજોય ઘોષની ફિલ્મમાં શાહરુખ અને સુહાના પહેલીવાર સાથે કામ કરશે



મુંબઇ,

વર્ષ ૨૦૨૩ શાહરૂખ ખાન માટે ખૂબ જ સારું રહ્યું. એક વર્ષમાં શાહરુખ ખાનની ત્રણ દમદાર ફિલ્મો આવી જેણે બોક્સ ઓફિસ પર જબરદસ્ત કમાણી કરી. હવે શાહરુખ ખાને તેની આગામી ફિલ્મ ધ કિંગ પણ ફાઇનલ કરી લીધી છે. આ ફિલ્મ એક એક્શન ડ્રામા ફિલ્મ હશે જેનું નિર્દેશન સુજોય ઘોષ કરશે. જોકે ખાસ વાત એ છે કે આ ફિલ્મમાં પહેલી વખત શાહરુખ ખાન સાથે તેની દીકરી સુહાના ખાન જોવા મળશે અને તે સિલ્વર સ્ક્રીન પર ડેબ્યૂ કરશે. સુહાના ખાન આ પહેલા જોયા અખ્તરની ફિલ્મ આર્ચિઝ કરી ચૂકી છે પરંતુ સિલ્વર સ્ક્રીન પર આ તેની પહેલી ફિલ્મ હશે.

આ ફિલ્મનું કન્ફર્મેશન આવ્યા પછી ચાહકો સુહાના ખાન અને શાહરુખ ખાનને એક સાથે જોવા માટે આતુર થયા છે. સાથે જ આ ફિલ્મ વિશે પણ વધુને વધુ જાણવા માટે લોકો તલપાપડ છે. ફિલ્મને લઈને પણ અલગ અલગ ચર્ચાઓ ચાલી રહી છે. જેમાં એક ચર્ચા એવી પણ છે કે ધ કિંગ ફિલ્મમાં શાહરુખ ખાન કેમીયો રોલ કરશે અને સુહાના મુખ્ય ભૂમિકામાં હશે.

# તિલક વર્મા હવે આઈપીએલમાં ૨૧ વર્ષની ઉંમરમાં ઋષભ પંત બાદ ૫૦ છગ્ગા મારનાર બીજા ખેલાડી



મુંબઇ,

આઇપીએલ ૨૦૨૪માં મુંબઈ ઈન્ડિયન્સની ટીમે હાર્દિક પંડ્યાની કેપ્ટન્સીમાં ૭મી મેચમાં ત્રીજી જીત મેળવી હતી. પંજાબ કિંગ્સના સામે આ મેચમાં મુંબઈની તરફથી શાનદાર બેટિંગ પ્રદર્શન જોવા મળ્યું જેમાં સૂર્યકુમાર યાદવ ૭૮ રનોની ઈનિંગ રમી. જ્યારે છેલ્લી ઓવરમાં બેટિંગ કરવા ઉતરેલા યુવા બેટ્સમેન તિલક વર્માએ ફક્ત ૧૮ બોલમાં ૨ ચોગ્ગા અને ૨ છગ્ગા મારીને ૩૪ રનની અણનમ ઈનિંગ રમી અને સાથે જ ટીમના સ્કોરને ૧૯૦ને પાર પહોંચાડવામાં મહત્વની ભૂમિકા નિભાવી હતી તિલકે પોતાની આ ઈનિંગના દમ પર આઈપીએલમાં એક ખાસ લિસ્ટમાં પોતાની જગ્યા બાનાવી લીધી.

તિલક વર્માએ પંજાબ કિંગ્સના સામે પોતાની ૩૮ રનોની અણનમ ઈનિંગમાં ૨ છગ્ગા પણ લગાવ્યા જેની સાથે જ તેમણે પોતાના આઈપીએલ કરિયરમાં ૫૦ છગ્ગા પણ પુરા કર્યા. તિલક હવે આઈપીએલમાં ૨૧ વર્ષની ઉંમરમાં ઋષભ પંતના બાદ ૫૦ છગ્ગા મારનાર બીજા ખેલાડી બની ગયા છે.

# મુંબઈ ઈન્ડિયન્સની જીત બાદ પણ BCCIએ કેપ્ટન હાર્દિકને દંડ ફટકાર્યો

મુંબઇ,

મુંબઈ ઈન્ડિન્સના કેપ્ટન હાર્દિક પંડયા ફરી એકવાર વિવાદમાં આવ્યો છે.આઈપીએલ ૨૦૨૪માં મુંબઈ ઈન્ડિયન્સે ગઈકાલે પંજાબ કિંગ્સ સામે જીત મેળવી હોવા છતાં બીસીસીઆઇ કેપ્ટન હાર્દિક પંડ્યાથી નારાજ થઈ છે. આઈપીએલ ૨૦૨૪માં ૧૮ એપ્રિલે મુંબઈ ઈન્ડિયન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે રોમાંચક મેચ જોવા મળી હતી. જે હાર્દિક પંડયાની મુંબઈએ ૯ રને જીતી હતી. આ સિઝનમાં મુંબઈની આ ત્રીજી જીત છે. જો કે આ જીત બાદ મુંબઈના કેપ્ટન હાર્દિક પંડ્યાને સજા મળી છે. જે બાદ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડએ હાર્દિક પંડયાને દંડ ફટકાર્યો છે. ફરી એકવાર આ મેચમાં હાર્દિક પંડ્યાનું પ્રદર્શન કંઈ ખાસ રહ્યું ન હતું. હાર્દિક પંડયાએ બેટિંગ દરમિયાન માત્ર ૧૦ રન બનાવ્યા હતા, આ સિવાય બોલિંગ દરમિયાન તેને એક સફળતા મળી હતી.

વાસ્તવમાં, મુંબઈ ઈન્ડિયન્સ પંજાબ કિંગ્સ સામે ધીમી ઓવર રેટથી બોલિંગ કરવા માટે દોષી સાબિત થઈ હતી. જે બાદ ટીમના કેપ્ટન હાર્દિક પંડયા પર ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ સિઝનમાં પ્રથમ વખત મુંબઈએ ધીમી ઓવર રેટથી બોલિંગ કરી હતી. જો કોઈ ટીમ મેચ દરમિયાન ધીમી ઓવર રેટ કરે છે તો તેના કેપ્ટનને ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવે છે.

મુંબઈ ઈન્ડિયન્સને પંજાબ સામે સિઝનની ત્રીજી જીત મળી છે.

# માત્ર એક ભારતીય કંપનીએ બનાવેલી શાહી માત્ર ભારત જ નહિ ૩૦ દેશોમાં લોકશાહીની રક્ષક

નવીદિલ્હી,

દેશમાં ચૂંટણીનો માહોલ છે. તેની સૌથી મોટી ઓળખ આંગળી પર શાહીનું નિશાન છે, જે તાત્કાલિક ભુંસાતુ નથી. પરંતુ શું તમે જાણો છો કે ચૂંટણીમાં ધાંધલ ધમાલ રોકવા માટે ‘વિશ્વાસ’ના પ્રતીક તરીકે લાવવામાં આવેલી આ શાહી માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વના ૩૦ દેશોમાં લોકશાહીની રક્ષક છે. માત્ર એક ભારતીય કંપની જ તેનું ઉત્પાદન કરે છે. મૈસૂર પેઈન્ટ્સ અને વાર્નિશ ૧૯૬૨ થી આ શાહીના એકમાત્ર સપ્લાયર છે. આ શાહીનો ઉપયોગ મતદાતાએ મત આપ્યા બાદ તેની આંગળી પર લગાવીને ચૂંટણીમાં કરવામાં આવે છે. આ દર્શાવે છે કે તેણે પોતાની મતાધિકારનો ઉપયોગ કર્યો છે અને હવે તે ફરી મતદાન કરી શકશે નહીં. પરંતુ જાણો આ શાહીની વાસ્તવિક શરૂઆત ૧૯૩૭ થી થાય છે. મૈસૂર પેઈન્ટ્સ એન્ડ વાર્નિશ કંપનીની રચના ૧૯૩૭માં મૈસુર રાજ્યના તત્કાલીન મહારાજા નલવડી કૃષ્ણરાજા વાડયાર દ્વારા ‘મૈસુર લાખ એન્ડ પેઈન્ટ્સ વર્ક્સ’ તરીકે કરવામાં આવી હતી. તે સમયે મૈસૂર અને નાગરહોલના જંગલોમાંથી એકત્ર કરાયેલા આ એકમમાં ‘લાખ’ (જંતુઓમાંથી મેળવવામાં આવતો પદાર્થ) બનાવવાનું કામ કરવામાં આવતું હતું. તેનો હેતુ સ્થાનિક લોકોને ‘લાખ’ એકત્ર કરવાનું કામ આપવાનો હતો. તે સમયે લાખમાંથી બંગડીઓ બનાવવામાં આવતી હતી. ભારતીય રેલવે અને ભારતીય પોસ્ટ આ લાખની મદદથી બનેલા મીણથી પરબિડીયાઓ અને પાર્સલને સીલ કરતી હતી. બાદમાં ચૂંટણી પંચે પણ આ જ પદ્ધતિનો ઉપયોગ કરીને મતપેટીઓ સીલ કરવાની શરૂઆત કરી હતી. ચૂંટણી પંચની વિનંતી પર જ કંપનીએ અદમ્ય શાહી બનાવવાનું શરૂ કર્યું. જ્યારે ઈન્દિરા ગાંધીએ ૧૯૮૦માં ફોરેસ્ટ કન્ઝર્વેશન એક્ટ પસાર કર્યો ત્યારે કંપનીએ જંગલોમાંથી સામગ્રી એકઠી કરવાનું બંધ કરી દીધું હતું. આ પછી કંપનીએ તેનું નામ બદલીને મૈસૂર પેઈન્ટ્સ એન્ડ વાર્નિશ કર્યું. આજે સીલિંગ માટે વપરાતા મીણમાં લાખનો ઉપયોગ થતો નથી. જો કે કંપની હજુ પણ કેટલીક કુદરતી પોલિશ બનાવે છે.

# સામૂહિક બળાત્કારનો ભોગ બનેલી સ્પેનિશ મહિલાએ એક વિડિયો જાહેર કર્યો : રાતની અગ્નિપરીક્ષા વર્ણવી



રાંચી,

ઝારખંડના દુમકામાં સામૂહિક બળાત્કારનો ભોગ બનેલી સ્પેનિશ મહિલાએ હવે એક વીડિયો જાહેર કર્યો છે. આમાં તેણીએ જે ડરામણી ઘટનામાંથી પસાર થઈ હતી તેનું વર્ણન કર્યું. લગભગ એક કલાક લાંબા વીડિયોમાં દંપતીએ કહ્યું કે ઘણું બધું કહેવામાં આવ્યું છે, કેટલીક વાતો સાચી છે અને કેટલીક ખોટી છે. તેથી તે કહેવા માંગે છે કે ખરેખર શું થયું.

નોંધનીય છે કે રાંચીથી લગભગ ૩૦૦ કિલોમીટર દૂર હંસદિહા પોલીસ સ્ટેશન વિસ્તારના કુરુમહાટમાં ૨ માર્ચે ૨૮ વર્ષની સ્પેનિશ મહિલા પર કથિત રીતે સામૂહિક બળાત્કાર થયો હતો. આ ઘટના બની ત્યારે તે તેના પતિ સાથે ટેન્ટમાં રાત વિતાવી રહી હતી. આ કપલ હવે સ્પેન પરત ફર્યું છે. તે બાઇક દ્વારા લગભગ ૬૭ દેશોની યાત્રા કરી ચૂક્યો છે. હવે તેણે ફરી એકવાર પ્રવાસ શરૂ કર્યો. દંપતી કહે છે કે તેઓ આ ભયાનક ઘટનાની યાદોને ભૂંસી નાખવા માંગે છે.

વીડિયોની શરૂઆત દંપતી દુમકા ક્રોસ કરતી વખતે રાત્રે કેમ્પ કરવા માટે જગ્યા શોધી રહી છે. તેઓ લોકોથી દૂર એવી જગ્યા પર રહેવા માંગતા હતા, પરંતુ તરત જ કેટલાક સ્થાનિક લોકોએ તેમને ઘેરી લીધા અને તેમની પૂછપરછ શરૂ કરી. મહિલાએ દાવો કર્યો છે કે તેના પર સાત લોકોએ બળાત્કાર ગુજાર્યો હતો. વીડિયોમાં એક કથિત ગુનેગારને બતાવવામાં આવ્યો છે. ઘટનાનું વર્ણન કર્યા પછી, દંપતી તેમના ચહેરા અને હાથ પર ઈજાઓ સાથે હોસ્પિટલમાં જોવા મળે છે.

વીડિયોમાં દંપતીએ કહ્યું, ’અમે બધું રેકોર્ડ કરવાનું નક્કી કર્યું, કારણ કે અમને ખબર ન હતી કે શું થવાનું છે. અમને ખબર ન હતી કે પોલીસ અમને ગંભીરતાથી લેશે, જો તેઓ અમને ઘરે મોકલશે.

મહિલાએ કહ્યું, ’મને લાગે છે કે દુનિયામાં દરેક મને કહેશે કે ભારત ન જાવ. પરંતુ જીવન આના કરતાં ઘણું મુશ્કેલ છે. ભારતમાં મારી સાથે જે કંઈ થયું તે ગમે ત્યાં થઈ શકે છે.

# આર્ટિકલ 370 બાદ હવે ડાયરેક્ટર દેખાડશે કાશ્મીરની સુપરનેચરલ સ્ટોરી




મુંબઈ

આર્ટિકલ ૩૭૦ નિર્માતા-દિગ્દર્શક જોડી આદિત્ય ધર અને આદિત્ય સુહાસ જાંભલેએ આર્ટિક્લ-૩૭૦ પહેલા બારામુલા ફિલ્મ પર કામ શરૂ કર્યું હતું. પણ પહેલા આર્ટિક્લ-૩૭૦ તૈયાર થઈ ગઈ. હવે મેકર્સ બારામુલા લઈને આવવાના છે.

દરેક ફિલ્મનું પોતાનું ભાગ્ય હોય છે. ઘણી વખત ફિલ્મ તૈયાર હોય છે પણ રિલીઝ થતી નથી. ફિલ્મ બારામુલા સાથે પણ કંઈક આવું જ થયું છે. આર્ટિકલ ૩૭૦ નિર્માતા-દિગ્દર્શક જોડી આદિત્ય ધર અને આદિત્ય સુહાસ જાંભલેએ આર્ટિકલ - ૩૭૦ પહેલા બારામુલા ફિલ્મ પર કામ શરૂ કર્યું હતું. આ ફિલ્મનું શુટિંગ થઈ ગયું હતું પણ આર્ટિકલ -૩૭૦ની કહાની આવતા તે પહેલા તૈયાર થઈને રીલીઝ થઈ ગઈ હવે બારામુલાની વારી છે. આદિત્ય સુહાસ જાંભલેએ કહ્યું કે ’ એક-બે મહિનામાં કાશ્મીરની જમીન પર બનેલી સુપરનેચરલ ફિલ્મની રીલીઝ ડેટ જાહેર કરીશું અત્યારે ફિલ્મના વિઝ્યુલ ઈફેક્ટ્સ પર કામ ચાલી રહ્યું છે.

બારામુલા બનાવવા અંગે આદિત્ય સુહાસ કહ્યું કે , ’આ ફિલ્મ મેં જાતે લખી છે. મારા મનમાં એક જ વિચાર હતો કે શું કાશ્મીરમાં સુપરનેચરલ ફિલ્મ બનાવી શકાય. મેં આદિત્ય ધરને કહ્યું હતું કે હું આ વાર્તા લખીશ. તેણે મંજૂરી આપી. પછી હું ગોવા ગયો. છ મહિના સુધી સંશોધન કર્યું, કાશ્મીરી લોકોને મળ્યા. આદિત્યને સ્ક્રિપ્ટ ગમી અને અમે શૂટિંગ શરૂ કર્યું. બારામુલા ફિલ્મ જોયા પછી આદિત્ય ધરના મનમાં આર્ટિકલ-૩૭૦નો વિચાર આવ્યો અને તેણે મને કહ્યું કે તમે તે ફિલ્મ માટે યોગ્ય નિર્દેશક હશો.

# સાન ફ્રાન્સિસ્કો શહેરે પોતાના નામના ઉપયોગ બદલ ઓકલેન્ડ પર કેસ કર્યો




ઓકલેન્ડ,

ઓકલેન્ડના અધિકારીઓએ શહેરના એરપોર્ટનું નામ બદલીને સાન ફ્રાન્સિસ્કો બે ઓકલેન્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ રાખવાની તરફેણમાં મતદાન કર્યા પછી સાન ફ્રાન્સિસ્કોએ ઓકલેન્ડ પર દાવો માંડ્યો હતો અને કહ્યું હતું કે આ ફેરફાર મૂંઝવણ પેદા કરશે અને આ બાબત તેના એરપોર્ટને પહેલેથી જ આર્થિક રીતે અસર કરી રહ્યું છે.ગયા અઠવાડિયે ઓકલેન્ડ પોર્ટ માટેના બોર્ડ ઓફ કમિશ્નરોએ નામ-ફેરફાર સાથે આગળ વધવા માટે સર્વસંમતિથી મતદાન કર્યું હતું અને ૯ મેના રોજ અંતિમ મંજૂરી માટે બીજો મત સુનિશ્ચિત કર્યો હતો. એરપોર્ટને હાલમાં ઓકલેન્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ કહેવામાં આવે છે તેમાં સન ફ્રાન્સિસ્કો નામ ઉમેરવામાં આવ્યું છે. સાન ફ્રાન્સિસ્કો સિટી એટર્ની ચીયુએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અમે આશા રાખી હતી કે ઓકલેન્ડ સમજી જશે પરંતુ સ્વીકાર્ય વૈકલ્પિક નામ પર સહયોગ કરવાનો તેમનો ઈનકાર અમને સમ ફ્રાન્સિસ્ક ના ટ્રેડમાર્કને સુરક્ષિત કરવા માટે દાવો દાખલ કરવા સિવાય કોઈ વિકલ્પ છોડતો નથી.

# બ્રિટનમાં બીમારીના કારણે રજા લેનારા લોકોની સંખ્યા વધી

લંડન,

બ્રિટનમાં લોકો લાંબા સમય સુધી બીમારીની રજા પર રહે છે, જેના કારણે કામકાજ પ્રભાવિત થઈ રહ્યું છે. આવી સ્થિતિમાં હવે વડાપ્રધાન ઋષિ સુનક લાંબા ગાળાની માંદગી રજા માટેના નિયમોને વધુ કડક કરવા પર વિચાર કરશે. સુનાક કાયમી ધોરણે કર્મચારીઓને છોડીને જતા લોકોની સંખ્યામાં વધારો અટકાવવા માટે પગલું ભરશે.શ્રમ દળની સહભાગિતા ૨૦૧૫ પછી સૌથી નીચી છે, કારણ કે લાંબા ગાળાની માંદગીમાં વધારો અને વિદ્યાર્થીઓની સંખ્યા વધુ છે, અન્ય મોટા સમૃદ્ધ દેશોની સરખામણીએ કે જેમણે ૨૦૨૦ થી ભાગીદારીમાં વધારો જોયો છે.

સુનાકે કહ્યું હતું કે માનસિક સ્વાસ્થ્યની સ્થિતિને કારણે કામ ન કરતા લોકોની વધતી સંખ્યા ચિંતાનો વિષય છે. તેમણે કહ્યું કે આપણે લોકોને કામ પર પાછા ફરવામાં મદદ કરવા માટે વધુ મહત્વાકાંક્ષી બનવાની જરૂર છે અને જીવનના રોજિંદા પડકારોને વધુ તબીબી બનાવવાના જોખમ વિશે વધુ પ્રમાણિક બનવાની જરૂર છે.

સત્તાવાર માહિતી અનુસાર, ૧૬ થી ૬૪ વર્ષની વયના લગભગ ૯.૪ મિલિયન લોકો, અથવા ૨૨ ટકા, ન તો કામ કરે છે.

# પાર્ટીઓમાં હાજરી ન આપવાથી કામથી હાથ ધોવા પડે છે : પરિણીતિ ચોપડા



મુંબઇ,

પરિણીતિ ચોપડાનું કહેવું છે કે બૉલીવુડની પાર્ટીઓમાં હાજરી ન આપવાથી મારે ઘણા પ્રોજેક્ટ્સમાંથી હાથ ધોવા પડ્યા હતા. તેની છેલ્લી ઘણી ફિલ્મો બૉક્સ-ઑફિસ પર નથી ચાલી, પરંતુ ’અમર સિંહ ચમકીલા’ના પાત્ર માટે તેનાં વખાણ થયાં છે. તેને કરીઅરમાં ઘણી વાર ખોટી સલાહ મળી હતી અને તેણે ઘણા ખોટા પ્રોજેક્ટ સાઈન કર્યા હોવાથી તે સારી ફિલ્મોનો ભાગ નહોતી બની શકી.

આ વિશે વાત કરતાં પરિણીતિ કહે છે, ‘બૉલીવુડની પાર્ટીઓમાં, ડિનર્સ પર અને લંચ દરમ્યાન કામને લઈને અથવા તો રોલને લઈને ચર્ચા કરવામાં આવે છે, પરંતુ હું એમાં નથી જતી. હું ઈચ્છું છું કે પ્રોડ્યુસર્સ અથવા તો ડિરેક્ટર્સ મને કામ માટે ફોન કરે, કારણ કે હું સખત મહેનત કરવા તૈયાર છું. ૧૦ વર્ષ પહેલાં મને ‘ઈશકઝાદે’ માટે નૅશનલ અવૉર્ડ મળ્યો હતો. હું આજે પણ એ જ ઍક્ટર છું. બૉલીવુડમાં એક લૉબી ચાલે છે અને જે લોકો પાર્ટીમાં હાજરી નથી આપતા તેમણે કામથી હાથ ધોવા પડે છે એ વિશે વાત કરતાં પરિણીતિ કહે છે.

# જામનગરમાં હિન્દુ સેના દ્વારા રામ સવારીનું ભવ્ય આયોજન કરાયું







તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર દિગ્વિજય પ્લોટ શંકર ટેકરી વિસ્તાર રામનગરના ખૂણે આવેલ શંકરના મંદિરેથી રામ નવમી નિમિત્તે રામસવારીનું પ્રસ્થાન કરી શ્રી રામ અને શ્રી હનુમાનજી સ્વરૂપે રામસવારી બપોરે ૧:૩૦ વાગ્યે વાંજતે ગાજતે હિન્દુ સેનાના ગુજરાત અધ્યક્ષ પ્રતિક ભટ્ટ, આ વિસ્તારના કોર્પોરેટર પ્રવિણસિંહ જાડેજા, બીજેપીના હિતેશ શેઠિયા દ્વારા પ્રસ્થાન કરાવી શંકર ટેકરીના મુખ્ય માર્ગો પર જય શ્રી રામના નાદ સાથે રામ સવારી ફરી અને લોકો રામમય બની ગયા હતા. રામસવારી પ્રસ્થાન વખતે ચારણ સમાજ, ભણસાલી સમાજ, રાજપૂત સમાજ અને અન્ય સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તેમ જ આ જ ચોકમાં દૂધ કોલ્ડ્રીંકની પ્રસાદી અને રામ સવારીના સન્માન સાથે ભવ્ય આયોજન કરેલ હતું. રામસવારી દરમિયાન રસ્તામાં આગળ જતા ગાયત્રી ચોકમાં ગાયત્રી ગરબી મંડળના ગોપાલભાઈ રાઠોડની ટીમ દ્વારા શરબત અને આગળ જતા વિજયભાઈ કોડીની ટીમ દ્વારા શરબત અને ડીજેથી રાજેન્દ્રસિંહ રાઠોડ ની ટીમ દ્વારા રામસવારીનું સ્વાગત તેમજ અલગ અલગ પ્રસાદીના કેમ્પ હતા. અંતમાં સુભાષ પરા શેરી નંબર એક ખાતે રામસવારીનું સ્વાગત તેમજ તમામ રામભક્તો માટે ફલ્હાર નું આયોજન હિન્દુ સેના શહેર પ્રમુખ દીપકભાઈએ કરેલ હતું. આ રામ સવારીમાં ભગવાન શ્રીરામની ભૂમિકા યુવરાજ મહેતા તેમજ હનુમાનજીની ભૂમિકામાં અભયરાજસિંહ ચુડાસમા એ ભજવેલ હતી, હિન્દુ સેના વિભાગ અધ્યક્ષ અશોકભાઈ સોલંકી, એડવોકેટ અલ્પેશ, જિલ્લા યુવા ઉપપ્રમુખ ધીરેન નંદા, શહેર યુવા ઉપપ્રમુખ હિરેન માવાણી, શહેર મંત્રી મયુર ચંદન, સહમંત્રી સંજય ધનવાણી, પૂર્ણકાલીન કિશન નંદા, હર્ષ ભાનુશાળી, જયપાલસિંહ રાઠોડ, રોહિત નાનવાડી, હિરેન ચંદન, મહેશ વસરા, મેહુલ મહેતા, ઉમ ભાનુશાળી, જીલ બારૈયા સહિત જવાબદાર સૈનિકો ખાસ ઉપસ્થિત રહી રામ સવારીની શોભા વધારી હતી. આ સવારીમાં શરૂઆતથી જ સુભાષ પરાના બહેનો ડ્રેસકોડ સાથે રાસગરબા અને તલવારબાજીથી રામમય બની રામ સવારીમાં જોડાયા હતા. રામસવારીનું સંચાલન સંકટ ટેકરી રામસવારી વ્યવસ્થા સમિતિના મુંજાભાઈ ચારણ, બાલુભા જાડેજા, મયુરસિંહ રાઠોડ, અભેસિંગ જાડેજા, સંજય આલિતા, શિવમ ચૌહાણ, હિરેન નંદા, સિધ્ધરાજસિંહ રાઠોડ, બાલાભાઈ ચારણ, વિક્રમ જેઠવા, રામુ મદ્રાસી, નવીનભાઈ, રવિ લાખાણી, સોહિલ સોલંકી સહિતનાએ કર્યું હતું.

## જામનગર ફેક્ટરી એસો. અને ઈન્ડો અમેરિકન ચેમ્બરના સંયુક્ત ઉપક્રમે સેમિનાર યોજાયો



જામનગર : જામનગરના બ્રાસ ઉદ્યોગકારોને અમેરિકા સાથે વ્યાપાર સંબંધિત માહિતી આપવા માટે જામનગર ફેક્ટરી ઓનર્સ એસોસિએશન અને ઈન્ડો અમેરિકન ચેમ્બર ઓફ કોર્મસના સંયુક્ત ઉપક્રમે તા. ૧૦ એપ્રિલ ૨૦૨૪ ના એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

એસો.ના ઓડીટોરિયમ હોલમાં આયોજીત કાર્યક્રમમાં ઈન્ડો-અમેરિકન ચેમ્બરના સ્પીકર મીસ્ટર ડેવીડ નેચમેન, ગિરીશ મોહિલે, સ્નેહલ બત્રા, રંજીતા પ્રકાશ ,ઈન્ડો. અમેરિકન ચેમ્બર ઓફ કોમર્સના ચેરપર્સન કુસુમ કૌલ વ્યાસ, સેકન્ડ વાઈસ ચેરપર્સન તેજીન્દરપાલસિંઘ ઓબેરોય, એસો.ના પ્રમુખ લાખાભાઈ કેશવાલા, ઉપપ્રમુખ સુરેશભાઈ હિરપરા, માનદ મંત્રી મનસુખભાઈ સાવલા, ખજાનચી ભાયલાલભાઈ ગોધાણી, સંપાદક પરેશભાઈ માલાણી, તથા સંલગ્ન સંસ્થાના હોદ્દેદારો, ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતાં. સેમિનારમાં સંસ્થાના પ્રમુખ લાખાભાઈ કેશવાલાએ પોતાના સ્વાગત પ્રવચનમાં જામનગરના બ્રાસ ઉદ્યોગના વ્યવસાય અને રોકાણકારો માટે યુ.એસ. ઈમીગ્રેશન કાયદાઓ તેમના વિકલ્પો એલ-૧ વિઝા, ઈવી-૧, સીએ ઈબી-૫ સહિત અન્ય ઈમીગેશન કાયદાઓ વિશે જામનગરમાં બ્રાસ ઉદ્યોગકારોને જાણકારી મળે, તેનું માર્ગદર્શન આપવા માટે યોજાયેલ આ સેમિનાર આપનાર માહિતીની ઉદ્યોગકારોને અમેરિકા સાથે વ્યાપાર કરવાની તકો ઊભી થશે તેવી આશા વ્યક્ત કરી હતી. ઈન્ડો અમેરિકન ચેમ્બર, સ્પીકરો દ્વારા જામનગર બ્રાસ ઉદ્યોગકારો, વ્યવસાય અને રોકાણ માટે યુએસ ઈમીગેશને કાયદાઓ, તેમના વિકલ્પો તથા વિઝા વિશે વિગતવાર માહિતી આપી ઉદ્યોગકારોમાં પ્રશ્નોના જવાબ આપ્યા હતાં. સેમિનારનું સંચાલન જયા ચૌહાણે કર્યું હતું. જ્યારે આભારવિધિ ઈન્ડો અમેરિકન ચેમ્બરના સેકન્ડ વાઈસ ચેરપર્સન તેજીન્દરપાલસિંઘ ઓબેરોય દ્વારા કરવામાં આવી હતી.

## કલ્યાણપુર તાલુકાના ચૂર, રાજપરા અને ધતુરીયા ગામે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો



દ્વારકા : લોકસભા ચૂંટણી ૨૦૨૪ને અનુલક્ષીને સ્વીપ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ વ્યાપક આયોજનો દ્વારા મતદાનનો દર વધે તે માટે સાતત્યપૂર્ણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

આ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના ચૂર, રાજપરા તેમજ ધતુરીયા ગામે મતદાન જાગૃતિ કાર્યક્રમ દ્વારા મતદાનની આવશ્યકતા નાગરિકોને સમજાવવામાં આવી હતી.

## વિપશ્યના બાલ શિબિર

જામનગર : વિપશ્યના ટ્રષ્ટ, જામનગર ધ્વારા ૮ થી ૧૬ વર્ષની વયના બાળકો માટે વિપશ્યના બાલ આનાપાન શિબિરનું નિઃશુલ્ક આયોજન તા.૨૧-૦૪-૨૦૨૪ રવિવારના રોજ સવારના ૦૯-૩૦ થી ૧૧-૦૦ દરમ્યાન કરવામાં આવેલ છે. આ શિબિરથી બાળકોના દ્રષ્ટિકોણ, વ્યવહાર, અને મનોવૃતિમાં સકારાત્મક ફેરફારો જોવા મળે છે. તો આપના ૮ થી ૧૬ વર્ષની વયના બાળકોને આ શિબિરમાં બેસવા માટે પ્રેરીત કરશો. ( જે બાળકોએ એક દિવસીય બાલ આનાપાન શિબિર કરેલ છે તેઓને આ શિબિરમાં ધ્યાનને ઊંડાણથી સમજવાની તક મળશે.) સ્થળ- ''ધમ્મ સદન', જામનગર વિપશ્યના સમિતિ, આનંદ સોસાયટી શેરી નં.૨, ખડ ખડ નગર, નવાગામ ઘેડ, નવી ડેન્ટલ કોલેજથી પછી, જામનગર. રજીસ્ટેશન તા.૨૦-૦૪-૨૦૨૪ સુધીમાં કરવાનું રહેશે. રજીસ્ટ્રેશન માટે. ૯૩૨૮૯ ૩૪૫૧૮, ૯૯૦૯૦ ૧૦૨૪૫

### યુવાઓમાં મતદાન જાગૃતિ લાવવાના હેતુથી

## જામનગરની સરકારી કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા શૃંખલાનું કરાયું નિર્માણ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : આગામી લોકસભા સામાન્ય ચૂંટણી -૨૦૨૪ અંતર્ગત લોકોમાં મતદાન જાગૃતિ લાવવા માટે જામનગર જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે તેમજ યુવાઓમાં મતદાન જાગૃતિ લાવવાના હેતુથી જામનગરની સરકારી કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા શૃંખલાનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ શૃંખલામાં આચાર્ય, વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઓની ઉત્સાહપૂર્વક ભાગીદારી જોવા મળી હતી. તેઓના સામૂહિક પ્રયત્નોથી કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

## હીટવેવથી પશુધનનું રાખો ખાસ ધ્યાન : પશુપાલકો અને ખેડૂતોએ લેવી વિશેષ કાળજી

જામનગર : ગુજરાતમાં આગામી દિવસો દરમ્યાન તાપમાન વધુ રહેવાની શક્યતા છે. જેને અનુલક્ષીને નાગરિકો પોતાના આરોગ્ય તથા પોતાની આસપાસ વસતાં પશુપક્ષીઓને લૂથી બચાવવા તથા પશુપાલકો તેમજ ખેડૂતો પાકના રક્ષણ કરવા માટે કેટલાક ઉપાયો અપનાવે તે જરૂરી છે. ખેડૂતોએ ઉભા પાકને હળવુ તેમજ વારવાર સિંચન કરવું જોઈએ. પાક વિકાસની મહત્વના સ્તરે સિંચાઈની માત્રા વધારો. નિંદામણ કરીને જમીનના ભેજનું પ્રમાણ જાળવો. વહેલી સવારે અથવા સાંજે સિંચાઈ કરો. જો તમારો વિસ્તાર હીટવેવ કે ફુંકાતા પવનમાં આવતો હોય તો સ્પ્રિક્લરથી સિંચાઈ કરો.

પશુઓને છાયડામાં રાખો અને તેમને શુદ્ધ અને ઠંડું પાણી પુરતા પ્રમાણમાં આપો. તેમની પાસેથી સવારના ૧૧ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધી કામ ન લો. પશુઓના રહેઠાણનું તાપમાન ઓછું કરવા માટે તેના છતને ઘાસની ગંજીથી ઢાંકો, અથવા સફેદ રંગથી રંગો. પશુ રહેઠાણમાં પંખા લગાવો, પાણીનો છંટકાવ કરો, વધુ ગરમી હોય તેવા સંજોગોમાં પશુઓ ઉપર પાણીનો છંટકાવ કરો અથવા પશુઓને પૂરતું પાણી મળી રહે તેની વ્યવસ્થા કરો. આહારમાં પશુઓને લીલો ચારો વધુ માત્રામાં આપો. પૌષ્ટિક, સુપાચ્ય અને સંતુલિત આહાર આપો. પશુ આહારમાં ખનીજદ્રવ્ય (મિનરલ મિક્ષ્ચર)નો સમાવેશ કરો. સવાર અને સાંજના સમયે જ્યારે બહુ ગરમી ન પડતી હોય એ સમયે ચરાવવા લઈ જાઓ. મરઘા ઉછેર કેંદ્રમાં પડદા લગાવો અને હવા ઉજાસની યોગ્ય વ્યવસ્થા કરો.

## જનરલ ઓબ્ઝર્વરે દ્વારકા જિલ્લાના તમામ નોડલ અધિકારીઓ સાથે બેઠક યોજી

દ્વારકા : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત જામનગર લોકસભા મત વિસ્તાર માટે ભારતીય ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત કરાયેલ જનરલ ઓબ્ઝર્વર હસમત અલી યાતોએ દેવભૂમિ દ્વારકા જિલ્લા સેવા સદનના સભાખંડ ખાતે તમામ નોડલ અધિકારીઓ સાથે બેઠક યોજી ચૂંટણીલક્ષી કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.





બેઠકમાં જનરલ ઓબ્ઝર્વરને નોડલ અધિકારીઓની કામગીરી, ખર્ચ મોનિટરિંગ અંતર્ગત નિમવામાં આવેલ ફ્લાઈંગ સ્ક્વોડ, એસ.એસ.ટી, વી.એસ.ટી. ચેક પોસ્ટની વિગતો, ન્યુઝ મોનિટરિંગ સહિતની બાબતોથી નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી જે. ડી.પટેલે પ્રેઝન્ટેશનના માધ્યમથી માહિતગાર કર્યા હતા.જનરલ ઓબ્ઝર્વરે પણ વિવિધ નોડલ અધિકારીઓ દ્વારા હાથ ધરાયેલ કામગીરી તથા તૈયારીઓની સમીક્ષા કરી હતી અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દેવભૂમિ દ્વારકા જી.ટી.પંડ્યા, નોડલ ઓફિસર ખર્ચ અને જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી.ધાનાણી, નિવાસી અધિક કલેક્ટર ભૂપેશ જોટાણીયા સહિત જિલ્લાના તમામ નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મહિલાઓ માટે પૂર્વ માસિક લગત સમસ્યા અંગે ઈટ્રા ખાતે પ્રિ-મેન્સ્ટ્રૂઅલ સિન્ડ્રોમ માટે નિઃશૂલ્ક ઓ.પી.ડી.નું આયોજન

જામનગર : આઈ. ટી. આર. એ. જામનગર હોસ્પિટલ ખાતે ક્રિયાશરિર વિભાગ દ્વારા પાચ દિવસિય ખાસ ઓ.પી.ડી.નું આયોજન તા. ૨૨ થી ૨૬ એપ્રિલ ૨૦૨૪, ક્રિયા શરીર વિભાગ, ઓ.પી.ડી. બ્લોક (યુ.જી. હોસ્પિટલ), હનુમાન ગેઈટ પોલિસ ચોકી પાસે પંચકર્મ ભવનની બજુમાં, ધન્વંતરી મેદાન પરિસર, જામનગર. સવારે ૯ થી ૧૨ તેમજ સાંજે ૪ થી ૫:૧૫ સુધી વિનામૂલ્યે કરવામાં આવ્યું છે જેમાં પ્રિમેન્સ્ટ્રૂઅલ્પ ર્વ માસિક અવસ્થા) લગત સમસ્યાઓ માટે નિઃશુલ્ક નિદાન તથા સારવાર આપવામાં આવશે.

વર્તમાન જીવનશૈલીને કારણે વિવિધ રોગોનું પ્રમાણ દિનપ્રતિદિન વધી રહ્યું છે. આ વચ્ચે પ્રિમેન્સ્ટ્રૂઅલ સિન્ડ્રોમ મહિલાઓમાં વ્યાપક પણે જોવા મળે છે. આ સમસ્યા શારિરીક-માનસિક રોગોનો સમૂહ છે જે માસિક અવસ્થાના થોડા સમય પહેલાં શરૂ થાય ચે જેમાં મહિલાઓમાં વજન વધવું, હાથ પગમાં સોજો આવવો, થાક લાગવો, માથાનો દુઃખાવો, ચક્કર આવવા, કબજિયાત, પેટ ફૂલવું, સ્તનમાં ભારીપણું અને દુખાવો જેવા શારિરીક લક્ષણો અને ડિપ્રેશન જલ્દી ગુસ્સો આવવો, ભ્રમ, મૂડ સ્વિંગ્સ ધ્યાન કેન્દ્રિત કરવામાં તકલીફ પડવી, ભૂલવાની સમસ્યા ચિંતા, ચિડિયાપણું જેવા માનસિક લક્ષણો ઉત્પન્ન થાય છે.

ઉપરોક્ સમસ્યાઓ અનુભવતી મહિલાઓ માટે નીચે દર્શાવેલ સમય-સ્થળે નિઃશુલ્ક ઓ.પી.ડી.નું આયોજન કરવામાં આવ્યું છે જેનો લાભ લેવા આઈ.ટી.આર.એ.ના નિયામક પ્રો. વૈદ્ય અને પ ઠાકર દ્વારા યાદીમાં જણાવવામાં આવે છે.

## સેવાભાવી યુવા કાર્યકરને રામનવમીની ખાસ શુભેચ્છા પાઠવતા કેબિનેટ મંત્રી



ખંભાળિયા : ખંભાળિયામાં રામનવમીના પવિત્ર પર્વે અહીં ખાસ ઉપસ્થિત રહી અને ધાર્મિક આયોજનોમાં સહભાગી થયેલા અહીંના ધારાસભ્ય અને રાજયના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ અહીંના એક સેવાભાવી યુવા કાર્યકરને ભગવાન શ્રી રામના ઉપેરણા પહેરાવી, શુભેચ્છાઓ પાઠવી હતી.

બુધવારે રામનવમીના પાવન પર્વ નિમિત્તે નીકળેલી શોભાયાત્રા તેમજ પૂજન-અર્ચનમાં કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આટલું જ નહીં, અહીંના રોબિન હૂડ આર્મી સહિત વિવિધ સેવાકીય સંસ્થાઓ સાથે સંકળાયેલા સક્રિય સેવાભાવી યુવા કાર્યકર વિકીભાઈ રૂઘાણી (ફોન ઓન)ને ત્યાં ખાસ ઉપસ્થિત રહી અને કેબિનેટ મંત્રી મુળુભાઈએ ભગવાન શ્રી રામના ઉપરણાઓ પહેરાવીને ખાસ શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં યુવાનો, કાર્યકરો તેમજ આગેવાનો પણ જોડાયા હતા.

## ભાણવડના છેતરપિંડી કેસનો ફરાર આરોપી આઠ વર્ષ્રો ઝડપાયો



ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ ખાતે આઠ વર્ષ પૂર્વે એક શખ્સ સામે છેતરપિંડીનો કેસ નોંધાયો હતો. જેમાં તે નાસતો ફરતો હતો. જેને પોલીસે ખંભાળિયા ખાતેથી ઝડપી લીધો છે.

ભાણવડમાં રહેતા એક આસામી સાથે આજથી આશરે ૮ વર્ષ પૂર્વે છેતરપિંડી થયાનો બનાવ ભાણવડ પોલીસ મથકમાં નોંધાયો હતો. વર્ષ ૨૦૧૭માં ભાણવડમાં થયેલી છેતરપિંડી પ્રકરણમાં હાલ બેંગ્લોરના જે.પી. નગર વિસ્તારમાં રહેતા રવિ વિનોદરાય કોટેચા નામના ૪૩ વર્ષના શખ્સને એલ.સી.બી. પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ સ્ટાફ દ્વારા ખંભાળિયા ખાતેથી ઝડપી લેવાયો હતો. આ સમગ્ર કામગીરી એ.એસ.આઈ. મસરીભાઈ ભારવાડીયા, લાખાભાઈ પિંડારિયા, ભરતભાઈ જમોડ, દિનેશભાઈ માડમ, તથા અરજણભાઈ આંબલીયા દ્વારા કરવામાં આવી હતી. આઠેક વર્ષથી નાસતા ફરતા આ આરોપીને એલસીબી પોલીસે ઝડપી લઈ તેનો કબજો હાલ ખંભાળિયા પોલીસને સોંપવામાં આવ્યો છે.

## જામનગરમાં મોબાઈલ ફોનમાં ક્રિકેટનો સટો રમતો શખ્સ ઝડપાયો

જામનગર : જામનગર ના સીટી બી. ડિવિઝન ના પોલીસ સ્ટાફે ગઈકાલે નવાગામ ઘેડ વિસ્તારમાં દરોડો પાડી જાહેરમાં મોબાઈલ ફોનની આઈડી મારફતે ક્રિકેટનો સટ્ટો રમી રહેલા એક શખ્સને ઝડપી લીધો છે, અને મોબાઈલ ફોન વગેરે કબજે કર્યા છે.

નવાગામ ઘેડ ગાયત્રી ચોક વિસ્તારમાં રહેતો હિતેશ નારણભાઈ સદાદીયા નામનો શખ્સ ગાયત્રી ચોકમાં જાહેરમાં ઊભા રહીને પોતાના મોબાઈલ ફોનની ક્રિકેટની આઈડી પર હારજીતનો સટ્ટો રમી રહ્યો છે, તેવી બાતમી સીટી બી. ડિવિઝન ના સ્ટાફ ને મળતાં ગઈ રાત્રે દરોડો પાડી હિતેશ સદાદીયાને ઝડપી લીધો છે, અને તેની પાસેથી રૂપિયા ૪૧૦ ની રોકડ અને મોબાઈલ ફોન સહિતનું સાહિત્ય કબજે કર્યું છે. જેની સામે સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં જુગારધારા અંગેનો ગુનો નોંધવામાં આવ્યો છે.

## જામનગરમાં નેત્રયજ્ઞ, દંતયજ્ઞ અને વિનામુલ્યે સર્વરોગ નિદાન અને સારવારનો મેગા કેમ્પ

જામનગર : જામનગરના વનીતાબેન વિશ્વનાથ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ નટુભાઈ ત્રિવેદીના સહકાર દ્વારા નીચે મુજબ નેત્રયજ્ઞ, દંતયજ્ઞ અને વિનામુલ્યે નિદાન અને સારવારનો મેગા કેમ્પોનું આયોજન તારીખ ૨૫.૦૪.૨૦૨૪, ગુરૂવારના રોજ સ્વામીનારાયણ મંદિર, બેડીગેઈટ, ખાદી ભંડાર સામે, જામનગર ખાતે સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ દરમ્યાન થયેલ છે.

આ કેમ્પમાં ડો. હિરાબેન જોશી દ્વારા સર્વરોગ નિદાન અને સારવાર સાથે મફત દવા આપશે. ડો. જયસુખ મકવાણા (ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટની ટીમ દાંતની તપાસ કરી હલતા દાંત જલંધર પધ્ધતિથી દુખાવા વગર કાઢી આપશે. કાળા દાંત સફેદ કરવા દવા આપશે અને દાંતના ચોકઠા રાહત ભાવે બનાવી ફીટ કરી આપશે. આંખના મોતિયાના દર્દીને દાકતર દ્વારા તપાસી આંખના મોતીયાના ઓપરેશન માટે ઓપ્ટોમેટ્રીકસ શ્રી પૃથ્વીરાજસિંહ જાડેજા દ્વારા તપાસ કરી રાજકોટ શ્રી રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ કેમ્પ પુરો થયે મોકલી મફતમાં નેત્રમણી બેસાડી આપવામાં આવશે. તદુપરાંત નાડીવૈધ શ્રી અજીતકુમાર દર્દીઓના શારિરીક દુળ્ખાવાને તપાસી સારવાર આપશે.

આ કેમ્પનો વિશાળ સંખ્યામાં લાભ લેવા વી. વી. ત્રિવેદી ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી નટુભાઈ ત્રિવેદી (મો. ૯૯૯૮૦ ૯૫૨૧૦)દ્વારા અપીલ કરવામાં આવેલ છે.

## ખંભાળિયામાંથી પીધેલી હાલતમાં કાર ચાલક ઝબ્બે

ખંભાળિયા : ખંભાળિયા તાલુકાના ભાડથર ગામે રહેતા ગઢવી ભીમા નગા ધારાણી (ઉ.વ. ૩૫) ને પોલીસે અત્રે લાલપરડા ચેકપોસ્ટ પાસેથી કેફી પીણું પીધેલી હાલતમાં રૂપિયા ૬૦ હજારની કિંમતની જી.જે. ૦૩ ડી.જી. ૮૩૪૭ નંબરની ઈક્કો મોટરકાર ચલાવતા ઝડપી લઈ, ગુનો નોંધ્યો હતો.

ખંભાળિયા-જામનગર ધોરીમાર્ગ પર અત્રેથી આશરે ૧૫ કિલોમીટર દૂર દેવળિયા ગામની એક પોસ્ટ પાસેથી પોલીસે કેફી પીણું પીધેલી હાલતમાં ડ્રાયવિંગ લાયસન્સ વગર મોટરસાયકલ પર નીકળેલા લાલપુર તાલુકાના પડાણા ગામના રહીશ વિરમ સામત બથવાર (ઉ.વ. ૩૭) ને ઝડપી લઈ, તેની સામે જુદી જુદી કલમ હેઠળ કાર્યવાહી કરી હતી.

## અવસાન નોંધ

**જામનગર :** મૂળ ખીજડીયા(ખારી) હાલ જામનગર નિવાસી કલ્પનાબેન વિજયકુમાર ભટ્ટ ઉ.વ. ૬૩ (પ્રિન્સીપાલ, બાલાનંદ વિદ્યાનિકેતન હાઈસ્કૂલ, ) તે વિજયકુમાર પ્રતાપરાય ભટ્ટ(સ્ટેટ બેંક)ના ધર્મપત્ની તે પ્રતાપરાય ગમનલાલ ભટ્ટ(નિવૃત્ત તાલુકા વિકાસ અધિ.)ના પુત્રવધુ, સ્વ. હિંમતભાઈ, સ્વ.નવનીતભાઈ, જનકભાઈ, વિનોદભાઈ, ઈન્દુભાઈ, મુકુંદભાઈના ભત્રીજા વહુ, તે મીનાક્ષીબેન મહેશચન્દ્ર પુરોહિત (ધારી), જયેશભાઈ, ચંદ્રેશભાઈ તથા અશ્વિનભાઈના ભાભી તે દર્શનાબેન રાકેશકુમાર પુરોહિત, ગાર્ગીબેન તથા ગુંજનબેન ના માતુશ્રી, કશ્યપ, ઓમ, ધ્રુવ, મીત, નિસર્ગ, બ્રિન્દા, મીરાના ભાભુ અને મુળ અરણીયાળા હાલ જામનગર સ્વ. મણિશંકર વાસુદેવ પુરોહિતના પુત્રી અને સ્વ. પ્રવીણભાઈ તથા જયેશભાઈ (પ્રમુખ, બાલાનંદ વિદ્યાસભા ટ્રસ્ટ જામનગર) આશાબેન રસિકલાલ ભટ્ટ, જયશ્રીબેન પિયુષકુમાર ભટ્ટના નાના બહેન તા. ૧૯/૦૪/૨૦૨૪ ને શુક્રવારના રોજ વૈકુંઠવાસી થયેલ છે જેમનુ ઉઠમણું તથા પિયર પક્ષની સાદડી તા. ૨૨/૦૪/૨૦૨૪ સોમવારના રોજ સાંજે ૫:૦૦ થી ૬:૦૦ દરમ્યાન નર્મદેશ્વર મહાદેવ મંદિર, પંચવટી સોસાયટી, જામનગર મુકામે રાખેલ છે. વિજયકુમાર - ૯૪૨૮૫ ૭૦૬૦૪, જયેશભાઈ (જુનાગઢ )- ૯૪૦૮૨ ૧૩૩૩૯, ચંદ્રેશભાઈ (જુનાગઢ )-૯૪૨૭૨ ૧૨૭૯૫, અશ્વિનભાઈ(અમદાવાદ)-૯૪૨૬૯૯૩૧૫૮, જયેશ પુરોહિત (જામનગર)- ૯૮૨૪૨૧૪૨૧૬

**જામનગર :** જામનગરના હિરજીભાઈ નરશીભાઈ રાંક (સોજીત્રા) તે જમનભાઈ અરવિંદભાઈ અને દિનેશભાઈ સોજીત્રા( જી.જી હોસ્પિટલ)ના પિતાજી તારીખ ૨૦ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. સદગતનું બેસણું સોમવાર તારીખ ૨૨ના રોજ સાંજે ૫ થી ૬ દરમિયાન, લેઉવા પટેલ સમાજ, રણજીતનગર, જામનગર ખાતે રાખેલ છે.


# ગરમીમાં હાલ રાહત પરંતુ મંગળવારથી આકરા તાપ માટે તૈયાર રહેજો

## તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો થયો ઘટાડો

અમદાવાદ,

રાજ્યમાં ગરમીથી આંશિક રાહત મળી છે. જેમાં મોટાભાગના શહેરોમાં તાપમાન ઘટ્યું છે. તેમજ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો થયો છે. તથા વલ્લભ વિદ્યાનગરમાં સૌથી વધુ ૩૯.૭ ડિગ્રી તાપમાન રહ્યું છે. રાજ્યના ૩ શહેરોમાં તાપમાન ૩૯ ડિગ્રીને પાર ગયુ છે.વડોદરા ૩૯.૦ ડિગ્રી, અમરેલી ૩૯.૪ ડિગ્રી તેમજ અમદાવાદ ૩૭.૬, ગાંધીનગરમાં ૩૭.૩ ડિગ્રી તાપમાન છે.

સુરતમાં ૩૮.૦ ડિગ્રી, રાજકોટમાં ૩૭.૯ ડિગ્રી અને મહુવા ૩૮.૪ ડિગ્રી, સુરેન્દ્રનગર ૩૭.૮ ડિગ્રી તાપમાન છે. વલસાડ ૩૮.૮ ડિગ્રી તથા દમણ ૩૬.૨ ડિગ્રી તેમજ ભુજ ૩૬.૨ ડિગ્રી તથા કંડલા ૩૭.૮ ડિગ્રી અને અમરેલી ૩૯.૪ ડિગ્રી તાપમાન રહ્યું છે. તેમજ ભાવનગર ૩૭.૬ ડિગ્રી, રાજકોટ ૩૭.૯ ડિગ્રી અને સુરેન્દ્રનગર ૩૭.૮ ડિગ્રી તથા મહુવા ૩૮.૪ ડિગ્રી અને કેશોદ ૩૭.૬ ડિગ્રી તાપમાન રહ્યું છે. આ અઠવાડિયાની શરૂઆતથી કાળઝાળ ગરમી પડવાનું ચાલુ થયુ હતુ. ૩ દિવસ અગાઉ તો પારો ૪૦ ડિગ્રીને પાર થઈ જતાં લોકો રીતસર આગ ઓકતી ગરમીમાં શેકાયા હતા. પરંતુ ૨ દિવસથી મહત્તમ તાપમાનમાં ઘટાડો થઈ રહ્યો છે, પરિણામે ગરમીમાં આંશિક ઘટાડો થતાં લોકોએ રાહતનો દમ લીધો છે. ૨ દિવસમાં જ ઉત્તર ગુજરાતમાં મહત્તમ તાપમાન ૫ ડિગ્રી ઘટતાં લોકોએ હાશકારો અનુભવ્યો છે. જો કે, એપ્રિલના અંતમાં અને મે મહિનામાં કાળઝાળ ગરમીના રાઉન્ડ આવવાની શક્યતાઓ રહેલી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે વાદળછાયા વાતાવરણ અને માવઠા બાદ ગરમીનો પારો ઉંચકાયો હતો. આ અઠવાડિયાની શરૂઆતથી જ ઉત્તર ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ રહ્યુ હતુ.



## સૌરાષ્ટ્ર - કચ્છના જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ થાય તેવી શક્યતા

અમદાવાદ,

રાજ્યમાં ગરમીનો પારો ઘટ્યો છે. તમામ જિલ્લાનું મહત્તમ તાપમાન ૩૮થી ૩૯ ડિગ્રી સુધી પહોંચ્યું છે. ત્યારે આગામી ૨૪ કલાક બાદ ફરી એકવાર ગરમી વધવાની શક્યતાઓ છે. હાલમાં ગુજરાત ઉપર નીચલા સ્તરમાં પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ દિશા તરફથી પવન ફૂંકાઈ રહ્યા છે. તેને કારણે ૨૪ કલાક હજુ પણ તાપમાનમા ઘટાડો અનુભવાશે. ત્યાર બાદ બેથી ત્રણ ડિગ્રી તાપમાન વધે તેવી શક્યતાઓ એટલે કે બે દિવસ બાદથી ફરી એક વખત સૌરાષ્ટ્ર અને કચ્છના જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ થાય તેવી શક્યતાઓ હવામાન વિભાગે વ્યક્ત કરી હતી.છેલ્લા ૨૪ કલાક દરમિયાન આ વર્ષે પ્રથમ વખત આણંદ જિલ્લામાં સૌથી મહત્તમ તાપમાન નોંધાયું હતું. જયાં ગઈકાલે આણંદ જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૯.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.અમદાવાદ શહેરમાં છેલ્લા ત્રણથી ચાર દિવસથી તાપમાનમાં ઘટાડો અનુભવાઈ રહ્યો છે.

## દાદરા નગર હવેલીમાં ૨૧ દિવસમાં નાણાં ડબલની લાલચ આપી ૭૩ લાખની છેતરપિંડી

દાદરા નગર હવેલી,તા.૨૧

દાદરા નગર હવેલીમાં ૨૧ દિવસમાં રૂપિયા ડબલ કરવાની લાલચ આપીને ૧૦ વ્યક્તિ પાસે રોકાણ કરાવ્યા બાદ નાણાં પરત ન કરાતા વિશ્વાસઘાત અને છેતરપિંડી અંગેનો ગુનો દૂધની પોલીસ મથકે નોંધાયો હતો. આ કિસ્સામાં આરોપી તરીકે વર્ણવાયેલા સંદીપ શંકર બોરસાએ હાલ દાનહ બેઠક પર બહુજન સમાજવાદી પાર્ટીમાંથી ઉમેદવારી નોંધાવી છે.

મોટી દમણના નવીનભાઈ ડાહ્યાભાઈ પટેલે ફરિયાદમાં જણાવાયું કે, ૨૦૨૨માં જી.એસ.બી. મોરિંગા પ્રા. લિ. તથા જી.એસ.બી. ગીતાંજલિ પ્રા.લિ.ના નામથી સંદીપ બોરસા તેમજ દિલીપ બોરસા બિઝનેસ ચલાવતા હતા. સંદીપ બોરસાએ પોતાની કંપનીને પબ્લિક લિમિટેડમાં નવીન પટેલને રોકાણ કરવા કહ્યું હતું જે ૨૧ દિવસમાં પૈસા ડબલ કરી આપશે તેવી લાલચ આપી હતી. જેમા નવીનભાઈએ ૩૩ લાખ, મોહમદઅલીએ રૂ. ૪,૬૮,૦૦૦, સુમન પટેલે રૂ. ૧૨,૨૪,૦૦૦, જયંત પટેલે ૫,૫૦,૦૦૦, રણજીત વળવીએ ૪ લાખ, દીપક કનુ પટેલે ૪,૩૯,૦૦૦, જગદીશ પાટકરે રૂ. ૩,૨૨,૦૦૦, બિપિન પટેલે રૂ. ૩,૪૮,૫૦૦, હિતેશ ભંડારીએ રૂ.૧,૮૬,૦૦૦ તથા સન્મય રાઠોડે રૂ. ૧,૨૦,૦૦૦નું રોકાણ કર્યું હતું. આમ કુલ ૭૩,૫૭,૫૦૦નું રોકાણ થયું હતું. આ રોકાણ બાદ સંદીપ બોરસાને વ્યાજ-મુદ્દલ ચૂકવવાના હતા, પરંતુ રોકાણકારોને કોઈ રકમ ચુકવાઈ ન હતી. જયારે સંદીપ બોરસા પાસે રકમ માંગતા તેઓએ નવીન પટેલને અપશબ્દો કહ્યા હતા અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

## લોકસભા ચૂંટણીમાં ફોર્મ ચકાસણી પૂર્ણ ગાંધીનગરમાં સૌથી વધુ ઉમેદવારો

### ૪૩૩માંથી ૩૨૮ ઉમેદવારો માન્ય : આજે ચિત્ર સ્પષ્ટ થશે

ગાંધીનગર

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી તેમજ વિધાનસભાની પેટા ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ચકાસણીની કામગીરી પૂર્ણ થઈ છે. ચકાસણીના અંતે લોકસભા ચૂંટણી માટે ૩૨૮, વિધાનસભા પેટા ચૂંટણી માટે ૨૭ ઉમેદવારો માન્ય ઠર્યા છે.

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ તથા વિધાનસભાની પાંચ બેઠકોની પેટા ચૂંટણી માટે ૧૨થી ૧૯ એપ્રિલ સુધી ઉમેદવારીપત્ર ભરવામાં આવ્યા હતા. જેમાં લોકસભાની ચૂંટણી માટે ૪૩૩, વિધાનસભાની પેટા ચૂંટણી માટે ૩૭ ઉમેદવારો દ્વારા ઉમેદવારીપત્ર ભરાયા હતા. ૨૧ એપ્રિલના ઉમેદવારીપત્ર ચકાસણીના અંતે લોકસભાની ચૂંટણી માટે કુલ ૩૨૮ જ્યારે વિધાનસભાની પેટા ચૂંટણી માટે ૨૭ ઉમેદવારો માન્ય ઠર્યા છે.

ગાંધીનગર લોકસભા બેઠક પરથી સૌથી વધુ ૩૦ જયારે બારડોલી લોકસભા બેઠક પરથી સૌથી ઓછા ૩ ઉમેદવાર માન્ય ઠર્યા છે. અમદાવાદ પૂર્વ બેઠકમાં ૩૪ ઉમેદવારો દ્વારા ૪૪ ઉમેદવારીપત્ર ભરવામાં આવ્યા હતા. આ પૈકી ૧૧ ઉમેદવારોના ઉમેદવારીપત્ર ગેરમાન્ય જયારે ૨૩ ઉમેદવારો માન્ય ઠર્યા છે. બીજી તરફ અમદાવાદ પશ્ચિમમાં ૧૨ ઉમેદવારો દ્વારા ૧૯ ઉમેદવારીપત્ર ભરવામાં આવ્યા હતા. જેમાંથી ૬ ઉમેદવારના ફોર્મ માન્ય ઠર્યા છે.

## સૌથી વધુ નોકરી આપતું કોઈ રાજ્ય હોય તો એ ગુજરાત છે : મુખ્યમંત્રી



### આવનારા ૨૫ વર્ષ વિકાસનો રોડ મેપ પણ તૈયાર કર્યો છે : ભુપેન્દ્ર પટેલે જાહેર સભા સંબોધી

પાટણ

લોકસભાની ચૂંટણી માટે પાટણ વિધાનસભાના પાટીદાર પ્રભાવિત બાલીસણા ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રવિવારે સભાને સંબોધી હતી. તેમણે જણાવ્યું હતું તે ગુજરાત સૌથી વધુ નોકરી આપતું રાજ્ય છે.

પાટણ તાલુકાના બાલીસણા ગામે રામજી મંદિર ચોક ખાતે રવિવારે સાંજે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જાહેર સભા સંબોધી હતી. મુખ્યમંત્રીએ વાઈબ્રન્ટ ગુજરાત થકી આપણને શું લાભ થયો તે જણાવતાં કહ્યું કે વિશ્વની સૌથી મોટી ૫૦૦ કંપનીઓમાંથી ૧૦૦ વધુ કંપનીઓ ગુજરાતમાં કામ કરી રહી છે અને તેના થકી સૌથી વધુ નોકરી આપતું કોઈ રાજ્ય હોય તો એ ગુજરાત છે. આવનારા ૨૫ વર્ષ વિકાસનો રોડ મેપ પણ તૈયાર કર્યો છે. વિકસિત ભારતની સાથે વિકસિત ગુજરાત અને સરકારની દરેક યોજના દરેક વ્યક્તિને ઘરે બેઠો પ્રાપ્ત થાય તેવી વ્યવસ્થા પણ ઊભી કરી છે.

## નિલેશ કુંભાણીએ ૫ કરોડમાં સોદો કર્યો છે : AAP નેતા કાછડિયા

### કાર્યાલય પણ ખોલ્યું નહોતું અને આ કી પ્લાન હતો

સુરત,

નિલેશ કુંભાણીનું ફોર્મ રદ થયા બાદ આપના નેતા દિનેશ કાછડિયાએ કુંભાણી પર આક્ષેપ કર્યો છે કે, નિલેશભાઈએ ૫ કરોડ રૂપિયામાં ૧૦૦ ટકા સોદો કર્યો છે. આ આક્ષેપથી રાજકીય વર્તુળોમાં હલચલ મચી ગઈ છે અને નિલેશ કુંભાણીની સામે સૌ કોઈ શંકાની નજરે જોઈ રહ્યા છે.

આમ આદમી પાર્ટીના નેતા અને પૂર્વ કોર્પોરેટર દિનેશ કાછડિયાએ જણાવ્યું કે, સુરત લોકસભા સીટના કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ફોર્મ રદ થયું તે અંગે પહેલેથી જ લાગતું હતું કે, નિલેશભાઈ લડવાના મૂડમાં નથી.

એકપણ કાર્યાલય શરૂ નથી કર્યું અને કોઈને પણ જવાબદારી આપી નહોતી ત્યાંથી જ ખબર પડી જતી હતી. બીજું ભારતીય જનતા પાર્ટી દ્વારા નિલેશભાઈ સાથે ૫ કરોડમાં સોદો કર્યો હોય એવું દેખાઈ રહ્યું છે.

## લોકસભાની ચૂંટણીમાં ફરજ દરમિયાન ૪૫ વર્ષીય પોલીસ જવાનનું હાર્ટ એટેકથી મોત

સાબરકાંઠા,

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના શામલપુરના અને ગાંધીનગર ખાતે SRPમાં ફરજ બજાવતા કમલેશ લીમ્બચીયાનું ગઈકાલે રાજસ્થાનમાં લોકસભાની ચૂંટણીમાં ફરજ દરમિયાન હાર્ટ એટેક આવતા મોત નીપજ્યું હતું. જેમનો મૃતદેહ આજે તેમના વતન લવાયો હતો. જ્યાં તેમને ગાર્ડ ઓફ ઓનર સાથે વિદાય આપવામાં આવી હતી.

ગુજરાતના ગાંધીનગરમાં મગોડી SRP ગ્રુપ ૧૨માં નાઈના ૫૬ પર ફરજ બજાવતા કમલેશકુમાર માણેકલાલ લીમ્બચીયા કે જે શનિવારે રાજસ્થાનમાં નીમકાથાનામાં લોકસભાની ચૂંટણીમાં ફરજમાં ગયા હતા. જે દરમિયાન તેમને હાર્ટ એટેક આવ્યો હતો.

જેથી તેમને હોસ્પિટલ લઈ ગયા હતા પરંતુ હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ તેમનું મૃત્યુ થયું હતું. ત્યાર બાદ પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી કરવામાં આવી હતી.

રવિવારે સવારે ૧૦ વાગે કમલેશકુમાર લીમ્બચીયા (ઉં.વ.૪૫)નો મૃતદેહ તેમના વતન ઈડર તાલુકાના શામલપુર લાવવામાં આવ્યો હતો. જ્યાં ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યો હતો. ત્યાર બાદ શ્રદ્ધાંજંલિ આપીને તેમની અંતિમયાત્રા તેમના ઘરેથી નીકળી હતી. જેમાં સમાજ અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## યુવતીએ ઈન્સ્ટાગ્રામથી સંપર્કમાં આવેલા યુવક સામે છેડતીની ફરિયાદ દાખલ કરી

### નવા બનેલા ફ્રેન્ડ સાથે ફ્રેશ થવા હોટલ ગયેલી યુવતી સાથે એવી ગેમ થઈ કે તાત્કાલિક ત્યાંથી ભાગી

અમદાવાદ,

આજકાલ સોશિયલ મીડિયામાં અજાણ્યા લોકો સાથે વાતચીત કરવી અને મિત્રતા કરવી એ જાણે ટ્રેન્ડ બની ગયો છે. પરંતુ આ અજાણી મિત્રતા ઘણીવાર ખતરો બની જતી હોય છે. જેની પરિણામ પણ ભયંકર આવતું હોય છે. આવો એક ચેતવણીરૂપ કિસ્સો અમદાવાદના વસ્ત્રાપુરમાં સામે આવ્યો છે. જણાવી દઈએ કે યુવતીએ ઈન્સ્ટાગ્રામથી સંપર્કમાં આવેલા યુવક સામે છેડતીની દરિયાદ દાખલ કરીછે. શહેરમાં રહેતી એક યુવતીને મોડી રાત્રે મિત્રો સાથે બહાર ફરવાનું ભારે પડ્યુ છે. ઈન્સ્ટાગ્રામથી સંપર્કમાં આવેલા એક યુવકને મળ્યા બાદ તે ઘરે મૂકવાના બહાને હોટલમાં લઈ ગયો હતો.

## ૪૬ લોકો સાથે ૩.૭૪ કરોડની ચીટિંગમાં ફિલ્મ પ્રોડ્યુસર પ્રદીપ ઝડપાયો :૬ દિવસના રિમાન્ડ

### પોન્ઝી સ્કીમ માટે ૧૦થી વધુ કંપની બનાવી એક વર્ષથી ફરાર આરોપી પત્નીના બર્થડે પર આવતા ધરપકડ

અમદાવાદ,

પાલમાં રહેતો અને અનેક ગુજરાતી,પંજાબી તેમજ મરાઠી ફિલ્મોનો પ્રોડ્યુસર પ્રદીપ ઉર્ફે મુન્ના વિદ્યાધર શુકલા(ઉ.વ. ૪૪)ને પોન્ઝી સ્કીમમાં રોકાણના નામે ૪૬ લોકો સાથે ૩.૭૪ કરોડની ચીટિંગ કરવા મામલે ઈકોસેલ ધરપકડ કરી હતી. એક વર્ષથી મુંબઈ અને અમદાવાદ ભાગતો ફરતો પ્રદીપ તેની પત્નીનો બર્થડે ઉજવવા આવતા ઈકોસેલે ઝડપી પાડ્યો હતો. આરોપી પ્રદીપ(રહે કિનારા હાઈટ્સ, ગ્રીનસિટી રોડ, પાલ, મૂળ હંડોર, યુપી)ને ઈકોસેલ શનિવારે કોર્ટમાં રજૂ કરતાં તેને કોર્ટે ૬ દિવસના રિમાન્ડ આપ્યા છે. આ ગુનામાં અત્યાર સુધી ૫ આરોપી ઝડપાયા છે. જ્યારે પ્રદીપનો પાર્ટનર ધનંજય હજુ ફરાર છે.

પ્રદીપે નાડીદોષ ચાસણી અને રાડો જેવી બનાવી છે. રાડો ફ્લોપ જતા ૧૬ કરોડનું નુકસાન થયાનું પોલીસ સમક્ષ તેણે રટણ કર્યું છે. તે મોટા રોકાણકારોને કમિશન પર કરોડો આપતો હતો. પ્રદીપ અને ટોળકીએ પોન્ઝી સ્કીમમાં રોકાણ માટે ૧૦થી વધુ કંપની ઉભી કરી છે. જેની તપાસ કરાવવામાં આવે તો ચીટિંગનો આંકડો ૫૦૦ કરોડને પાર જવાની શકયતા છે.

બે કંપનીઓમાં ૧૦૨ કરોડનું રોકાણ કર્યું જેમાં ૯ કરોડની રકમ સેબીએ સીઝડ કરી હતી. પ્રદીપની બે કંપનીઓ જે સેબીએ સીઝ્ડ કરી છે એ બંને કંપનીમાં ૧૦૨ કરોડનું રોકાણ કરેલું હતું. જે પૈકી સેબીએ ૧૮ કરોડની રકમ સીઝડ કરી છે. જેમાંથી ૯ કરોડ રિલીઝ કરી બાકીના ૯ કરોડ સિક્યુરિટી પેટે સેબીએ રાખ્યા છે. સેબી પાસેથી સર્ટિફિકેટ ન લેતા બન્ને કંપનીઓ સીઝડ કરી હતી.

## સુરેન્દ્રનગરમાં સળગાવેલી હાલતમાં માનવ અંગો મળી આવતા ચકચાર

સુરેન્દ્રનગર,

સુરેન્દ્રનગરમાં સળગાવેલી હાલતમાં માનવ અંગો મળી આવતા ચકચાર મચી છે. સાયલાના ગુંદિયાવડામાં માનવ અંગોને લઈ કુતૂહલ સર્જાયું છે. ધજાળા પોલીસને આ ઘટનાની જાણ થતાં સ્થળ પર દોડી આવી તપાસ હાથ ધરી છે. ધજાળા પોલીસ માનવ અંગોને રાજકોટ ફોરેન્સિક પી.એમ. અર્થે મોકલ્યા છે.સુરેન્દ્રનગર જીલ્લાના સાયલા તાલુકામાં ગ્રામજનોને સળગાવેલી હાલતમાં માનવ અંગો મળી આવ્યા હતા. ગુંદિયાવડા ગામમાં માનવ શરીરનું હાડપિંજર મળી આવતા ભયનો માહોલ સર્જાયો હતો. સળગાવેલી હાલતમાં માનવ અંગો મળી આવતા ધજાળા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસે આ મામલે સઘન તપાસ હાથ ધરી છે, આ માનવ અંગ કોનું હોઈ શકે, ક્યારે આ ઘટના બની હતી વગેરે સંદર્ભમાં વિગતવાર તપાસ કરવા પોલીસે માનવ અંગોને રાજકોટ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધા છે. ફોરેન્સિક રિપોર્ટ આવતા આગળ કાર્યવાહી કરવામાં આવશે.

## ગરમી વચ્ચે જળસંકટના એંધાણ, ૨૩ ડેમના તળીયા દેખાયા

અમદાવાદ,

છેલ્લા એકાદ સપ્તાહથી ગુજરાતમાં આકાશમાંથી અગનગોળા વરસતા હોય તેવી ગરમીને કારણે લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. કાળઝાળ ગરમીને કારણે આગામી દિવસોમાં પાણીની અછત સર્જાય તેવા એંધાણ દેખાઈ રહ્યા છે. હાલ ગુજરાતમાં ડેમોનાં પાણીનુ જળસ્તર ચિંતાજનક સ્થિતીએ છે. રાજ્યમાં ૨૩ ડેમોમાં સુકાભઠ બન્યા છે. એટલુ એટલુ જ નહીં, ૬૧ ડેમોની એવી દશા છે જેમાં એક ટકાથી ઓછુ પાણી છે. આ પરિસ્થિતી જોતાં ઉનાળુ પાક વખતે સિંચાઈના પાણીને લઈને ખેડૂતોની ચિંતા વધી છે.



ઉત્તર ગુજરાતમાં કુલ ૧૫ ડેમોમાં હાલ ૬૬૮.૨૭ એમસીએમ પાણી છે એટલે કે ૩૪.૫૮ ટકા પાણીનો જળસંગ્રહ છે. મધ્ય ગુજરાતમાં ૧૭ ડેમોમાં ૧૨૬૭.૯૪ એમસીએમ પાણીનો જથ્થો છે. કુલ મળીને ૫૪.૩૯ ટકા પાણી ઉપલબ્ધ છે. દક્ષિણ ગુજરાતમાં ૧૩ ડેમોમાં ૪૫૮૨.૦૨ એમસીએમ એટલે કે ૫૩.૧૭ ટકા પાણીનો જથ્થો મોજુદ છે. રાજ્યમાં હાલ કચ્છ અને સૌરાષ્ટ્રમાં ડેમોમાં પાણીની જળસપાટી ઘટી છે. કચ્છમાં ૨૦ ડેમોમાં માત્ર ૩૮.૮૬ ટકા જ પાણી છે. જયારે સૌરાષ્ટ્રમાં ૧૪૧ ડેમોમાં હાલ ૬૬૦.૯૩ એટલે કે ૨૫.૫૩ ટકા જ પાણી છે. પીવાના પાણી કરતાં ઉનાળુ પાકને લઈને સિંચાઈના પાણીની ખેંચ ઉભી થાય તેવી શક્યતા જોવાઈ રહી છે.

ખેડા જિલ્લામાં ડેમોમાં ૧૪.૦૩ ટકા, સુરતમાં ૧૪.૭૮ ટકા, દ્વારકામાં ૩.૯૭ ટકા, અમરેલીમાં ૧૮.૩૪ ટકા, બોટાદમાં ૨૨.૯૨ ટકા, સુરેન્દ્રનગરમાં ૨૨.૯૫ ટકા અને જામનગરમાં ૧૮ ટકા જ પાણી ડેમોમાં રહ્યું છે. આ બધાય જીલ્લામાં ડેમોમાં પાણીનો જથ્થો ૨૦ ટકાથી ઓછો રહ્યો છે.

જોકે, નર્મદા ડેમમાં ૪૭૮૯.૬૨ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે આ જોતાં ચોમાસાના પ્રારંભ સુધી ય પીવાના પાણીમાં મુશ્કેલી થાય તેવી શક્યતા નહિવત છે. પણ કચ્છ-સૌરાષ્ટ્રના ડેમોમાં પાણીની જળસપાટી ઘટી રહી છે. ચિંતાજનક બાબત તો એ છે કે, ૨૩ ડેમ તો જાણે ક્રિકેટ સ્ટેડિયમમાં પરિવતિત થયા છે. છાંટો ય પાણી રહ્યું નથી. આ ઉપરાંત ૬૧ ડેમોની એવી સ્થિતી છે કે, એક ટકાથી ય ઓછુ પાણી રહ્યુ છે. આ ડેમો ય સુકાભઠ થવાની તૈયારીમાં છે.

## અમદાવાદ શહેરના રાજમાર્ગો પર ૩૫ મુમુક્ષુની ભવ્ય સાત કિલોમીટરની લાંબી રથયાત્રા યોજાઈ

### ૪૦૦થી વધુ સાધુ-સાધ્વીઓ આ ભવ્ય રથયાત્રામાં જોડાયાં

અમદાવાદ,

અમદાવાદ શહેરના રાજમાર્ગ પર એકસાથે ૩૫ મુમુક્ષુની ભવ્ય ૭ કિલોમીટરની રથયાત્રા યોજાઈ હતી. ૫ દિવસીય દીક્ષા મહોત્સવના ચોથા દિવસે ( ૨૧ એપ્રિલ) મુમુક્ષુઓની અમદાવાદ શહેરના માર્ગો ઉપર ભવ્ય રથયાત્રા યોજાઈ હતી. જેમાં દીક્ષા લેનાર ૩૫ મુમુક્ષુ મોહમાયા મૂકીને આજે દીક્ષા લેતા પહેલાં અંતિમ વાર શણગાર સજ્યો હતો.

૩૫ મુમુક્ષુ સહિત તેમનાં પરિવારજનો અને ૪૦૦થી વધુ સાધુ-સાધ્વીઓ આ ભવ્ય રથયાત્રામાં જોડાયાં હતાં. શહેરના રાજમાર્ગ પર આ રથયાત્રામાં બેન્ડવાજાં, હાથી, ઘોડા સહિત કેરળ-પંજાબી નૃત્યનું શહેરવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. ઢોલનગારાં અને બેન્ડવાજાં, ડીજે અને વિવિધ રાજ્યની ઝાંખી કરાવતાં પ્રદર્શનો રથયાત્રામાં આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતાં. હાથી, ઘોડા સહિત કેરળ અને પંજાબની ઝાંખી કરાવતા નૃત્ય કલાકારો સાથે બેન્ડવાજાં અને શણગારેલા રથ બનાવ્યા તેમાં મુમુક્ષો બિરાજમાન થયા હતા. આ સાથે રથયાત્રામાં મુમુક્ષુનાં પરિવારજનો પણ જોડાયાં હતાં. ૭ કિલોમીટર લાંબા રાજમાર્ગો ઉપર જિનશાસનના નારા ગુંજી ઊઠ્યા હતા.૩૫ મુમુક્ષુ અંતિમ વાર સંસારિક શણગારથી સજ્જ બનીને રાજમાર્ગો પર ફરીને તેમની મોહમાયાનો ત્યાગ કરતા જોવા મળ્યા હતા. જેમાં રોજિંદા જીવનની ઉપયોગી વસ્તુઓ ઉપરાંત કળિયુગનો સૌથી મોટો મોહ એવા રૂપિયાની પણ ઉછામણી કરીને સંસારને મોહમાયાથી દૂર જવાનો સંદેશો આપી રહ્યા હતા.

# જોડિયાના બાલંભા ગામેં મૃત ખેડૂતની ખોટી સહી કરી કરોડોની કિંમતની જમીન પચાવી પાડતા ચકચાર

## મૃતકની પૂત્રીએ તલાટી મંત્રી, સર્કલ ઓફિસર સહિત ૧૧ શખ્સો વિરૂદ્ધ કાર્યલાહી કરવા જિલ્લા પોલીસ વડાને કરી રજૂઆત

જામનગર : જામનગર જિલ્લા જોડિયા તાલુકાના બાલંભા ગામમાં ૬૦ વિઘા જેટલી ખેતીની જમીન બાલંભા ગામના એક જ પરિવારના નવ શખ્સો અને તલાટી તેમજ સર્કલ ઓફિસરે મૃત ખેડૂતની ખોટી સહીઓ કરી કૌભાંડ આચર્યા હોવાનું ખેડૂતની પુત્રીએ જિલ્લા પોલીસવડાને અરજી કરી છે.

મૃતકની કચ્છ જિલ્લામાં રહેતી હાજરાબેન ઈસ્માઈલભાઈએ જિલ્લા પોલીસ વડો અરજી કરી જેમાં જણાવ્યું ચે કે બાલંભા ગામના સર્વે નંબર ૧૪૬૮, ૧૪૨૨, ૧૩૩૧, ૧૨૭ વિગેરેથી તેમના પિતાજી ઈસ્માઈલભાઈના નામે ખેતીની જમીન આવેલ હતીત જે જમીન તેમના મિત્ર ઓધવજીભાઈ રામભાઈ રામપરિયાને ભાગ ઉપર વાવવા આપેલ હતી અને તેઓ દર વર્ષે ઉપજનો ભાગ પણ આપતા હતાં અને અરજદારના પિતા ઈસ્માઈલભાઈનું તા. ૭.૧૦.૧૯૮૮ ના રોજ અવસાન પામેલ અને તેમને સંતાનો પૂત્રીઓ હોય તેઓ પોત પોતાના સાસરે જતી રહેલ દરમિયાન વર્સ ૨૦૧૬ માં જમીનનો ભાગ પાડી અને પોત -પોતાની જમીન મેળવી લેવાનું નકકી થતાં બધી બહેનો બાલંભા મુકામે જઈ તપાસ કરતાં આ કેતીની જમીન તેમના પિતાજીના નામના બદલે ઓધવજી રામપરીયાના નામે ચડી ગયેલ હોવાનું તેમના પગ નીચેથી જમીન સરકી ગયેલ અને ત્યાર બાદ તેઓએ ગ્રામ પંચાયત કેરીમાંથી જમીન ટ્રાન્સફરઅંગેના દસાતાવેજોની માંગણી કરતાં તેમને દસ્તાવેજ આપવામાં નઆવેલ જેતી તેઓએ જોડિયા કોર્ટમાં ફરિયાદ નોંધાવતા અને કોર્ટે તલાટી, સર્કલ ઓફિસર ને કોર્ટમાં દસ્તાવેજ રજૂ કરવા આદેશ કરતાં તલાટીએ રજૂ કરેલ દસ્તાવેજમાં આ જમીન ૨.૧૦.૯૪ ના રોજ ઓધવજીભાઈ સહિતનાઓના નામે ખોટા દસ્તાવેજ, ખોટી સહીઓ કરી તમામ આરોપીએ ગુન્હાહિત કાવતરૂ રચી એકબીજાની મદદગારી કરી જમીન હડપ કરી ગુન્હો કર્યો હોવાનો જણાવી તેમના વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવા રજૂઆત કરી છે.

# ખંભાળિયાના વિંઝલપર ગામે બે બાઈકની ટકકરમાં આધેડે જીવ ખોયો



તસવીર: રાકેશ સામાણી

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના વિંઝલપર ગામે ગઈકાલે બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ધરમપુર ગામે રહેતા બાઈક ચાલક આધેડને ગંભીર ઈજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજયું હતું.

ખંભાળિયાના ધરમપુર વાડી વિસ્તારના રહેતા અશોકભાઈ ભાણાભાઈ ખાણધર નામના ૫૨ વર્ષના સતવારા આધેડ ગઈકાલે રવિવારે પોતાના જી.જે. ૩૭ એચ. ૫૩૩૨ નંબરના હોન્ડા સાઈન મોટરસાયકલ પર જઈ રહ્યા હતા, ત્યારે અત્રેથી આશરે ૧૨ કિલોમીટર દૂર વિંઝલપર ગામના પાટીયા પાસે પહોંચતા આ માર્ગ પર પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક આવી રહેલા જી.જે. ૩૭સી. ૪૧૪૧ નંબરના અન્ય એક હોન્ડા સાઈન મોટરસાયકલના ચાલકે અશોકભાઈના બાઈક સાથે ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો.

જેના કારણે તેમને શરીરના જુદા જુદા ભાગોમાં જીવલેણ ઈજાઓ પહોંચતા તેમનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું. આ પ્રકરણ અંગે મૃતક અશોકભાઈ ખાણધરના પુત્ર ચિંતનભાઈ અશોકભાઈ ખાણધર (ઉ.વ. ૨૬, રહે. બેડીયાવાડી - ધરમપુર) ની ફરિયાદ પરથી ખંભાળિયા પોલીસે જી.જે. ૩૭ સી. ૪૧૪૧ નંબરના મોટરસાયકલના ચાલક સામે આઈ.પી.સી. કલમ ૨૭૯, ૩૦૪ (એ) તથા એમ.વી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. ડી.જી. પરમાર દ્વારા હાથ ધરવામાં આવી છે.

અન્ય મોટરસાયકલ ચાલકની હાલત પણ ગંભીર જણાતા તેમને અહીંથી વધુ સારવાર અર્થે જામનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ત્યારે સતવારા આધેડ અશોકભાઈ ખાણધરના અકસ્માતે અપમૃત્યુના આ બનાવે સતવારા સમાજમાં અરેરાટી પ્રસરાવી છે. બે બાઈક વચ્ચેના આ અકસ્માતમાં બંને વાહનોનો બુકડો બોલી ગયો હતો.

# જામનગરમાં વાહન અકસ્માત જેવું તરકટ રચી યુવક અને વૃધ્ધને લૂંટી લેવાયા

## યુવક પાસેથી મોબાઈલની લૂંટ ચલાવાઈ, જ્યારે વૃધ્ધ પાસેથી રોકડ રૂા. ૨૫૦૦ લૂંટી લીધા

જામનગર : જામનગરમાં એમ્યુઝમેન્ટ પાર્ક વિસ્તારમાં તેમજ ધરારનગર વિસ્તારમાં ગઈકાલે લૂંટના બે બનાવો બનવા પામ્યા છે. જેમાં અજાણ્યા શખ્સોએ વાહન અકસ્માત જેવા તરકટ રચી એક વૃધ્ધ પાસેથી રોકડ તેમજ યુવાન પાસેથી મોબાઈલ લૂંટી લીધાના બે બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે.

શહેરના એમ્યુઝમેન્ટ પાર્ક, ક્રિષ્ના મેરેજ હોલ સામે, શીવમ પાર્ક ૪માં રહેતા શૈલેષ નરશીભાઈ લાડપરા (ઉં.વ.૪૩) નામના યુવક ગત તા.૧૭ના રાત્રીના સાડા આઠેક વાગ્યે સ્કુટર લઈને નુરી ચોકડીથી હાપા યાર્ડ બાજુ સીલીંગ ફેન આપવા જતા હતાં. ત્યારે અજાણ્યા બે શખસોએ રોકીને તમારૂ સ્કુટર અડી જતા મોબાઈલની ડીસ્પ્લે તુટી ગઈ છે અને ખાના રૂા. ૨ હજાર આપવા પડશે. તેમ કહેતા યુવક ગભરાઈ ગયો હતો અને મિત્ર શકીલભાઈને ફોન કરીને આપતા

આરોપીઓ ફોન લઈને નાશી છુટયા હતાં. બાદમાં યુવકના શેઠે ફોન કરતા તેને કહેલ કે, અકસ્માતથી ફેક્ચર થયું છે. હોસ્પિટલ આવીને રૂ.૧૦ હજાર આપી જાવ અને ફોન લઈ જાવ. જો રૂપિયા નહી આપો તો તમારા માણસના હાથ–પગ ભાંગી નાખવાની ધમકી આપીને બળજબરીથી પૈસા કઢાવવાની કોશિષ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. શહેરના ધરારનગર–૧, વૈશાલીનગર, હનુમાનજીના મંદિરની સામે રહેતા ડાયાભાઈ પીઠાભાઈ ચાવડા (ઉ.વ.૫૯) નામના યુવક ગત તા.૧૬ના રોજ શહેરના દિગ્વિજય પ્લોટ શેરીનં–૪૯ રોડ, મામા સાહેબના મંદિરથી આગળ સ્કુટર લઈને જતા હતાં. ત્યારે બે અજાણ્યા શખસોએ વચ્ચે મોટર સાયકલ નાંખીને કહેલ કે, તારૂ સ્કુટર અમારી બાઈક સાથે ભટકાર્યું છે અને તારે ખર્ચો આપવો પડશે તેમ કહીને બે ફડાકા મારીને વધુ માર મારવાની ધમકી આપીને ખીસ્સામાંથી રોકડ રૂા. ૨૫૦૦ તેમજ એક મોબાઈલ ફોનની લૂંટ કરી નાશી છુટ્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

# ખંભાળિયાના દારૂ પ્રકરણમાં નાસતો ફરતો આરોપી દસ મહિને ઝડપાયો



ખંભાળિયા : ખંભાળિયા પંથકમાં જુદા જુદા વિસ્તારોમાં દારૂ સંદર્ભે એક શખ્સ સામે કેસ નોંધાયા હતા. જેમાં તે નાસતો ફરતો હતો. જેને ગઈકાલે પોલીસે ઝડપી લીધો છે.

ખંભાળિયા તાલુકાના જુદા જુદા વિસ્તારોમાં દારૂ સંદર્ભે અગાઉ નોંધાયેલ જુદા જુદા પાંચ કેસમાં બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના જેતડા ગામ ખાતે રહેતા કિરણ ઉર્ફે રમેશ બિસ્નોઈ માના સોલંકીનું નામ ખુલવા પામ્યું હતું. છેલ્લા આશરે ૧૦ માસથી ફરાર એવા આરોપી કિરણ ઉર્ફે રમેશ સોલંકી (ઉ.વ. ૨૭) અંગે અહીંના પી.આઈ. બી.જે. સરવૈયા તથા સર્વેલન્સ સ્ટાફ દ્વારા કરવામાં આવેલી કામગીરીમાં ઉપરોક્ત શખ્સ દ્વારા અગાઉ કુલ રૂપિયા ૧,૦૨,૪૦૦ ની કિંમતની ૨૫૬ બોટલ વિદેશી દારૂના કેસમાં ઝડપી લઈ, તેની સામે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# જામનગર નજીક ઢીંચડામાં અજાણ્યા શખ્સે તરૂણ પર હથિયાર વડે હુમલો કર્યો



જામનગર : જામનગર નજીક ઢીંચડામાં રહેતા ૧૫ વર્ષના તરુણ પર કોઈ અજ્ઞાત શખ્સે ધારદાર હથિયાર વડે ગળાના ભાગે બન્ને હાથપર હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડતાં તેને લોહી નીતરતી હાલતમાં સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડાયો છે. પોલીસે અજાણ્યા શખ્સ સામે હુમલા અંગેનો ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગર નજીક ઢીચડા ગામમાં રહેતા હરદેવભાઈ નારોલા નામના વર્ષના તરુણ ઉપર કોઈ અજ્ઞાત શખ્સે ધારદાર હથીયાર વડે ગળાના ભાગે તેમજ બંને હાથના કાંડાના ભાગે હુમલો કરી દેતાં લોહી લુહાણ બન્યો હતો, અને તેને ગંભીર હાલતમાં સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, અને ત્યાં તેના પર શસ્ત્રક્રિયા ચાલી રહી છે. આ બનાવ અંગે ઈજાગ્રસ્ત ના કાકા નરેશભાઈ પ્રેમજીભાઈ નારોલાએ પોતાના ભત્રીજા પર જીવલેણ હુમલો કરવા અંગે અજ્ઞાત શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદીનો ભત્રીજો હરદેવ તેના ઘર પાસે રમતો હતો, જે દરમિયાન એક જ અજાણ્યો માણસ નાના બાળકોને મારતો હતો. જેને અટકાવવા જતાં તેના પર ધારદાર હથિયાર વડે હુમલો કરી દીધા નું પોલીસમાં જાહેર કરાયું છે. બેડી મરીન પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. વી.એસ.પોપટે અજાણ્યા શખ્સ સામે આઈપીસી કલમ ૩૨૬, ૩૨૪ તેમજ જી.પી.એક્ટ. કલમ ૧૩૫(૧) મુજબ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

# ભાણવડના ફતેહપુર ગામે ખેડૂત પાસે ધીરાણની રકમની લૂંટ ચલાવનાર શખ્સ ઝડપાયો



ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના ફતેહપુર ગામે એક ખેડૂત બેક્રમાંથી ધીરાણની રકમ લઈ પોતાના બાઈક પર જઈ રહયા હતા ત્યારે અજાણ્યા શખ્સે તેમને ઠોકર મારી પછાડી દઈ રૂપિયા દોઢ લાખની લૂંટ કરી નાશી છૂટયો હતો. જેને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી લઈ મુદામાલ જપ્ત કર્યો છે.

ભાણવડ પો.સ્ટે.માં ગુન્હો દાખલ થયેલ હોય અને ફરિયાદી કેશવભાઈ દેવસીભાઈ પીપરોતરવાળા પોતાનું મો.સા. લઈને ભાણવડ સૌરાષ્ટ્ર ગામીણ બેંકમાં પાક ધિરાણના રૂપિયા ઉપાડવા આવેલ હોય અને પાક ધિરાણના રૂપિયા ૨,૫૦,૦૦૦ ઉપાડી થેલીમાં રાખી થેલી મો.સા.ના હેન્ડલમાં આવેલ હુકમાં રાખી પોતાના ઘરે જતા હોય અને રેલ્વે ફાટક બાદ ફતેપુર વાળા રસ્તે સુમસામ જગ્યાએ પહોંચતા તથા એક અજાણ્યા ઈસમે ફરિયાદીના મોટર સાયકલને ચાલુ મોટર સાયકલએ ધક્કો મારી પાડી દઈ ફરિયાદી પાસે રહેલ રકમમાંથી રોકડ રૂ.૧,૫૦,૦૦૦ની લૂંટ કરી નાશી ગયેલ હોવાની હકીકત જણાવતા હોય આ બાબતે ગુન્હો નોંધાયેલ હોય જેની તપાસ પી.એસ.આઈ સવસેટા દ્વારા હાથ ધરવામાં આવી હતી.

આ દરમ્યાન ભાણવડ પી. એસ.આઈ સવસેટા તથા સ્ટાફના માણસો તથા એલ.સી. બી. સ્ટાફ સાથે બનાવવાળી જગ્યાએ પહોંચી જતા દ્વારકા કન્ટ્રોલ દ્વારા લૂંટ થયેલો સરહદી જિલ્લાઓમાં લોગ પાસ કરાવતા તેમજ ભાણવડ તાલુકાની ચેક પોસ્ટો તેમજ ભાણવડ સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંકથી બનાવની જગ્યા સુધીના રૂટના આજુબાજુના પેટ્રોલપંપો, હોટલો, દુકાનોના સીસીટીવી ફૂટેજ ચેક કરી ફરિયાદીની મોટર સાયકલ પાછળ એક શંકાસ્પદ ઈસમ મોટર સાયકલ ગાડી લઈ પીછો કરતા હોવાનું ધ્યાને આવતા પોલીસે આ ઉપરોક્ત ઈસમની તપાસ કરતા આ લૂંટમાં આરોપી યુનુસ હનીમીયા રફાઈ રહે.રામેશ્વર પ્લોટ માણવડ વાળો હોવાનું જાણવા મળતા ઉપરોક્ આરોપી શખ્સને તેના રહેણાંક મકાનેથી પોલીસે લૂંટમાં ગયેલ ૧,૫૦,૦૦૦નો મુદ્દામાલ પોલીસે કબ્જે કરી ઉપરોક્ આરોપી શખ્સને ઝડપી પાડી આરોપી વિરુદ્ધ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જામનગર લોકસભા બેઠક માટે ૨૧ ઉમેદવારોના ફોર્મ માન્ય, ચકાસણીમાં ૩ ફોર્મ અમાન્ય રહ્યા

જામનગર : જામનગર લોકસભા બેઠકની ચૂંટણી માટે ૧૯ એપ્રિલ સુધી ભરાયેલા કુલ ૨૪ નામાંકન માંથી ૨૧ ઉમેદવારી ફોર્મ માન્ય રહ્યા છે. જયારે ૩ ફોર્મ અમાન્ય રહ્યા છે.

જે ઉમેદવારોના ફોર્મ માન્ય રહ્યા છે તેમાં ભારતીય જનતા પાર્ટીના પુનમબેન હેમતભાઈ માડમ, ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના એડવોકેટ જે. પી. મારવિયા, બહુજન સમાજ પાર્ટીના જયસુખભાઈ નથુભાઈ પિંગલસુર, વીરો કે વીર ઈન્ડિયન પાર્ટીના રણછોડભાઈ નારણભાઈ કણજારીયા, ભારતીય સમતા સમાજ પાર્ટીના રઘુવીરસિંહ અનોપસિંહ ગોહિલ, રાષ્ટ્રીય મહાસ્વરાજ ભૂમી પાર્ટીના પરેશભાઈ પરસોત્તમભાઈ મુંગરા તેમજ અપક્ષના ૧૫ ઉમેદવારો જેમાં અનવરભાઈ નુરમામદ સંઘાર, કલ્પેશભાઈ વિનોદરાય આશાણી, યુસુફભાઈ સિદિકભાઈ ખીરા, ખોડાભાઈ જીવરાજભાઈ નકુમ, અલારખાભાઈ ઈશાકભાઈ ધુધા, જયરાજસિંહ કિરીટસિંહ ગોહિલ, નદીમભાઈ મહમદભાઈ હાલા, કરશનભાઈ જેશાભાઈ નાગશ, નાનજીભાઈ અમરશીભાઈ બથવાર, રફીકભાઈ અબુબકર પોપટપુત્રા, બાબુભાઈ જેઠાભાઈ ગોહિલ, ભુરાલાલ મેઘજીભાઈ પરમાર, પત્રકાર રામકૃષ્ણ નભેશંકર રાજયગુરૂ, પુંજાભાઈ પાલાભાઈ રાઠોડ, વિજયસિંહ પ્રવીણસિંહ જાડેજાનો સમાવેશ થાય છે.

જે ઉમેદવારોના ફોર્મ અમાન્ય ઠર્યા છે તેમાં બહુજન સમાજ પાર્ટીના દામજીભાઈ નાજાભાઈ સૌંદરવાનો સમાવેશ થાય છે. તેમજ વૈકલ્પિક ઉમેદવાર હોવાથી ભારતીય જનતા પાર્ટીના બ્રિજરાજસિંહ હેમંતસિંહ જાડેજા અને ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના વૈકલ્પિક ઉમેદવાર વિરેન્દ્રસિંહ ટેમુભાના ફોર્મ રદ થયા છે.

ઉલ્લેખનીય છે કે, ઉમેદવારીપત્રો પરત ખેંચવાની અંતિમ તારીખ ૨૨ એપ્રિલ છે. હાલની સ્થિતિએ જામનગર બેઠક પર ૨૧ ઉમેદવારો છે.

### માધવપુર ઘેડ ખાતે વિવાહ પ્રસંગ પૂર્ણ કરી વાજતે ગાજતે

# ભગવાન શ્રી કૃષ્ણ અને રુક્ષ્મણીજીની જાન દ્વારકા આવી પહોંચી

## દ્વારકામાં ભગવાન શ્રી કૃષ્ણ-રુક્ષ્મણીજીની શોભાયાત્રાનું ભક્તો દ્વારા ઉમળકાભેર કરાયું સ્વાગત







તસવીર: રાકેશ સામાણી

દ્વારકા : માધવપુર ઘેડ મેળાના પાંચમા અને અંતિમ દિવસે ભગવાન શ્રી કૃષ્ણ અને રુક્ષ્મણીજીનો વિવાહ પ્રસંગ પૂર્ણ થતા દ્વારકા ખાતે ભગવાન શ્રી કૃષ્ણની જાન વાજતે ગાજતે આવી પહોંચી હતી જેને ઉમળકાભેર આવકારવા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું હતું જેમાં દ્વારકાના નગરજનો, સામાજિક સંસ્થાઓ વગેરેએ ઉત્સાહભેર સહભાગી થઈ ભગવાન શ્રી કૃષ્ણ તથા રુક્ષ્મણીજીનું ભાવભીનું સ્વાગત અભિવાદન કર્યું હતું.

માધવપુર ઘેડથી આવેલી ભગવાન શ્રી કૃષ્ણની જાનનું દ્વારાવતી મોક્ષદ્વાર (હાથી ગેટ) ખાતે આગમન થતાં જ આહિર સમાજ દ્વારા પરંપરાગત વિધિથી સામૈયું કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કિર્તી સ્તંભ ખાતે મોચી સમાજ, પ્રજાપતિ સમાજ અને સતવારા સમાજ દ્વારા આનંદ ઉલ્લાસ સાથે શોભાયાત્રાનું સ્વાગત કરાયું હતું. આ શોભાયાત્રા દ્વારકાધીશ મંદિર ખાતે પહોંચતા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા રથનું સ્વાગત કરવામાં આવ્યું હતું.બાદમાં ભગવાન શ્રી દ્વારકાધીશના દર્શન કર્યા હતાં.

આ શોભાયાત્રા જગત મંદિરથી જોધાભા માણેક ચોક ખાતે પહોંચી હતી જ્યાં વાઘેર સમાજ, ચારણ સમાજ અને સમસ્ત સાધુ સમાજ દ્વારા આવકારવામાં આવી હતી. તિનબતી ચોક ખાતે લુહાર સમાજ, દરજી સમાજ, ખારવા સમાજ, હોટેલ એસોશીએશન, શિવગંગા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તેમજ ભદ્રકાલી ચોકમાં રઘુવંશી સમાજ, ક્ષત્રિય સમાજ તેમજ ટ્રાવેલ્સ એસોશીએશન દ્વારા જયારે રબારી ગેટ ખાતે રબારી સમાજ, અનુસૂચિત જાતિ સમાજ અને વાલ્મિકી સમાજ દ્વારા રથને ઉમળકાભેર આવકાર આપવામાં આવ્યો હતો. ભગવાન શ્રી કૃષ્ણ અને રુક્ષ્મણીજીની શોભાયાત્રા રુક્ષ્મણીજી મંદિર ખાતે પહોંચતા મંદિરના પૂજારી અને પુરોહિતો દ્વારા મંત્રોચ્ચાર સાથે યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

શોભાયાત્રામાં ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ આર.આર.રાવલ, સહાયક નિયામક યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વીરેન્દ્ર પટેલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ઈન્ચાર્જ નિયામક પૃથ્વીરાજસિંહ ગોહિલ, પ્રાંત અધિકારી કે.કે.કરમટા, જિલ્લા યુવા વિકાસ અધિકારી પરબત હાથલીયા, તાલુકા વિકાસ અધિકારી ગૌરવ પરમાર, મામલતદાર સહિતના જોડાયા હતા.

# જામનગરના સ્વામી નારાયણ ટાઉનશીપમાં બે રહેણાંક મકાનને નિશાન બનાવતા તસ્કરો

## સોના-ચાંદીના દાગીના સહિત ૮૦ હજારની માલમતા ચોરી ગયા

જામનગર : જામનગરમાં સ્વામિનારાયણ ટાઉનશિપમાં આવેલા બે બંધ રહેણાંક મકાનને કોઈ તસ્કરોએ ગઈ રાત્રી દરમિયાન નિશાન બનાવી લીધા હતાં અને મકાનમાંથી ચાંદીના દાગીના, કપડા, અન્ય ચીજ વસ્તુઓ સહિત રૂપિયા ૮૦ હજારની માલમતા ની ચોરી કરી લઈ ગયા ની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે.

જામનગરમાં સ્વામિનારાયણ ટાઉનશીપ જીઆઈડીસી -૩ ની સામે રહેતા નરેન્દ્રસિંહ ગુલાબસિંહ જેઠવા ના મકાનમાં કોઈ તસ્કરો એ ગઈ રાત્રે ખાતર પાડ્યું હતું, અને ૩૦ નંગ સાડી, એક સૂટ કેસ એક લેડીઝ પર્સ, બે હજાર રૂપિયા રોકડા, ઈમીટેશન જવેલરી, ત્રાણ નંગ ઘડિયાળ તથા ચાંદીની પરચુરણ વસ્તુ વગેરે ચોરી ગયા હતા.

આ ઉપરાંત બાજુમાં જ આવેલા હેમેન્દ્રભાઈ વશરામભાઈ કણઝારીયા ના બંધ રહેણાક મકાનમાંથી પણ ૧૦,૦૦૦ રૂપિયા રોકડા અને ૩ હજાર રૂપિયાની ચાંદીની વસ્તુ, એક નંગ મોબાઈલ ફોન વગેરે માલમત્તાની ચોરી કરી ગયા હતા. જે ચોરીના બનાવ અંગે સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસ તંત્ર દોડતું થયું છે.

# ખંભાળિયાના પીર લાખાસર ગામે મકાનમાંથી અડધા લાખ ઉપરાંતની માલમત્તાની ચોરી

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક એવા ખંભાળિયા તાલુકાના પીર લાખાસર ગામે એક રહેણાંક મકાનમાં તસ્કરો ત્રાટકયા હતા અને તેઓ સોના–ચાંદીના ઘરેણાં તેમજ રોકડ મળી કુલ રૂા. ૫૫ હજારની મલમત્તા ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસમાં ઉઠવા પામી છે.

ખંભાળિયા તાલુકાના પીર લાખાસર ગામે રહેતા એક આસામીના રહેણાંક મકાનમાં ગત તારીખ ૧૯ મીના રોજ કોઈ તસ્કરોએ ત્રાટકી અને આ મકાનના તાળા તોડી, અનધિકૃત રીતે પ્રવેશ કર્યો હતો. આ મકાનમાં રાખવામાં આવેલા રૂપિયા ૫૧,૫૦૦ની કિંમતના સોના તથા ચાંદીના દાગીના તથા રૂપિયા ૩,૦૦૦ રોકડા મળી, કુલ રૂપિયા ૫૪,૫૦૦નો મુદ્દામાલ તસ્કરો ઉસેડી ગયા હોવાનું ખુલવા પામ્યું છે.

આ અંગે આ આસામીના ભાઈ ઈબ્રાહીમભાઈ જુમાભાઈ દેથા (ઉ.વ. ૪૫, રહે. પીર લાખાસર)ની ફરિયાદ પરથી ખંભાળિયા પોલીસે અજાણ્યા શખ્સો સામે આઈ.પી.સી. કલમ ૩૮૦ તથા ૪૫૭ મુજબ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. આઈ.આઈ. નોયડા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં ભગવાન મહાવીર સ્વામીના જન્મકલ્યાણક નિમિત્તે પેલેસ દેરાસરમાં સોના-ચાંદીના વરખની આંગી



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર :, જામનગરમાં ગઈકાલે ભગવાન મહાવીર સ્વામીના ૨૬૨૨ મા જન્મ દિવસ નિમિત્તે જૈન સમાજ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. અને પેલેસ દેરાસરમાં ભગવાન મહાવીર સ્વામીની સોના ચાંદીની ભવ્ય આંગી કરવામાં આવી હતી.

જામનગરમાં શ્રી પેલેસ જૈન સંઘમાં ઉતારા પછી જન્મ કલ્યાણકનું સંવદન કરાવતી જીનવાણી રથયાત્રા યોજાઈ હતી, જે વરઘોડા મા જૈન સાધુ સાધ્વીજીઓ,જૈન સમાજ નાં ભાઈઓ બહેનો બાળકો વગેરે જોડાયા હતા. ત્યારબાદ પેલેસ દેરાસરમાં ભગવાન મહાવીર સ્વામીની સોના ચાંદીની અને ફૂલોની ભવ્ય આંગી કરવામાં આવી હતી, તેમજ જૈન સમુદાય દ્વારા ભાવના કરવામાં આવી હતી.

ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણ નિમિત્તે ભગવાન મહાવીર સ્વામીના જન્મની આકર્ષક રંગોળી પણ બનાવાઈ હતી, જે નિહાળીને અનેક જૈન જૈનેતર ભાવવિભોર થયા હતા.